# આશીર્વાદ

વર્ષ ૩જુ · અંક ૧૧મો   સળંગ અંક ૩૫ · સપ્ટેમ્બર ૧૯૬૯




(બ્લૉક "શ્રી કનુ દેસાઇના સૌજન્યથી")

શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવમંદિરના સૌજન્યથી

# —: ૫૧ ઉપરાંત ગ્રાહક બનાવનાર સેવાભાવી પ્રતિનિધિઓ :—

### અમદાવાદ

શ્રી હરિવદન એસ. ભટ્ટ
૩૨, શ્રી ગંગામૈયા હા. સો.
ખોખરા મહેમદાવાદ ૮

શ્રી ચીમનલાલ છોટાલાલ કાચવા
પૂલનીચે, રીચીરોડ,

શ્રી બાલગોવિંદભાઈ છગનલાલ પટે
ગળનારાની પોળ, શાહપુર

નવીનચંદ્ર જે રાવલ
ડો.નીચાલી ખોખરા મહેમદાવાદ

શ્રી ગોવિંદભાઇ ચતુરભાઈ પટેલ
(પ્રાંતિયાવાલા) ખારીકૂઇ,
ખોખરા મહેમદવાદ ૮

શ્રી મુકુન્દરાય જે. જાની
પાવરહાઉસ, સાબરમતી,

શ્રી ભાલચંદ દશરથલાલ બારોટ
૩૦૨, હરિપુરા, અસારવા પાસે

શ્રી ઘનશ્યામચંદ્ર બદ્રીનાથ પંડયા
દોલતખાના, મોઢવાડો, સારંગપુર

શ્રી પ્રબોધ સી. મહેતા
લાખિયાની પોળ, ખાડિયા

શ્રી કેશવલાલ કાળીદાસ પટેલ
૪, રામઘર, બંધુ સમાજ સોસાય
ઉસ્માનપુરા

શ્રી નંદુભાઇ ભાઇશંકર ઠાકર
૬૪૪, ટોકરશાની પોળ, જમાલ

શ્રી ધનુભાઈ ડાહ્યાભાઇ દલવાડી
દરજીની વાડીપાસે, દોલતખાના
સારંગપુર

શ્રી વિઠ્ઠલભાઇ ના. પટેલ
[ ગૃહપાલ ]

શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી ભવ
એલીસબ્રીજ

શ્રી રસિકલાલ સોમનાથ ભટ્ટ
સીટીસિવિલ કોર્ટ, ભદ્ર

શ્રી હિરાલાલ આશાભાઇ અમીન
૨૧ વિજય કોલોની,
ઉસ્માન પુરા—૧૩

### કોલ્હાપુર

શ્રી હંસરાજ ગો. વૈદ
૧૭૮૪, રાજારામપૂરી,

### કલકત્તા

શ્રી ચંદ્રિકાબેન વી. રાવલ
૨૨, સ્કુલ રોડ, ભવાનીપુર

### ગોંદિયા

શ્રી જોઇતારામભાઇ
C/o. મોહનલાલ હરગોવિંદદાસની કું.

### ગોંડલ

શ્રી કાન્તિલાલ છગનલાલ શેઠ
નાની બજાર

### ગણદેવી

શ્રી છગનલાલ ગાંડાલાલ ભટ્ટ
દવે મહોલ્લા

શ્રી મનુભાઈ મથુરાદાસ ભટ્ટ
હવેલી સ્ટ્રીટ

### ગોધરા

શ્રી રતિલાલ દ્વારકાદાસ દેસાઇ
"ભગવદ" પરભારોડ

### જંબુસર

શ્રી જયંતિલાલ છોટાલાલ ચોકસી
હશીખુશી સ્ટોર્સ,

### ડભોઇ

શ્રી બિપિનચંદ્ર ગોવિંદલાલ
વસાઇવાળા, પુનિત સ્મૃતિ

### ધોળકા

શ્રી નારણદાસ પ્રેમચંદ ગાંધી
ધમક વાડી,

### જામનગર

શ્રી ગુણવંતપ્રસાદ પી. પરીખ
રણજીત માર્ગ

### બિલિમોરા

શ્રી રમણલાલ છોટાલાલ ચોકસી
શ્રીમહાદેવનગર, લોખંડવાળાની ઉપર

શ્રી ભગવાનદાસ ગુલાબભાઇ પંચાલ
હિન્દુ વ્યાયામ મંદિર સામે

શ્રી છગનલાલ કે. પંડયા
બિશનપુર, જમશેદપુર

### નડિયાદ

શ્રી શાંતાબેન ત્રીભોવનદાસ મીસ્ત્રી
વીઠ્ઠલ કન્યાવિદ્યાલય રોડ,

શ્રી રજનીકાન્ત ચોકસી
સિદુશીં પોળ,

### મુંબઇ

શ્રી ભગવાનદાસ કે. કાપડીયા
માનવ મંદિર, માનવ
મંદિર રોડ,

શ્રી અમરતલાલ દવે
માનવ મંદિર. માનવ મંદિર રોડ.

શ્રી શંકરલાલ હરગોવિંદદાસ પંડયા.
અન્નપૂર્ણા નિવાસ, ૨૯, ક્રોસ;
રોડ નં. ૨ વિલેપાર્લા

શ્રી ઉષાબહેન મ. ભૂખણવાલા
૩૯, બજાજ રોડ, વિલેપાર્લા

શ્રી રામશંકર ટી. જાની
જાની વિલા એસ્ટેટ, નેહરૂ રોડ,
વિલેપાર્લા

### મીણકચ્છ

શ્રી માધવભાઇ વલ્લભાઇ પટેલ

### ભરૂચ

શ્રી વલ્લભદાસ છોટાલાલ ચોકસી
સી/૩૧૧. શેઠ ફળીયા

### સોલા [ દસક્રોઇ ]

શ્રી ડાહ્યાભાઇ જગન્નાથ પુરાણી

### સુરત

શ્રી મોહનલાલ મગનલાલ જરીવાલા
ધીઆ શેરી, મહિધરપુરા—સુરત

શ્રી રણછોડદાસ વનમાળીદાસ
બરફીવાલા, બરાનપુરી ભાગોળ

શ્રી મનુભાઇ જી. યાજ્ઞિક
ડાંગશેરી, દિલ્હીગેટ

### વલસાડ

શ્રી જીતેન્દ્ર હીરાલાલ દેસાઇ
ક્વાટર ન. ૪૨૧ વેસ્ટ યાર્ડ

શ્રી કાન્તિલાલ રાવલ
રમેશ એન્ડ કંપની
સમર્થેશ્વર મહાદેવ પાસે

सत्यं शिवं सुन्दरम्

# આશીર્વાદ

सर्वे सुखिनः सन्तु

વર્ષ : ૩જું ] સંવત ૨૦૨૫ ભાદ્રપદ : ૧૫ સપ્ટેમ્બર ૧૯૬૯ [ અંક : ૧૧મો

સંસ્થાપક
દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ
કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ
એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

મુખ્ય કાર્યાલય
ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧
ફોન નં. ૫૩૪૭૫
શાખા-
માનવમંદિર
માનવમંદિર રોડ,
ત્રણ બત્તી, વાલકેશ્વર પાસે,
ફોન નં. ૩૬૯૩૦૪
મુંબઈ-૬

*

વાર્ષિક લવાજમ

ભારતમાં રૂ. ૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨-૦૦

## કર્મનું સાચું ફળ

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**

ભગવાને જીવને કર્મો કરવા માટે જગતની ભૂમિ ઉપર મૂક્યો છે; ફળો ભોગવવા માટે મૂક્યો નથી. અમુક ફળની પ્રાપ્તિ એ તો જગતમાં કર્મો કરવાના માર્ગ પર ચાલી રહેલા જીવને માટે ફક્ત એક થોડી વારના વિસામારૂપ છે.

કર્મોનું ફળ ભોગો પ્રાપ્ત થવા એ નથી. સાચી રીતે કર્મો કરવાથી જગતને જોવાની, સમજવાની દૃષ્ટિ જીવને પ્રાપ્ત થાય છે. નિશાળમાં વિદ્યાર્થીઓ ખંતપૂર્વક મહેનત કરીને ગણિતના દાખલા ગણતાં શીખે છે. દાખલો ગણવાનું ફળ ગણિતની ચોપડીનાં પાછળનાં પાનાંમાં આપ્યા પ્રમાણેનો તે દાખલાનો જવાબ આવી જાય એટલું જ નથી. સાચી રીતે દાખલા ગણવાથી ચોપડીમાંના અને બહારના બધી જાતના દાખલા સમજવાની અને ગણવાની બુદ્ધિ-શક્તિ બાળકમાં આવી જાય એ દાખલા ગણ્યાનું ફળ છે

કોઈ શિક્ષક બાળકોને દાખલાઓ ગણાવ્યા વિના પહેલેથી જ દાખલાઓના જવાબો બતાવી દે અને કહે કે તમારે દાખલાઓ ગણવાની માથાકૂટમાં પડવાની શી જરૂર છે? દાખલાઓ ગણવાની મહેનત કર્યા પછી તેના ફળરૂપે જે જવાબો આવે છે, તે આ જવાબો જ તમે લખી લો. તો એમ દાખલા ગણ્યા વિના મેળવેલા તૈયાર જવાબોથી વિદ્યાર્થીઓમાં જ્ઞાન કે ચેતન પ્રકટતું નથી. એ જ પ્રમાણે સાચી રીતે કર્મ કર્યા વિના ગમે તે રીતે મેળવી લેવાયેલાં ફળો ભોગવવાથી જીવમાં જ્ઞાન કે ચૈતન્યનો વિકાસ પ્રકટ થતો નથી.

ફળો મેળવવા માટે કર્મો કરવાનાં નથી. સુખ-ભોગના પદાર્થો પ્રાપ્ત થવા એ કર્મનું સાચું ફળ નથી. જીવનનો વિકાસ થવો, જગતના અથવા જીવનના નિયમો સમજવાની શક્તિ આવવી એ જ કર્મ કર્યાનું સાચું ફળ છે. એટલા માટે જ કર્મ કરવાનાં છે. એ માર્ગે જ નરમાંથી નારાયણ બને છે. ॐ

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | કર્મનું સાચું ફળ | ૐ | ૧ |
| ૨ | વિચારશક્તિને કદી કુંઠિત ન કરો | દાદા ધર્માધિકારી | ૩ |
| ૩ | જીવનની કેળવણી | શ્રી છગનલાલ ગાંધી | ૫ |
| ૪ | ભગવાનનું તત્ત્વ કેવા જીવનમાં પ્રકટ થાય છે? | શ્રી ડોંગરે મહારાજ | ૬ |
| ૫ | પ્રતિદાન | — | ૯ |
| ૬ | બહેન | શ્રી રવીન્દ્રનાથ ટાગોર | ૧૦ |
| ૭ | કાર્યકારણ | — | ૧૬ |
| ૮ | મહારાજની વાતો | શ્રી રવિશંકર મહારાજ | ૧૭ |
| ૯ | મૃદુ છતાં કઠોર–સરિતાનાં નીર | — | ૧૮ |
| ૧૦ | સતી અથવા પાર્વતી | શ્રી 'વિનાયક' | ૧૯ |
| ૧૧ | "મા" | શ્રી ઉપેન્દ્રનાથ "અશ્ક" | ૨૫ |
| ૧૨ | કોલસો | શ્રી ચન્દ્રપ્રભસાગર 'ચિત્રભાનુ' | ૩૦ |
| ૧૩ | ગુરુદેવ નાનક | શ્રી 'કલ્યાણચંદ્ર' | ૩૧ |
| ૧૪ | રત્નમાલા | — | ૩૫ |
| ૧૫ | જીવનમાં નિયમપાલન | શ્રી કુબેરદાસ હરગોવિંદદાસ ઈનામદાર | ૩૬ |
| ૧૬ | સંત કવિઓની અમર વાણી | — | ૩૭ |
| ૧૭ | 'આશીર્વાદ'ના સ્નેહીઓને | — | ૩૮ |


ઈશ્વરે માણસને અન્ન માટે શ્રમ કરવા નિર્માણ કર્યો અને કહ્યું કે જેઓ શ્રમ કર્યા વિના ખાય છે તેઓ ચોર છે.

—ગાંધીજી

*

જીવનનો અંત એ મૃત્યુ નથી પણ પ્રયત્નનો અંત એ મૃત્યુ છે. —આઈઝેનહોવર


માલિક : શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવ મંદિર વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ.

મુદ્રક : જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર, ડબગરવાડ, અમદાવાદ–૧.

# વિચારશક્તિને કદી કુંઠિત ન કરો

**દાદા ધર્માધિકારી**

માણસની સ્વાભાવિક ઇચ્છા સાથે રહેવાની છે, પણ અમુક વસ્તુઓ તે ઇચ્છાની આડે આવે છે. માણસો એકબીજાની સાથે સંપીને રહે તેમાં કેટલીક વસ્તુ બાધક નીવડે છે. આવી રુકાવટો કઈ કઈ છે, તે જરા તપાસીએ.

દુનિયામાં આજે સંઘર્ષ સ્ત્રી માટે કે સંપત્તિ માટે, રાજ્ય માટે કે જમીન માટે નથી ચાલતો. રામ–રાવણ વચ્ચે યુદ્ધ થયું સીતા માટે. મહાભારતનું યુદ્ધ થયું દ્રૌપદી માટે. ક્લીઓપેટ્રાનું નાક જરાક નાનું હોત, તો આખોયે ઇતિહાસ બદલાઈ જાત. પણ આવો કોઈ સંઘર્ષ આજે નથી ચાલતો. આજે તો સંઘર્ષ મનુષ્યનાં મનમગજ બદલાવવા માટે ચાલી રહ્યો છે. વિજ્ઞાનયુગમાં કોઈ ભૌતિક સમસ્યા રહી નથી. આજની સમસ્યા એ સાંસ્કૃતિક સમસ્યા છે. આજનો સંઘર્ષ વિચારસરણીઓનો છે. ગ્રંથ તેમ જ ગુરુથી વિચાર સીમિત થઈ જાય છે, અને સંપ્રદાય બને છે. પછી એ સંપ્રદાયો વચ્ચે ઝઘડા ચાલે છે. વિયેતનામમાં કયા વિચારનું પ્રભુત્વ રહે એ માટે યુદ્ધ લડાઈ રહ્યું છે. ચેકોસ્લોવાકિયા અને યુગોસ્લાવિયાનો રશિયા સાથેનો જે સંઘર્ષ છે, તે વિચારસરણીનો સંઘર્ષ છે.

એક સિનેમા જોવા ગયેલો. તેમાં આવ્યું, cleanliness is Godliness—સફાઈમાં ખુદાઈ છે. પછી સફાઈ વિષે દસેક લીટી આવી, અને ખુદાઈ વિષે દસેક લીટી આવી. અને એ બધાને અંતે એમ આવ્યું કે એટલા માટે સનલાઇટ સાબુ ખરીદો! આજે હાલત આવી છે! જુદા જુદા માણસ જુદા જુદા નુસખા લઈને આવે છે, જાણે ઉપાયો બતાવનારાઓનું એક બજાર ઊભું થઈ ગયું છે! હું કોઈ વિચાર વેચવા નથી આવ્યો. જે દિવસ ગાંધીવિચાર વેચાશે, તે દિવસ ગાંધી ત્યાંથી સમાપ્ત થઈ જશે.

ગીતા ઉપર ગાંધીએ લખ્યું, તિલકે લખ્યું, અરવિંદે લખ્યું. આ અલગ અલગ ભાષ્ય એટલા માટે થયાં કે દરેકનો વિચાર સ્વતંત્ર હતો. You cannot put one man's head on another man's shoulder—તમે એક માણસનું માથું બીજા માણસના ધડ ઉપર ન મૂકી શકો. બધાનાં માથાં એકસરખાં કરી નાખવાનો પ્રયત્ન એ મનુષ્યતાની હાનિ કરનારી સૌથી મોટી ચીજ છે.

વિચારશક્તિ સ્વતંત્ર રહે એ સૌથી મહત્ત્વની વાત છે. આપણે આપણી આ વિચાર–સ્વતંત્રતા ગાંધીને કે બુદ્ધને, ઈશુને કે મહમ્મદને, કોઈનેય વેચવા માગતા નથી. ગાંધી પાસેથી શીખવાનું હોય તો એ છે કે સામાન્ય માનવી પણ પોતાની આ સ્વતંત્રતા કાયમ રાખી શકે છે. બુદ્ધિ અને વિચારમાં કોઈ નેતા નથી, કોઈ ગુરુ નથી. વિચાર તો દરેકનો પોતાનો હોય. ગાંધી કે વિનોબા, કોઈનીયે પાસેથી વિચાર ઉછીનો લઈ શકાય નહીં.

પરંતુ આજે તો પ્રશ્ન પણ ઉધાર અને ઉત્તર પણ ઉધાર લેવાય છે. અને પ્રશ્નોત્તરીનાં પુસ્તકો બની ગયાં છે! મૅથેમૅટિક્સ મેઇડ ઈઝી, ફિલૉસૉફી મેઇડ ઈઝી. જાતજાતની ગાઇડો નીકળી છે. પણ જીવનની કોઈ માર્ગદર્શિકા ન બનાવી શકાય. કારણ જીવનમાં કોઈ પૂર્વનિશ્ચિત માર્ગ નથી. જીવન એ જીવન છે. જીવનમાં નવી નવી કેડીઓ, નવા નવા માર્ગો આવે છે. તેની ખોજ કરવાની છે. આ વસ્તુ મન-હૃદયથી સમજી લેવી અત્યંત આવશ્યક છે. માનવીના મન-મગજને મુક્ત કરવું છે, સ્વતંત્ર કરવું છે. આજના જમાનાની આ માંગ છે. એના વગર હવે આગળ પગલું નહીં ભરાય. આજ સુધી શું થયું? મન-મગજને ભરવાનું કામ થયું. બસ, દિમાગને એવી વસ્તુઓથી ભરી દો કે ચિત્ત બિલકુલ નિ:શંક થઈ જાય. પછી કોઈ પ્રશ્ન જ ન રહે. નાનકો દીકરો માને પૂછે છે કે મા, આ ચંદ્ર આજે અરધો કેમ દેખાય છે? મા કહે છે કે આજે ગ્રહણ છે. ગ્રહણ એટલે શું? મા આગળ બીજો પ્રશ્ન આવ્યો. રાહુ ચંદ્રને થોડોક ખાઈ ગયો છે. રાહુ કોણ છે? મા જવાબ આપે છે, રાહુ રાક્ષસ છે. બસ, વાત પૂરી થઈ ગઈ. હવે કોઈ પ્રશ્ન કે શંકા નહીં જ નહીં.

---

ચિત્ત શુદ્ધ થયેલું ત્યારે જ ગણાય કે જ્યારે એમાં પરાયી પીડાની વેદના પોતાની જ પીડા જેવી અનુભવાય.

જે તત્ત્વજ્ઞાન માણસને નિઃશંક બનાવી મૂકે છે, એ મૃત છે, એ તત્ત્વજ્ઞાન જ નથી. આ રીત તો એની બુદ્ધિને કુંઠિત કરી નાખે છે, મારી નાખે છે. આજે જરૂર છે જિજ્ઞાસુ ભાવની. પ્રશ્નનો કદીયે અંત ન આવવો જોઈએ.

ગાંધીની કોઈ વિશેષતા હોય તો એ હતી કે એણે કોઈ ગ્રંથને, ગુરુને, સંસ્થાને પ્રમાણ ન માન્યાં. ગોખલેને ગુરુ કહ્યા, પણ ગોખલેને રસ્તે ન ગયા. દાદાભાઈ, તિલક, બધાને મહાપુરુષ માન્યા, પણ કોઈની પાછળ ન ગયા. ગીતા ઉપનિષદ, બાઈબલ, તોલ્સ્તોય, થોરો, રસ્કિન, બધાને માન્યા પણ કોઈની પાછળ એ ન ગયા. જે પાછળ પાછળ જાય છે એ નકલી માણસ બને છે, અસલી નથી રહેતો. ગાંધી સત્યનિષ્ઠ હતો. સત્યનિષ્ઠાનું એ લક્ષણ છે કે એ કોઈ વ્યક્તિની, સંસ્થાની કે ગ્રંથની પાછળ નથી જતી. ગાંધીએ કહ્યું કે જઈશ તો સત્યની પાછળ જ જઈશ. એ એની વિશેષતા હતી. એટલા માટે મેં એને બહુ મોટો માણસ માન્યો છે. એક અખંડ ઇન્સાન, જે સત્ય સિવાય બીજા કોઈની પાછળ ચાલ્યો નથી. ગાંધી નકલી ઈશુ બની ગયો હોત, તો શું થાત? એ ખભે ઘેટું લઈને ઈશુની જેમ ચાલ્યો હોત. માણસે માણસની નકલ ન કરવી જોઈએ. નાનામાં નાનો પણ અસલી મનુષ્ય મોટામાં મોટા નકલી માણસ કરતાં મહાન છે. આ વસ્તુ આપણે સમજવાની છે. એ નહીં સમજીએ, તો આજે ભિન્ન ભિન્ન વિચારપ્રવાહોથી દિલ-દિમાગને ભરી દેવાનું કામ ચાલે છે, તેમાં ઘસડાઈ જઈશું.

જુદા જુદા પક્ષો વિદ્યાર્થીઓ આગળ પહોંચી જાય છે. અને એમને પોતાના વાદ ને વિચાર ભણી ખેંચવા સતત પ્રયત્ન કરે છે. એટલે વિદ્યાર્થીઓને, યુવકોને હું ખૂબ નમ્રતા સાથે પણ આગ્રહપૂર્વક કહેવા માગું છું કે તમે તમારા દિલ દિમાગ ખાલી ન રાખશો, ખુલ્લાં રાખજો, મુક્ત રાખજો.

*

---

**માણસમાં ગમે તેટલા દોષો, નીચતા કે અધમતા હોય, પણ એથી સજ્જન દ્વારા કદી તે અપમાન અથવા તિરસ્કારને પાત્ર બનતો નથી, પણ કેવળ તે દયા ખાવાને પાત્ર હોય છે.**

---

ધોબીની અને એકબે બીજા ભાઈઓની પ્રામાણિક મદદથી અકબંધ પાકીટ હું મેળવી શક્યો. ખરી હકીકત જણાવી તથા અંદરની વસ્તુઓનું વર્ણન કરી મેં એ પ્રામાણિક ભાઈને સંતોષ્યા.

જગતમાંથી પ્રામાણિકતા નાબૂદ નથી થઈ, તેનો સાચો દાખલો મળ્યો. કેટલાંક માણસો માત્ર મન સુધી પહોંચે છે, કેટલાંક હૃદય સુધી પણ પહોંચે છે. અને આમ હૃદય સુધી પહોંચનાર માણસોની જ સમાજમાં ખરી જરૂર છે.

એક ધોબી ભાઈએ કહ્યું: "અમે તો કપડાંમાં કોઈની વસ્તુ આવે કે તુરત તેના માલિકને આપી દઈએ. એક વખત એક શેઠના છપ્પનઈંચિયા લાંબા કોટમાં રૂપિયા છસોની નોટો જોવામાં આવી. તુરત જઈને શેઠને આપી આવ્યો. શેઠે નોટો ગણી તુરત ગજવામાં મૂકી દીધી. ન તો મારો આભાર માન્યો, ન તો બે-પાંચની બક્ષિસ...'

આવા પણ માણસો આ દુનિયામાં હોય છે ખરા. વિવેક અને વિચારથી હીન! પણ દુનિયાને તો પ્રમાણિક માણસો જ આગળ ધપાવે છે, અપ્રામાણિક કદી નહીં, એ સત્ય આ પરથી મને જડ્યું.

—"દિવ્યેન્દ્ર"

# જીવનની કેળવણી

શ્રી છગનલાલ ગાંધી

પૂ. ગાંધીજીના સહવાસે ઘણું શીખવા મળ્યું. તેમાં પહેલું એ શીખ્યો કે ભણેલા અને અભણ વચ્ચે આપણે જે ભેદ કરીએ છીએ તે બરાબર નથી. નહીં ભણેલામાં કેટલાક ગુણો એવા હોય છે જે ભણેલાઓમાં જોવા નથી મળતા. રામજી કાંઈ બહુ ભણેલો નહીં કે તેમનાં વહુ ગંગાબહેન કાંઈ ભણેલાં નહીં, પણ તેમની કામ કરવાની શક્તિમાં અમે કોઈ તેમને પહોંચી શકીએ નહીં. તેથી આપણે એમ માનીએ કે ભણેલા માણસો જ કામ કરી શકે તો તે બરાબર નથી.

શિક્ષણમાં પણ બાપુની દૃષ્ટિ અભણ માણસને ધ્યાનમાં રાખતી. બાપુ એક વર્ષ આશ્રમમાં રહ્યા હતા. તે વખતે પ્રાર્થના પછી ભક્તરાજની કથા રોજ થોડી વંચાતા અને અડધો કલાક વિવેચન કરતા. પ્રાર્થના થતી શાળામાં, પણ તે પ્રાર્થનામાં આશ્રમના બધા જ સામેલ થતા. ગાંધીજી પ્રવચન આપતા ત્યારે નાના વિદ્યાર્થી સમજે છે કે નહિ એ ખ્યાલમાં રાખતા. અને તે જ એમના પ્રવચનની કસોટી એમ તેઓ કહેતા. બહેનોની પ્રાર્થના જુદી થતી. તેમાં પણ એ જ દૃષ્ટિ રાખી પ્રવચન કરતા. અને બહેનોના વર્ગો ચલાવ્યા ત્યારે પણ ડાહીબહેન કરીને એક બહેન હતાં, તેને પૂછતા કે સમજાયું કે નહીં.

એમના સાંનિધ્યમાં શ્રમનું મહત્ત્વ સમજવા મળ્યું. પહેલાં બધાનાં રસોડાં જુદાં હતાં. પછી આશ્રમનું એક રસોડું થયું ત્યારથી બધાએ જ, ભાઈઓ હોય કે બહેનો હોય, રસોડાનાં કામ કરવાનું રહેતું. બહેનો રસોઈ કરતી અને પીરસતી, અને વધારે શ્રમનું કાર્ય—પાણી ભરવાનું અને મોટાં વાસણ માંજવાનાં વગેરે કામ ભાઈઓ કરતા. બધાએ એક કલાક આપવાનો રહેતો અને તે બાપુ પણ આપતા. કામ કરતા જાય અને વાતો સાંભળતા જાય. મહાદેવભાઈ તો હસતા કે બહેનોનો જન્મ લેવો હોય તો આશ્રમમાં જ લેવો એટલે છૂટ બધી મળે અને કામેય હળવું મળે.

જેવું રસોડાનું કામ તેવું સફાઈનું કામ. પહેલાં આશ્રમ વિભાગમાં ઘરદીઠ એક રૂપિયો આપી સફાઈનું કામ ભંગી પાસે કરાવતા. પણ બાપુને તો ખરું શિક્ષણ આપવું હતું. કોઈ પણ કામ હલકું ન ગણાય તે વાત મુખ્ય. વળી, ભંગીની રોજી પણ લઈ લેવી નહીં, તેથી એવું વિચાર્યું કે શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળીને સફાઈનું કામ કરે, અને એટલો વખત ભંગીએ બેસીને કાંતવાનું. એને કાંતવાનું ફાવતું તો નહીં પણ કાંતવાનું તેણે ચાલુ રાખ્યું. ધીરે ધીરે બહેનો પણ સફાઈ-કામમાં જોડાઈ અને એમ બધાને એ કામની તાલીમ મળી ગઈ. પછી તો કોઈ વાર શિક્ષકો રોકાયેલા હોય તો વિદ્યાર્થી એકલા જઈનેય સફાઈકામ કરી આવતા.

બીજું શીખવાનું હતું સમયની કીમત. દરેક કામ સમયસર કરવાનો આગ્રહ પોતાને માટે તેમ જ બીજા માટે પણ બાપુ રાખતા. પોતે મોડા ન થાય તેની કાળજી રાખતા અને બીજા મોડા થાય તે સહન ન કરી શકતા. તેઓ તે વખતે વિદ્યા-પીઠમાં બાઇબલના વર્ગો લેતા. એક દિવસ મોડું થઈ ગયું તો સાઇકલ પર બેસીને વિદ્યાપીઠ ગયા. આશ્રમમાં પણ દરેક કામ વખતસર કરતા. હૃદય-કુંજથી આ મને આ છેડે રસોડે તેમને આવવું પડતું. ઘંટ વાગે એટલે છોકરાંઓની જોડે તેઓ પણ દોડતા આવતા. અને છતાંયે જો રસોડાનું બારણું બંધ થઈ જાય તો ઉઘડાવીને કદી અંદર ન જતા. બીજા ઘંટે બારણું ખૂલે ત્યારે જ અંદર જતા.

આશ્રમના નિયમિત કાર્યમાં કોઈનાયે લગ્ન કે મરણથી ફેર ના પડવો જોઈએ તેવો તેમનો આગ્રહ. એવા પ્રસંગો તો આશ્રમમાં આવ્યા કરે. જેને જોડાવાનું હોય તેટલા જ એ કાર્યમાં જોડાય. અથવા બાપુ રજા આપે તેટલા જ હાજર રહે. સંસ્થાનું કામ તો ચાલ્યા જ કરે. તેમાં ફેર ના થાય. સાંજની પ્રાર્થનામાં વરવધૂ હાજર રહે અને બાપુ પ્રસંગો-ચિત ઉદ્બોધન કરતા.

# ભગવાનનું તત્ત્વ કેવા જીવનમાં પ્રકટ થાય છે?

શ્રી ડોંગરે મહારાજ

**सबसे ऊंची प्रेमसगाई ।**
**दुर्योधनको मेवा त्यागो, साग विदुरघर पाई ।**
**जूठे फल शबरीके खाये, बहुविधि प्रेम लगाई ॥**
**प्रेमके बस नृपसेवा कीन्ही आप बने हरि नाई ॥**
**राजसुयज्ञ युधिष्ठिर कीनो तामें जूठ उठाई ॥**
**प्रेमके बस अर्जुनरथ हांक्यो भूल गये ठकुराई ॥**
**ऐसी प्रीति बढी वृन्दावन गोपीन नाच नचाई ॥**
**सूर क्रूर इस लायक नाहीं कहं लगी करुं बडाई ॥**

શુકદેવજી કહે છે : હે પરીક્ષિત, પ્રભુ પ્રેમને વશ છે, તે મેં તને કહ્યું.

હે રાજન્ મનને સંગનો રંગ લાગે છે. મનુષ્ય જન્મથી બગડેલો હોતો નથી. મનુષ્ય જન્મથી શુદ્ધ હોય છે. મોટો થયા પછી જેવા સંગમાં આવે તેવો બને છે. સત્સંગથી જીવન સુધરે છે, કુસંગથી જીવન બગડે છે.

વિચાર કરો : બાળકનો જન્મ થાય છે ત્યારે તેને કોઈ વ્યસન હોતું નથી. તેને કોઈ ટેવ હોતી નથી. બાળકમાં અભિમાન હોતું નથી. કોઈ પણ દોષ હોતો નથી. એ બાળક મોટો થયા પછી જેના સંગમાં આવ્યો એવો એ બન્યો છે. તે છીંકણી સૂંઘનાર સાથે રહેવા લાગ્યો ત્યારથી છીંકણી સૂંઘવા લાગ્યો. સારા સંગથી જીવન સુધરે છે. કુસંગથી જીવન બગડે છે. આંબાની આસપાસ બાવળ વાવશો તો આંબો ફળશે નહિ. મન ઉપર સંગની અસર થાય છે. વિલાસીનો સંગ હશે તો મનુષ્ય વિલાસી થશે. વૈરાગ્યવાળાના રંગમાં રહે તો વૈરાગ્યવાળો બને. બીજું બધું બગડે તો બગડવા દેજો, પણ આ મન-બુદ્ધિને બગડવા દેશો નહિ. એક વાર કાળજાને પડેલો ડાઘ ત્રણચાર જન્મે પણ જશે નહિ.

સંગનો રંગ મનને જરૂર લાગે છે. જેઓ આપણા કરતાં જ્ઞાનમાં, સદાચરણમાં, ભક્તિમાં, વૈરાગ્યમાં આગળ હોય તેવા મહાપુરુષોનો આદર્શ દૃષ્ટિ આગળ રાખવો જોઈએ. રોજ ઇચ્છા કરવી કે ભગવાન શંકરાચાર્ય જેવું જ્ઞાન, મહાપ્રભુજી જેવી ભક્તિ અને શુકદેવજી જેવો વૈરાગ્ય મને પ્રાપ્ત થાય. પ્રાતઃકાળમાં ઋષિઓને યાદ કરવાથી તેમના ગુણો આપણામાં ઊતરી આવે છે. દરેક ગોત્રના મૂળ પુરુષ ઋષિ હોય છે. આ ઋષિને પણ રોજ યાદ કરવાના હોય છે. આજે તો પોતાના ગોત્રનો પણ કોઈને ખ્યાલ નથી. રોજ પોતાના ગોત્રના ઋષિને યાદ કરવા જોઈએ. રોજ પૂર્વજોને વંદન કરવું જોઈએ. મારે ઋષિ જેવું જીવન ગાળવું છે, ઋષિ થવું છે, પણ વિલાસી થવું નથી, એવો સંકલ્પ કરીને એ પ્રમાણે વર્તો. રામ પણ રોજ વસિષ્ઠને માન આપે છે, વંદન કરે છે. સંગની અસર ખૂબ લાગે છે. ચોરી અને વ્યભિચાર બંનેને મહાપાપ ગણ્યાં છે. આવાં પાપ સગો ભાઈ કરે તો તેનો સંગ પણ છોડી દેજો. કોઈ જીવનો તિરસ્કાર કરવાનો નથી, પણ તેનામાં રહેલા પાપનો તિરસ્કાર કરવાનો છે. વિદુરજીને એવું લાગ્યું કે ધૃતરાષ્ટ્રનો કુસંગ મારી ભક્તિમાં વિઘ્ન કરશે, ધૃતરાષ્ટ્રના સંગમાં રહીશ તો મારું જીવન બગડશે, તેથી વિદુરજી ઘરનો ત્યાગ કરી ગંગાકિનારે આવી પોતાનાં શુદ્ધ કર્તવ્યો કરવામાં જીવન ગાળે છે. તાંદળજાની ભાજી ખાઈને રહેવામાં પણ સંતોષ માને છે. ઇંદ્રિયોના ભોગોમાં ફસાયેલો હોય તે શુદ્ધ કર્તવ્યને આચરી શકતો નથી. શુદ્ધ કર્તવ્યના આચરણમાં ઇંદ્રિયોના ભોગો પ્રાપ્ત કરવાનો હેતુ હોતો નથી, પણ જગતનાં પ્રાણીઓની સેવા કરવાનો હેતુ હોય છે. જગતનાં પ્રાણીઓની સેવા એ જ ભગવાનની ભક્તિ છે અને તેમાંથી જ સાચું જ્ઞાન પ્રકટે છે. ઇંદ્રિયોમાં ફસાયેલો મનુષ્ય ભક્તિ અને જ્ઞાન શું સિદ્ધ કરવાનો હતો? નિરંતર ઇંદ્રિયોને રાજી રાખવા માટે આહાર કરવાનો નથી, પણ અંતકાળ સુધી ઇંદ્રિયો સાજી રહે તેવો આહાર કરવાનો છે. ધૃતરાષ્ટ્રે વિદુર માટે ઘણું મોકલ્યું

---

પરાયી પીડાને નિવારવા માટે માણસ તન-મન-ધનથી સક્રિય બને એ જ જીવન શુદ્ધ બન્યાનું લક્ષણ છે.

છે, પણ વિદુરે તેનો સ્વીકાર કર્યો નથી. પાપીના ઘરનું ખવાય નહિ. જેવું અન્ન તેવું મન થાય છે. પાપીનું અન્ન જીવનની શુદ્ધિમાં અવરોધ કરે છે.

ભગવાન કૃપા કરે છે ત્યારે સંપત્તિ આપતા નથી પણ સાચા સંતનો સત્સંગ આપે છે. સત્સંગ ઈશ્વરની કૃપા હોય ત્યારે મળે છે, પણ કુસંગમાં ન રહેવું તે તો આપણા હાથની વાત છે. કુસંગનો અર્થ છે પાપીનો સંગ, કામીનો સંગ. સંગનો રંગ લાગે છે. એટલે તો વિદુરજી ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનનો ત્યાગ કરી તીર્થયાત્રા કરવા ગયા છે.

ઈશ્વરને માટે, પ્રાણીઓની સેવાને માટે લૌકિક સુખનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે જીવ માટે પ્રભુને દયા આવતી નથી. વિદુરજી અને તેમનાં પત્ની સુલભા સર્વનો ત્યાગ કરીને શુદ્ધ કર્તવ્યો દ્વારા પરમેશ્વરનું આરાધન કરે છે, તપ કરે છે. પ્રાણીઓની સેવા કરતાં થતી તકલીફ અથવા કષ્ટ સહન કરવું એનું જ નામ તપ છે. તપ કરવાથી પાપ બળે છે. ચિત્તની અશુદ્ધિ ટળે છે. ચિત્ત શુદ્ધ થયેલું ત્યારે જ ગણાય કે જ્યારે એમાં પરાઈ પીડાની વેદના પોતાની જ પીડા જેવી અનુભવાય છે.

પરાઈ પીડાને નિવારવા માટે માણસ તન–મન–ધનથી સક્રિય બને એ જ જીવન શુદ્ધ બન્યાનું લક્ષણ છે. જે કાર્ય કરો તે પોતાની ઇંદ્રિયોના આનંદ માટે નહિ, પણ જનતારૂપી પ્રભુને માટે જ કરો. એ જ સાચું તપ છે. જેનાથી કોઈ પણ પ્રાણીનું હિત ન થાય એવું તપ એ વ્યર્થ દેહદમન જ છે. તપનું પહેલું અંગ છે જીભ ઉપર અંકુશ. જેને જરૂરિયાત વધારે છે તે તપ કરી શકશે નહિ. આજકાલ લોકો જરૂરિયાતો બહુ વધારે છે. પરિણામ એ આવે છે કે સંપત્તિ અને સમયનો વ્યય ઇંદ્રિયોને લાડ લડાવવામાં થાય છે. મનુષ્ય પોતાના જીવનને શુદ્ધ બનાવતો નથી અને ખોટી વાતો કરે છે કે મને ભગવાનનો અનુભવ થતો નથી, મને ભગવાન દેખાતા નથી. અશુદ્ધ જીવનવાળાઓ માટે ભગવાન સુલભ નથી પણ દુર્લભ છે. વિદુર જેવા શુદ્ધ જીવનવાળાઓ માટે ભગવાન સુલભ છે. જેનાથી ભગવાનની પ્રાપ્તિ થાય એવી વૃત્તિ તે સુલભા છે. વિદુરની પત્ની પણ એવાં જ છે. ભગવત્પ્રાપ્તિ માટે તેમને સદા અનુકૂળ થઈને રહ્યાં છે. વિદુરજીએ પરમાત્મા માટે ખૂબ તપશ્ચર્યા કરી છે. ભગવાનને દયા આવી કે વિદુરે મારા માટે કેટલો ત્યાગ કર્યો છે! તેથી વગર આમંત્રણે પરમાત્મા તેમને ઘેર આવ્યા છે. વિદુરજીનો પ્રેમ એવો છે કે પરમાત્માને પણ તેમની પાસે માગવાની ઇચ્છા થઈ. ભગવાનને માગવાની ઇચ્છા થાય ત્યારે સમજવું કે આપણી ભક્તિ સાચી છે. જ્યાં પ્રેમ હોય ત્યાં માગીને ખાવાની ઇચ્છા થાય છે. પ્રેમ ન હોય ત્યાં આપે તોપણ ખાવાની ઇચ્છા થતી નથી. પરમાત્મા પ્રેમ આગળ પરતંત્ર બને છે. ઈશ્વર સાથે જેને પ્રેમ કરવો છે, તેણે જગતના પદાર્થોમાં આસક્તિ રાખવી ન જોઈએ. જગતના પદાર્થો સાથે વ્યવહાર કરવો, પરંતુ પદાર્થોમાં કે વ્યવહારમાં આસક્તિ ન રાખવી. જગતનો તિરસ્કાર ન કરવો તેમ તેમાં બહુ આસક્ત પણ ન થઈ જવું. જગતના પદાર્થોમાંથી જેમ જેમ આસક્તિ છૂટતી જાય છે તેમ તેમ જગતમાં કામ કરી રહેલા ઈશ્વરના નિયમો સમજાવા લાગે છે. ઈશ્વરનું મૂળ સ્વરૂપ જોઈ શકાય તેવું નથી, પણ ઈશ્વરના નિયમોની સમજણ દ્વારા એ ઈશ્વરના સ્વરૂપનો બોધ થઈ શકે છે.

વિદુરજીને ત્યાં પરમાત્મા પધાર્યા છે. સુલભાની ભાવના સફળ થઈ છે. ઠાકોરજીએ તેની ભાજી આરોગી છે. ભગવાન આમંત્રણ આપવાથી કે માગણી કરવાથી આપણે ઘેર આવતા નથી, પણ જીવન એવું શુદ્ધ બનાવીએ કે ભગવાન આપોઆપ તેમાં પધારે. શુદ્ધ જીવનમાં આપોઆપ ભગવાનનો પ્રકાશ પ્રકટ થાય છે.

પ્રભુએ ધૃતરાષ્ટ્રના ઘરનું પાણી પણ પીધું નથી. એથી કૌરવોનો વિનાશ થશે. શુકદેવજી પરીક્ષિતને કહે છે: હવે હું તને આગળની કથા સંભળાવું છું. દુર્યોધને પાંડવોનું રાજ્ય હરી લીધું. પાંડવોને વનવાસ મળ્યો છે. વનવાસમાંથી આવ્યા પછી યુધિષ્ઠિરે રાજ્યભાગ માગ્યો, પણ ધૃતરાષ્ટ્રે તે આપ્યો નહિ. ભગવાન શ્રીકૃષ્ણ વિષ્ટિ કરાવવા આવ્યા. પણ દુર્યોધને તેમનું કહેલું માન્યું નહિ. પછી સલાહ માટે વિદુરજીને

---

બીજાનાં દુ:ખો જોઈને ચિત્તમાં અરેરાટી ન થાય, તો સમજવું કે આપણું ચિત્ત એટલું અશુદ્ધ છે.

બોલાવવામાં આવ્યા. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપી સમજાવવા પ્રયત્ન કર્યો, પણ ધૃતરાષ્ટ્ર તેમનું માનતા નથી. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને આપેલો આ ઉપદેશ વિદુરનીતિના નામથી ખૂબ પ્રસિદ્ધ છે.

રાજ્ય અથવા રાષ્ટ્ર જેનું પોતાનું નથી પણ જેણે હડપ કર્યું છે, જેણે બીજાનું પચાવી પાડ્યું છે, તે ધૃતરાષ્ટ્ર. જેની આંખમાં બીજાનું લઈ લેવાનો લોભ છે તે આંખ હોવા છતાં આંધળો થઈ જાય છે. પાપી પુત્ર સાથે પ્રેમ કરનારો અને પાપમાં એની હાએ હા કરનારો બાપ એ ધૃતરાષ્ટ્ર છે. પહેલાં તો એક ધૃતરાષ્ટ્ર હતો, પણ આજકાલ તો ધૃતરાષ્ટ્રો બહુ વધી પડ્યા છે.

વિદુરજી ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યા : દુર્યોધન પાપી છે, દુર્યોધન તારો પુત્ર નથી, પણ તારું પાપ જ પુત્ર તરીકે આવ્યું છે. ઘણી વાર પાપ જ પુત્રરૂપે આવે છે અને ત્રાસ આપે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે દીકરો દુરાચારી હોય તો માબાપની દુર્ગતિ કરે છે. સદાચારી પુત્ર માબાપની સદ્ગતિ કરે છે. પુત્ર દુરાચારી હોય તો તેનો સંગ છોડી દેવો. માનવું કે આ મારો પુત્ર નથી, મારું પાપ પુત્રરૂપે આવ્યું છે. નાના બાળકને પાપની બીક બતાવીએ તો એ ખરાબ કામથી અટકી જશે, પણ બાળક એક વાર પાપ કરતાં શીખી ગયો, પછી તે એમાં રીઢો થઈ જશે. આજકાલના યુવાનો પાપની બીક રાખતા નથી, પરિણામે માર ખાય છે વિદુર કહે છે : હે ધૃતરાષ્ટ્ર, દુર્યોધન દુરાચારી છે. એ તમારા વંશનો વિનાશ કરવા આવ્યો છે.

ચોરી અને વ્યભિચારને મહાપાપ માન્યાં છે. તે ક્ષમ્ય નથી. બીજાં પાપો ક્ષમ્ય છે. કેટલાક ચોર જેલમાં રહે છે જ્યારે કેટલાક ચોર મહેલમાં રહે છે. જે વગર મહેનતે બીજાનું પચાવી જાય તે ચોર. જેનું છે તેને આપ્યા વિના ખાય તે ચોર, કોઈનું મફતનું ખાશો નહિ. વગર મહેનતનું જે ખાય તે ચોર છે. સારી સ્થિતિ હોવા છતાં જે અતિથિ-સત્કાર કરતો નથી તે ચોર છે. પોતાને માટે જ રાંધીને ખાય તે ચોર. વાજબી નફા કરતાં વધારે લે છે તે ચોર છે. આપણે વિચારીએ કે આમાંથી કોઈમાં આપણો નંબર તો નથી ને? દુર્યોધન ચોર છે.

વિદુરજી કહે છે : હે ધૃતરાષ્ટ્ર, પ્રભુએ પાંડવોને અપનાવ્યા છે તેથી પ્રભુ તેમને ગાદી ઉપર બેસાડશે. ધર્મરાજ યુધિષ્ઠિર તમારા અપરાધ ક્ષમા કરવા તૈયાર છે. ધર્મરાજા અજાતશત્રુ છે. એટલે તેમની દૃષ્ટિમાં કોઈ શત્રુ નથી. ભાગવતમાં બે અજાતશત્રુ બતાવ્યા છે. એક ધર્મરાજા અને બીજા પ્રહ્લાદજી. તેમના પ્રત્યે જો અન્યાય થશે તો તમારો વિનાશ થશે. જો તમે દુર્યોધન ઉપરનો મોહ નહિ છોડો, તો વિનાશ થશે.

દુર્યોધન એવો દુષ્ટ હતો કે દ્રૌપદીના રૂપને જોઈને તે બળતો હતો.

ધૃતરાષ્ટ્ર વિદુરજીને કહે છે : ભાઈ, તું કહે છે તે સાચું છે, પણ દુર્યોધન જ્યારે મારી પાસે આવે છે, ત્યારે મારું જ્ઞાન રહેતું નથી.

પાપનો બાપ (જનક) છે લોભ અને પાપની મા છે મમતા. લોભ અને મમતા પાપ કરાવે છે.

સેવકોએ દુર્યોધન પાસે આવી કહ્યું કે વિદુરકાકા ધૃતરાષ્ટ્ર આગળ તમારી વિરુદ્ધમાં વાતો કરતા હતા. દુર્યોધને વિદુરજીને સભામાં બોલાવ્યા અને જાણી જોઈને તેમનું અપમાન કર્યું છે.

યક્ષ અને યુધિષ્ઠિરના સંવાદમાં યક્ષે પ્રશ્ન કર્યો છે કે કાયમનો નરકમાં કોણ પડે છે? ત્યાં યુધિષ્ઠિર કહે છે કે આમંત્રણ આપે અને પછી બુદ્ધિપૂર્વક તેનું અપમાન કરે, તે કાયમ માટે નરકમાં પડે છે.

દુર્યોધન વિદુરજીને કહે છે : તું દાસીપુત્ર છે. મારું જ અન્ન ખાઈને મારી જ નિંદા કરે છે!

વિદુરજી એવા ધીરગંભીર છે કે તે નિંદા સહન કરે છે. સભામાં નિંદા સહન કરે તે સંત. સમર્થ હોવા છતાં જે સહન કરે તે સંત છે. વિદુર-માં એવી શક્તિ હતી કે આંખ ઉઘાડીને દુર્યોધન સામે જુએ તો દુર્યોધન બળીને ખાખ થાય પણ વિદુરજી તે શક્તિનો ઉપયોગ કરતા નથી.

શક્તિનો દુરુપયોગ કરે એ દૈત્ય છે. શક્તિ,

---

સત્ય વિચારો સ્ફુરવા માટે, સત્યના અનુભવ માટે પોતાનું આચરણ અને પોતાનું મન કેટલું શુદ્ધ અને લાયક છે, તે માણસે જાતે જ તપાસવું જોઈએ.

સંપત્તિ અને સમયનો વિવેકપૂર્વક ઉપયોગ કરે તે દેવ બને છે.

જે ખૂબ સહન કરે છે તે સંત બને છે. વિદુરજીએ બાર વર્ષ સુધી નદીકિનારે પર્ણકુટીમાં રહી કષ્ટ સહન કર્યું. જે સહન કરે છે તેનામાં જ શક્તિ આવે છે. જેનો આહાર સાત્ત્વિક હશે તે સહન કરી શકશે. સાત્ત્વિક આહાર વિના સહનશક્તિ આવતી નથી. વિદુરજી બાર વર્ષ સુધી ભાજી ઉપર રહ્યા છે. આપણે બાર વર્ષ સુધી ભાજી ઉપર કે સાદા સાત્ત્વિક ખોરાક ઉપર રહીએ તો મન-બુદ્ધિ-શરીરમાંથી આવેશ—ઉશ્કેરાટ ટળી જઈને સહન કરવાની શક્તિ આવે. તેલ-મરચાં ખૂબ ખાય છે તેનો સ્વભાવ મરચાં જેવો થાય છે. જે ખૂબ સહન કરે છે તેનામાં ભગવાનનું સ્વરૂપ સમજવા-વિચારવા જેટલી ધીરતા-ગંભીરતા-શાન્તિ આવે છે. તેના સ્વભાવમાં ભગવાનનું તત્ત્વ સ્વયં પ્રકાશિત થાય છે. સહનશક્તિ ત્યારે આવે કે જ્યારે આહાર-વિહારને ખૂબ સાત્ત્વિક રાખીએ. આ જીવનો એવો સ્વભાવ છે કે એને જે મળ્યું છે તેમાં સંતોષ નથી. વિદુરજીએ તાંદળજાની ભાજીમાં સંતોષ માની ઈશ્વરનું આરાધન કર્યું છે. બુદ્ધિમાં ઈશ્વર હોય તો બધું સહન થાય છે.

*

---

જે ઇંદ્રિયોનો ગુલામ નથી અને સુખસગવડોનો વ્યસની નથી તે અનીતિથી મળતા દુન્યવી લાભો જતા કરીને જે પ્રકાશ, સ્થિરતા અને સંતોષ પ્રાપ્ત કરે છે, તે અનીતિથી દુન્યવી લાભો મેળવનારને પ્રાપ્ત થતાં નથી.

---

## પ્રતિદાન !

એક વાર ભગવાન બુદ્ધે રાજગૃહ નજીક આવેલા વેલાવનમાં મુકામ કરેલો. બુદ્ધ ભગવાન પાસે હંમેશાં હજારો દર્શનાર્થીઓ, શ્રેયાર્થીઓ આવતા.

એકવાર એક બ્રાહ્મણ આવ્યો. બ્રાહ્મણના આગમનનો હેતુ દર્શનનો નહિ પણ બીજો જ હતો. બ્રાહ્મણનો કોઈ સગો ભિક્ષુસંઘમાં દાખલ થયેલો. આથી તેને બુદ્ધ ભગવાન અને એમના સંઘ પર ક્રોધ ચઢ્યો. ક્રોધે ભરાયેલો બ્રાહ્મણ ભગવાન બુદ્ધ પાસે આવીને લાગલો જ એમને ગાળો દેવા લાગ્યો.

બ્રાહ્મણની ગાળો ને અણઘટતી ટીકા શાંતિથી સાંભળ્યા પછી ભગવાન બુદ્ધે શાંત ભાવે જ પૂછ્યું: 'ભાઈ, તારે ત્યાં કોઈ દિવસ અતિથિ કે સગાંવહાલાં આવે છે?'

બ્રાહ્મણ બોલ્યો: 'હા.'

ભગવાન બુદ્ધે પૂછ્યું: 'વારુ, ત્યારે તું એમને માટે સારું સારું ભોજન બનાવે છે ખરો?'

બ્રાહ્મણ કહે: 'હાસ્તો! બનાવું છું ને!'

'તેં બનાવેલ વસ્તુનો મહેમાનો કદાચ ઉપયોગ ન કરે ત્યારે એ તું કોને આપે છે?'

બ્રાહ્મણ કહે: 'આપે વળી કોને? વસ્તુ મારી એટલે મારે ત્યાં જ રહે.'

બુદ્ધ ભગવાન કહે: 'ભાઈ, ત્યારે સાંભળ. તારી ગાળો ને ટીકા મારા કામની નથી. મારે માટે તો એ સાવ બિનઉપયોગી છે. કેમ કે, હું કદી કોઈને ગાળો દેતો નથી. તેમ કોઈની ટીકાય કરતો નથી. પછી તારી ગાળો ને ટીકા કોને મળે, કહે જોઈએ? તને જ ને? આ લેવડદેવડની વાત છે. જે વસ્તુ તું આપે છે તે હું લેતો નથી; તેમ કોઈને આપતોય નથી. એટલે તેં આપેલ ગાળો સ્વાભાવિક રીતે જ તને પાછી મળે છે!'

# બહેન

શ્રી રવીન્દ્રનાથ ટાગોર

ગામની કોઈ એક અભાગણીના અન્યાયકારી પતિના જુલમો બધા વિસ્તારપૂર્વક વર્ણવી પાડોશણ તારા અત્યંત ટૂંકાણમાં પોતાનો મત પ્રગટ કરતી બોલી ' એવા પતિના મુખ પર ઝાડુ મારું.'

આ સાંભળી જયગોપાળ બાબુની સ્ત્રી શશીને બહુ ખોટું લાગ્યું. પતિદેવોની જાતના મુખ પર સ્ત્રી તરફથી કોઈ પણ પ્રકારના ઝાડુ મારવા જેટલી હદે વાત આવી પહોંચે એ તેને ન ગમ્યું.

આથી આ સંબંધમાં તે કંઈક સંકોચ પ્રગટ કરવા લાગી. એટલે કઠણ હૃદયવાળી તારા બમણા ઉત્સાહથી બોલવા લાગી 'એવા પતિ કરતાં તો સાત જન્મ વિધવા થવું સારું' એમ કહી તે સભાસ્થળ તજી ચાલી ગઈ.

શશીએ ધાર્યું કે સ્વામીનો એવો કોઈ અપરાધ કલ્પનામાં ઉતારી શકાતો નથી કે જેથી તેના પ્રત્યે આવી સખતાઇ દર્શાવવી પડે. આ વાતની મનમાં ચર્ચા કરતાં કરતાં તેના કોમળ હૃદયનો બધો પ્રીતિ-રસ તેના પ્રવાસી પતિ તરફ ઊછળવા લાગ્યો; પથારીના જે ભાગ પર તેનો પતિ સૂઈ રહેતો એ ભાગ પર હાથ લંબાવી તેણે ખાલી ઓશીકાને ચુંબન લીધું. ઓશીકામાં પતિના માથાની ગંધ અનુભવી રહી અને બારણાં બંધ કરી પેટીમાંથી પતિની એક બહુ જૂની છબી તથા હસ્તાક્ષર બહાર કાઢી નિહાળવા લાગી. તે દિવસનો નિઃસ્તબ્ધ બપોર આ પ્રમાણે એકાંત ઓરડામાં, એકાંત વિચારમાં, પુરાતન યાદદાસ્તમાં અને વિવાદનાં આંસુમાં વીતી ગયો.

શશિકલા અને જયગોપાલ વચ્ચે કંઈ નવ-દામ્પત્ય પ્રેમ નહોતો. બાળપણથી વિવાહ થયો હતો. આ દરમિયાન સંતાનાદિ પણ થયાં હતાં. બંનેએ ઘણો કાળ એકત્ર રહી તદ્દન સ્વાભાવિક રીતે દિવસો ગુજાર્યા છે; કોઈ પણ પક્ષ વચ્ચે અપરિચિત પ્રેમનો ઉછાળો હજુ સુધી જણાયો નહી. લગભગ સોળ વરસ એકી સાથે અવિચ્છેદ ગાળ્યા બાદ એકાએક કામ સબબ તેના પતિને પરદેશ જવું પડ્યું અને ત્યાર બાદ શશીના મનમાં એક પ્રબળ પ્રેમનો આવેગ જાગ્રત થયો. વિરહ દ્વારા બંધનમાં જેમ જેમ તાણા-તાણી થવા લાગી તેમ તેમ કોમળ હૃદયમાં પ્રેમની ફાંસી વધારે ને વધારે સખત થવા લાગી. ઢીલી સ્થિતિમાં જેનું અસ્તિત્વ પણ જણાતું નહોતું તે અત્યારે વેદનાથી પીડાવા લાગ્યું.

તેથી આજે આટલા દિવસ પછી આટલી ઉંમરે છોકરાંની મા બનીને શશી વસંત ઋતુના મધ્યાહ્નકાળ વખતે નિર્જન ઘરમાં બેસી વિરહશય્યા પર નવા ખીલેલા યૌવનવાળી નવવધૂનાં સુખસ્વપ્નાં જોવા લાગી. જે પ્રેમ અજ્ઞાતપણે જીવન સમક્ષ વહી ગયો હતો, અકસ્માત્ આજે તેના કલરવથી જાગ્રત બની મનમાં મનમાં તેને ઊલટો વહાવી બંને તીરે બહુ દૂર અનેક સોનાની લંકા, અનેક કુંજવન જોવા લાગી; પરંતુ એ ભૂતકાળની સુખસંભાવનામાં હવે પગલાં માંડવાનું સ્થાન રહ્યું નહોતું. તેણે ધાર્યું કે આ વખતે જ્યારે પતિ પાછા આવશે ત્યારે જીવનને નીરસ તથા વસંતને નિષ્ફળ બનવા નહિ દઉં. કેટલાય દિવસ કેટલીયવાર નકામા તર્ક કરી સામાન્ય કલહ કરી સ્વામી પ્રત્યે ઉપદ્રવ મચાવ્યો છે. આજે તે પશ્ચાત્તાપભર્યા ચિત્તે મનમાં સંકલ્પ કરવા લાગી કે હવે હું કદી અસહિષ્ણુતા પ્રગટ નહિ કરું, સ્વામીની ઇચ્છાને નહિ અટકાવું, સ્વામીની આજ્ઞા પાળીશ. પ્રીતિપૂર્ણ નમ્ર હૃદય વડે મૂંગે મોંએ સ્વામીનાં સારાંનરસાં બધાં આચરણ સહન કરીશ; કારણ કે સ્વામી સર્વસ્વ છે, સ્વામી પ્રિયતમ છે, સ્વામી દેવતા છે. ઘણા દિવસ સુધી શશિકલા તેનાં માબાપની એકની એક લાડકી કન્યા હતી. આ માટે જયગોપાલ જોકે નજીવા પગારની નોકરી કરતો હતો છતાં ભવિષ્યને માટે તેને કંઈ વિચારવા જેવું નહોતું. ગામડાગામમાં રાજવીપણે રહેવા માટે તેની સસરાની સંપત્તિ પૂરતા પ્રમાણમાં હતી.

એ દરમિયાન અકસ્માત્ લગભગ વૃદ્ધ ઉંમરે શશિકલાના પિતા કાલીદાસને પુત્રરત્ન સાંપડ્યું. ખરું કહીએ તો પિતામાતાના આવા અણધાર્યા અન્યાયી આચરણથી શશી મનમાં અતિશય દિલ-

---

સુદામા ગરીબ હોવા છતાં સારા વિદ્વાન હતા. તેમણે વિદ્યા વેચીને, દંભ કરીને, યાચના કરીને કે અનીતિથી ધનવાન થવાનો વિચાર જ કર્યો નહોતો.

ગીર થઈ હતી; જયગોપાલ પણ આ બનાવથી ખુશ થયો નહોતો.

મોટી ઉંમરે સાંપડેલા પુત્ર પ્રતિ માબાપનો સ્નેહ અતિશય ઢોળાવા લાગ્યો. આ નવાગત, ક્ષુદ્ર કાયાવાળા, ધાવતા, નિદ્રાતુર સાળાએ અજ્ઞાતપણે બે નાના હાથની બીડેલી મૂઠીમાં જયગોપાલની બધી આશા બાંધી રાખી ત્યારે તે આસામમાં ચાના બગીચામાં નોકરી કરવા ઊપડી ગયો.

ગામની નજીક ચાકરી ખોળી લેવાની સલાહ ઘણા હિતેચ્છુઓએ આપી હતી, પરંતુ બધા પરના ગુસ્સાને લીધે હો, કે પછી ચાના બગીચામાં જલદી આગળ આવવાની મહેચ્છાને લીધે હો, પરંતુ એટલું તો નક્કી કે જયગોપાલે કોઈના કહેવા તરફ લક્ષ આપ્યું નહિ. શશીને સંતાન સહિત તેના બાપને ત્યાં મૂકીને આસામ ચાલ્યો ગયો. વિવાહિત જીવનનો પતિપત્ની વચ્ચેનો આ પહેલો વિયોગ હતો.

આ બનાવથી બાળક ભાઈ પ્રત્યે શશિકલાને ભારે ગુસ્સો ચઢ્યો. જે મનની વાત મોં વડે પ્રગટ કરી શકાય નહિ તેનું દુઃખ સૌથી વધારે અનુભવાય છે. નાનું બાળક આરામથી ધાવતું અને આંખો મીચી ઊંઘતું અને તેની મોટી બહેન દૂધ ગરમ કરવું, ભાત ઠંડો પડી જવો, છોકરાને નિશાળે જવાનું મોડું થવું ઇત્યાદિ નાના પ્રકારનાં બહાનાં સબબ રાતદહાડો રીસ ચઢાવી દુઃખી થતી અને બીજાંને દુઃખી કરતી.

થોડા દિવસમાં મા મરી ગઈ. મરતી વેળા જનની પોતાની દીકરીના હાથમાં બાળક પુત્રને સોંપી ગઈ.

થોડા વખતમાં એ નમાયા બાળકે પોતાની બહેનનું હૃદય જીતી લીધું. હુંકાર કરતો તે જ્યારે તેની ઉપર કૂદી પડી પરમ આગ્રહ સાથે દાંત વિનાના નાના મોંમાં તેનાં મુખ, ચક્ષુ, નાસિકા વગેરે ખાઈ જવાનો પ્રયત્ન કરતો, નાની મૂઠીમાં તેના વાળ પકડી કોઈ પણ ઉપાયે છોડતો નહિ, સૂર્યોદય પહેલાં જાગી ઊઠી ઘૂંટણભર ચાલતો ચાલતો તેના શરીર પર પડી કોમળ સ્પર્શ કરી તેને પુલકિત બનાવી કલરવ આરંભી તો, અને જ્યારે તે તેને જીજી અને જીજીમા કહી બોલાવવા લાગ્યો અને કામ વખતે કે નવરાશ વખતે નિષિદ્ધ કાર્ય કરી, નિષિદ્ધ ખોરાક ખાઈ, નિષિદ્ધ સ્થાને ગમન કરી તેના પ્રત્યે કાયદેસર ઉપદ્રવ મચાવવાનું શરૂ કરવા લાગ્યો ત્યારે શશી થોભી શકી નહિ. તે એ સ્વચ્છાચારી નાના જુલમીને સંપૂર્ણ આત્મસમર્પણ કરી બેઠી. છોકરો નમાયો હોવાથી તેના પ્રત્યે તેનું આધિપત્ય બહુ વધી ગયું.

[ ૨ ]

છોકરાનું નામ હતું નીલમણિ. તે જ્યારે બે વર્ષનો થયો ત્યારે તેના પિતા સખત માંદા પડ્યા. જેમ તેમ જલદી આવવા માટે જયગોપાલને પત્ર લખવામાં આવ્યો. જયગોપાલ જ્યારે ઘણા પ્રયત્ને રજા લઈ આવી પહોંચ્યો ત્યારે કાલીપ્રસન્નનો મરણસમય પાસે આવ્યો હતો.

મરણ પહેલાં કાલીપ્રસન્ને સગીર છોકરાના વાલી તરીકે જયગોપાલને નીમી પોતાની બધી મિલકતનો ચોથો ભાગ દીકરીને નામે લખી આપ્યો.

આમ થવાથી મિલકતની જાળવણી માટે જયગોપાલને કામકાજ છોડી ચાલ્યું આવવું પડ્યું.

ઘણા દિવસ બાદ પતિપત્ની મળ્યાં. એકાદ જડ પદાર્થ ભાંગી જાય તો તેની ઘડેઘડ મેળવી શકાય છે, પરંતુ બે મનુષ્ય જુદાં પડે, ત્યાર બાદ લાંબા વિચ્છેદ પછી એ બંને ભેગાં મળે ત્યારે ઘડેઘડ મેળવી શકતાં નથી, કારણ કે મન સજીવ પદાર્થ છે; નિમિષમાં તેની પરિણતિ થાય છે, નિમિષમાં તેનું પરિવર્તન થાય છે.

શશી આ નવીન મેળાપથી નવીન પ્રીતિરસમાં લદબદવા લાગી. તે જાણે પતિ સાથે ફરીથી પરણી હોય એમ તેને લાગ્યું. જૂના દામ્પત્યમાં લાંબી ટેવને લીધે જે એક પ્રકારની જડતા પેદા થઈ હતી, તે વિરહના આકર્ષણથી જતી રહી. તે પોતાના પતિને પહેલાં કરતાં વધારે સંપૂર્ણતાપૂર્વક પ્રાપ્ત કરી રહી હોય નહિ એમ માની તેણે મનમાં પ્રતિજ્ઞા લીધી કે ગમે તેવા દિવસો આવે, ગમે તેટલા દિવસો રહે,

---

સાચો વિદ્વાન અને ખાનદાન માણસ દરિદ્રતા ભોગવશે, પણ અનીતિ, યાચના કે દંભ કરીને ધન મેળવવાનું પસંદ નહિ કરે.

છતાં સ્વામી પ્રતિ આ દીપ્ત પ્રેમની ઉજ્જવલતાને હું કદી મ્લાન પડવા નહિ દઉં.

પરંતુ આ નવીન મેળાપ વખતે જયગોપાલના મનની સ્થિતિ જુદી જ હતી. અગાઉ જ્યારે બંને એકત્ર હતાં, અને જ્યારે સ્ત્રીની સાથે તેનો બધો સ્વાર્થ અને વિચિત્ર અભ્યાસ મળતો આવતો, ત્યારે સ્ત્રી જીવનનું એક નિત્યસત્ય ગણતી હતી. તે વખતે તેના વિના દૈનિક ક્રિયાકલાપ મધ્યે અકસ્માત્ કંઈક ત્રુટી પડી જતી હતી. એ માટે જ જયગોપાલ જ્યારે પરદેશ ગયો ત્યારે પ્રથમ તો તેને અગાધ સમુદ્રમાં જઈ પડવા જેવું થયું, પરંતુ ધીમે ધીમે એ દશા પલટાઈ અને નવીન ટેવોની લતમાં પડી જૂની ટેવો ભુલાઈ ગઈ.

કેવળ એટલું જ નહિ, અગાઉ તદ્દન નિઃશ્રેય, નિશ્ચિતપણે તેના દિવસો ગુજરતા હતા, પરંતુ પરદેશમાંનાં બે વર્ષો અવસ્થાની ઉન્નતિ કરવાના પ્રયત્નમાં એવાં પ્રબળપણે જાગ્રત થઈ ઊઠયાં હતાં કે તેના મન સમક્ષ આ સિવાય બીજું કંઈ રહ્યું નહોતું. આ નૂતન કેફની તીવ્રતાના મુકાબલે તેનું પૂર્વજીવન વસ્તુહીન છાયાના જેવું જણાવા લાગ્યું. સ્ત્રીજાતિના સ્વભાવમાં પ્રધાન પરિવર્તન કરાવે છે પ્રેમ, અને પુરુષના સ્વભાવમાં એ પરિવર્તન કરાવે છે દુશ્ચેષ્ટા.

જયગોપાલ બે વર્ષ પછી પાછો આવ્યો ત્યારે તેની સ્ત્રી જેવી હતી તેવી પ્રાપ્ત કરી શક્યો નહિ. તેની સ્ત્રીના જીવનમાં બાળક સાથે એક નવીન જગા બથાવી પડયો છે. એ જગા તેને માટે સંપૂર્ણ અજાણી હતી. એ જગામાં તેનો તેની સ્ત્રી સાથે સંબંધ નહોતો. સ્ત્રી તેને પોતાના આ બાળસ્નેહમાં ભાગ લેવા અનેક પ્રયત્નો કરતી, પરંતુ એ બાબતમાં તે કૃત્યકૃત્ય થઈ શકતી નહિ.

શશી નીલમણિને ખોળામાં ઉપાડી આવી હસતે વદને તેના પતિ સામે ધરતી નીલમણિ બીકનો માર્યો શશીના ગળે હાથ વીંટાળી તેના ખભા પર મોં છુપાવતો, બનેવી સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ બાંધતો નહિ. શશી એવું ઇચ્છતી હતી કે મારા આ નાના ભાઈમાં જેટલી જાતની મન વશ કરવાની વિદ્યા છે તેટલી બધી જયગોપાલ આગળ પ્રગટ થાય તો ઠીક; પરંતુ જયગોપાલ એ વિષે ઝાઝો આગ્રહ દર્શાવતો નહિ, તેમ બાળક પણ એમાં ખાસ રસ લેતું નહિ. જયગોપાલ કોઈ પણ રીતે સમજી શકતો નહિ કે આ દૂબળા, મોટા માથાવાળા, ગંભીર મુખવાળા કાળા છોકરામાં એવું શું છે કે તેના પ્રત્યે આટલો બધો પ્રેમ દર્શાવવામાં આવે છે.

પ્રેમની ગતિ સ્ત્રીઓ જલદી સમજી શકે છે. શશી જલદી સમજી ગઈ કે જયગોપાલનો નીલમણિ તરફ પ્રેમ નથી. હવે તે ભાઈને ખાસ પ્રયત્નપૂર્વક છુપાવી રાખવા લાગી. સ્વામીની સ્નેહહીન વિરાગ દૃષ્ટિથી તેને અળગો રાખવાનો પ્રયત્ન કરવા લાગી. આ પ્રમાણે છોકરો તેનું છૂપું ધન, તેના એકલાના સ્નેહની સામગ્રી થઈ પડયો. બધા જાણે છે કે સ્નેહ જેટલો છૂપો હોય, જેટલો વિજન હોય તેટલો પ્રબળ હોય છે.

નીલમણિ રડે એટલે જયગોપાલ બહુ કંટાળી જતો. આ માટે શશી એવી સ્થિતિમાં તેને જેમ બને તેમ જલદી છાનો રાખવાનો પ્રયત્ન કરતી. ખાસ કરીને તેના રુદનથી જો રાત્રે તેના પતિની ઊંઘમાં અડચણ થતી અને પતિ આ રડતા છોકરા પ્રત્યે અત્યંત હિંસ્રપણે ઘૃણા દર્શાવી જર્જરિત ચિત્તે ગર્જના કરી ઊઠતો ત્યારે શશી ગુનેગારની માફક સંકોચ પામી બેબાકળી બની જતી અને તેને ખોળામાં ઉપાડી દૂર જઈ અત્યંત સ્નેહશીલ અવાજે ઊંઘાડવાનો પ્રયત્ન કરતી.

છોકરેછોકરાં વચ્ચે નાના પ્રકારના બહાને કજિયોકંકાસ તો થાય જ. અગાઉ એમ બનતું ત્યારે શશી પોતાના છોકરાને શિક્ષા કરી ભાઈનો પક્ષ લેતી, કારણ કે તેની મા નહોતી. હવે ન્યાયાધીશની સાથે દંડવિધિમાં પણ ફેરફાર થયો. હવે હંમેશાં વિના ગુને અવિચારપૂર્વક નીલમણિને સખત સજા ભોગવવી પડતી. આ અન્યાય શશીની છાતીમાં શૂળની માફક ભોંકાતો; તેથી એ સજા ખમેલા ભાઈને ઘરમાં લઈ જઈ, મીઠાઈ આપી,

---

**જે ઇંદ્રિયોનો ગુલામ નથી, જેને સુખસગવડો ભોગવવાનું વ્યસન નથી, તેને ગરીબાઈથી ભય થશે નહિ.**

રમકડાં આપી આદરમાન દર્શાવી, ખોકી ભરી સંતોષ પમાડવાનો પ્રયત્ન કરતી.

પરિણામે એવું જણાયું કે શશી નીલમણિને જેટલું વધારે ચાહવા લાગી, તેટલું જયગોપાલ તેને ધિક્કારવા લાગ્યો, અને તે નીલમણિ પ્રત્યે જેટલો ધિક્કાર દર્શાવવા લાગ્યો, તેટલો જ સ્નેહ શશી ભાઈ પર વરસાવવા લાગી.

જયગોપાલ કદી તેની સ્ત્રી તરફ કઠોર વ્યવહાર ચલાવતો નહિ અને શશી પણ મૂંગે મોંએ નમ્રપણે પ્રીતિપૂર્વક પોતાના પતિની સેવા કર્યા કરતી હતી. કેવળ આ નીલમણિ ખાતર બંને અંદરખાનેથી દરરોજ એકબીજાને આઘાત દેવા લાગ્યાં.

આવા મૂંગા દ્વંદ્વના ગોપન આઘાત–પ્રતિઘાત ખુલ્લા વિવાદ કરતાં બહુ જ વધારે દુઃખદાયક નીવડે છે.

નીલમણિના આખા શરીરમાં માથું સૌથી મોટું હતું. તેને જોતાં એમ જણાતું હતું કે વિધાતાએ એક પાતળી લાકડી વચ્ચે ફૂંક મારી તેની ટોચ ઉપર એક મોટો પરપોટો ફુટાડયો છે. દાક્તરો પણ વખતોવખત શંકા પ્રકટ કરતા કે છોકરો એવા પરપોટાની માફક જ ક્ષણભંગુર અને ક્ષણસ્થાયી નીવડશે. તે ઘણા દિવસ સુધી બોલતાં શીખ્યો નહોતો. તેનું દિલગીર મુખડું જોતાં જણાતું હતું કે તેનાં માબાપ તેઓની મોટી ઉંમરનો બધી ચિંતાનો ભાર આ નાના બાળકના માથા ઉપર ચઢાવી ગયાં છે.

બહેનની સેવા અને પ્રયત્નથી નીલમણિ વિપત્તિનો કાળ પસાર કરી છ વર્ષનો થયો.

કારતક માસમાં ભાઈબીજને દહાડે નવીન જામો, ચાદર અને એક લાલ કિનારની ધોતી પહેરાવી, બાબુ બનાવી શશી નીલમણિને ચાંલ્લો કરે છે એ દરમિયાન પેલી સ્પષ્ટભાષિણી પાડોશણ તારાએ આવી વાતવાતમાં શશી સાથે લડાઈ મચાવી મૂકી.

તેણે કહ્યું, 'છૂપી રીતે ભાઈનું સત્યાનાશ વાળી વળી જાહેરમાં આમ ભાઈબીજ ઊજવવાથી શો ફાયદો?'

આ વાત સાંભળતાં શશી વિસ્મય તથા ક્રોધથી હાંફળીફાંફળી [illegible]ની ગઈ. છેવટે તેણે સાંભળ્યું કે તમે ધણીધણિયાણી મળી સગીર નીલમણિની મિલકત કર ન ભરી [illegible]કવાને બહાને ધણીના ફોઈના દીકરાને નામે ચઢાવી [illegible]રીદી લો છો.

આ સાં[illegible]ળી શશીએ શાપ આપ્યો કે જેઓ આવી તદ્દન [illegible]ઠી વાત રચી બહાર પાડે છે તેને રગતપિત્તનો રે[illegible]ગ થજો.

આટલું કહી તે રડતી રડતી પતિ પાસે ગઈ. જનશ્રુતિ તેને [illegible]ંભળાવી.

જયગોપ[illegible]લે કહ્યું, 'આજકાલ કોઈના પર વિશ્વાસ રાખ્યે પાલવે તેમ નથી. ઉપેન મારો સગો ફોઈનો દીકરો થાય છે. તેના ઉપર સંપત્તિની જવાબદારી ન[illegible]ખી હું નિશ્ચિંત થઈ બેઠો હતો. તેણે કોણ જાણે ક[illegible]રે છૂપી રીતે કર ભરવો બંધ કરી હાસિલપુર મ[illegible]લ પોતે ખરીદી લીધો તે હું જાણી શકયો નહિ!

શશીએ આશ્ચર્ય પામી કહ્યું, 'ફરિયાદ નહિ કરો?'

જયગોપ[illegible]લે કહ્યું, 'ભાઈ પર ફરિયાદ શી રીતે કરું? અને ફ[illegible]રિયાદ કરવા છતાં પરિણામ કંઈ જ નહિ આવે. કે[illegible]ળ પૈસાનો ખર્ચ થશે એટલું જ.'

પતિના [illegible]ચન પર શ્રદ્ધા રાખવી એ શશીનું પરમ કર્તવ્ય હતું પરંતુ તે આ વચનો પર શ્રદ્ધા રાખી શકી [illegible]હિ. તેની નજર સમક્ષ આ સુખી સંસાર, પ્રેમી ગૃહસ્થાશ્રમ અત્યંત બીભત્સ આકાર ધારણ કરી ઊ[illegible]ો. જે સંસારને તે પરમ આશ્રયનું સ્થાન માનતી તે એકાએક તેની નજરે નિષ્ઠુર સ્વાર્થની જાળ જે[illegible] લાગ્યો. એ જાળ બંને ભાઈબહેનને ઘેરી વળી હત[illegible]. એ એકલી છે, બાઈ માણસ છે. અસહાય નીલ[illegible]ણિનું રક્ષણ કેવી રીતે કરવું એ તેના ધ્યાનમાં કેમે [illegible]રી ન ઊતર્યું. જેમ જેમ તે વિચાર કરવા લાગી તે[illegible]મ તેમ ભય અને ઘૃણાથી વિપન્ન બાળક પ્રત્યેના અપરિસીમ સ્નેહથી તેનું હૃદય પરિપૂર્ણ થઈ ગ[illegible]. તેને લાગ્યું કે જો હું ઉપાય જાણતી હોત [illegible] લાટ સાહેબ પાસે અરજ કરત,

---

જે ઇંદ્રિયોનો ગુલામ નથી, જેને સુખસગવડો ભોગવવાનું વ્યસન નથી, તે નીતિના ભોગે ધન મેળવવાનું પસંદ નહિ કરે.

એટલું જ નહિ પણ મહારાણીને અરજી મોકલી ભાઈની મિલકત બચાવત. મહારાણી કદી નીલમણિનો વાર્ષિક સાતસો અઠ્ઠાવન રૂપિયાની ઊપજવાળો હાસિલપુર મહાલ વેચાવા દેત નહિ.

આ પ્રમાણે શશી જ્યારે એકાએક મહારાણી પાસે જઈ પહોંચી પોતાના ફોઈજીના દીકરા દિયરને સંપૂર્ણ કબજે કરવાનો ઉપાય વિચારે છે ત્યારે અકસ્માત્ નીલમણિને તાવ આવવા લાગ્યો ને વારંવાર બેભાન બની જવા લાગ્યો.

જયગોપાલ ગામના એક દેશી વૈદને બોલાવી લાવ્યો. શશીએ સારા દાક્તરને બોલાવવા વિનંતી કરવાથી જયગોપાલે કહ્યું, 'કેમ, મોતીલાલ કંઈ ઓછો હોશિયાર છે!'

શશી તેને પગે પડી, આકરામાં આકરા કસમ આપી સારા દાક્તરને બોલાવવાનું વિનવવા લાગી. જયગોપાલે કહ્યું, 'વારુ, શહેરમાંથી હમણાં જ દાક્તરને બોલાવવા મોકલું છું.'

શશી નીલમણિને ખોળામાં લઈ બેઠી. નીલમણિ પણ તેને ઘડીભર વીલી મૂકતો નથી; વખત છે ને એ દૂર જાય એવા ભયથી તે તેને પકડી રાખી પડ્યો છે; એટલું જ નહિ પણ ઊંઘમાં પણ તે તેનો છેડો પકડી રાખે છે.

આખો દિવસ આવી સ્થિતિમાં ગાળ્યા બાદ સંધ્યાકાળ વખતે જયગોપાળે આવી કહ્યું, 'શહેરમાં દાક્તર હાજર નથી. તે દૂર કોઈ દરદી જોવા ગયો છે.' એની સાથે એ પણ જણાવ્યું કે 'મુકદ્દમાને લીધે મારે આજે જ બીજે સ્થળે જવાનું છે; હું મોતીલાલને કહી જાઉં છું. તે નિયમસર આવી રોગીને જોઈ જશે.'

રાત્રે નીલમણિ ઊંઘના ઘેનમાં જેમ તેમ બકવા લાગ્યો. બીજે દિવસે સવારમાં શશી કંઈ પણ વિચાર ન કરતાં રોગી ભાઈને લઈ નૌકા પર ચઢી શહેરમાં જઈ પહોંચી. દાક્તર ઘેર જ હતો. કોઈ રોગીને તપાસવા ગયો નહોતો; ગૃહસ્થની કુલવધૂ જોઈ તેણે તરત તેને રહેવાની ગોઠવણ કરી દીધી. એક ઘરડી વિધવાની સંભાળ નીચે શશીને ત્યાં જ રાખી અને છોકરાની સારવાર શરૂ કરી દીધી.

બીજે દિવસે જયગોપાલ આવી પહોંચ્યો. ગુસ્સાથી લાલચોળ થઈ તેણે તે જ ક્ષણે સ્ત્રીને પોતાની સાથે આવવાનું જણાવ્યું.

સ્ત્રીએ કહ્યું 'મને કાપી કકડા કરી નાખશો તોપણ હું હમણાં નહિ આવું; તમે મારા નીલમણિને મારી નાખવા માગો છો. એને મા નથી, બાપ નથી; મારા સિવાય બીજું કોઈ નથી. હું તેનું રક્ષણ કરીશ.'

જયગોપાલે ગુસ્સે થઈ કહ્યું, 'તો પછી અહીં જ રહેજે. મારે ઘેર પાછી ન આવતી.'

શશી ઉશ્કેરાઈ જઈ બોલી, 'ઘર તમારું કે મારા ભાઈનું?'

જયગોપાલે કહ્યું, 'વારુ, તે જોયું જશે!'

શેરીના લોકો આ બનાવ સંબંધી થોડા દિવસ ખૂબ ચર્ચા કરવા લાગ્યા. પાડોશણ તારાએ આવી કહ્યું, 'પતિની સાથે કજિયો કરવો હોય તો ઘેર બેસી કર ને બાપુ; ઘર છોડી જવાની શી જરૂર છે? ગમે તેવો તોય પતિ તો ખરો ને!'

સાથે જે કંઈ પૈસા હતા તે બધા ખરચી ઘરેણુંગાંઠું વેચી શશીએ તેના ભાઈને મૃત્યુના મુખમાંથી છોડાવ્યો. એ વખતે તેને ખબર મળી કે દ્વારિગ્રામમાં તેની જેટલી જમીન હતી, જે જમીન ઉપર તેના ઘરનો આધાર હતો, જેની વાર્ષિક ઊપજ દોઢેક હજાર રૂપિયા આવતી એ જમીન જમીનદાર સાથે મળી જયગોપાલે પોતાના નામે ચઢાવી લીધી છે. અત્યારે એ બધી જમીન તેની છે; શશીના ભાઈની નહિ.

રોગમાંથી સાજો થયા બાદ નીલમણિ કરુણ કંઠે કહેવા લાગ્યો, 'બહેન, ઘેર ચાલ.' ત્યાં તેના સોબતી ભાણેજ માટે તેનું મન ચટપટ કરી રહ્યું હતું. તેથી તે વારંવાર કહેવા લાગ્યો, 'બહેન, આપણા એ ઘેર ચાલ.' આ સાંભળી શશી રડવા લાગી. આપણું ઘર વળી ક્યાં છે?

પરંતુ રડ્યે શું વળવાનું હતું? પૃથ્વી પર બહેન સિવાય તેના ભાઈનું બીજું કોઈ નહોતું. બહુ વિચાર કર્યા બાદ તે આંસુ લૂછી ડેપ્યુટી મૅજિસ્ટ્રેટ તારિણી

---

જે ઇંદ્રિયોનો ગુલામ અને સુખસગવડોનો વ્યસની છે, તે નીતિનો ત્યાગ કરીને લાભ મેળવી લેતાં અચકાશે નહિ.

બાબુને ઘેર જઈ તેની સ્ત્રીને લઈ પડી.

ડેપ્યુટી બાબુ જયગોપાલને ઓળખતા હતા. કુળવાન ઘરની બૈરી ઘર બહાર નીકળી મિલકત સંબંધમાં પતિ સાથે વાદવિવાદમાં ઊતરે એ તેને ન ગમ્યું. તેણે તેને ભુલાવી રાખી તરત જ જયગોપાલને પત્ર લખ્યો. જયગોપાલ સાળા સાથે તેની સ્ત્રીને બળપૂર્વક નૌકા પર ચઢાવી ઘેર લઈ ગયો.

પતિપત્ની વચ્ચે બીજી વારની જુદાઈ પછી ફરીથી આ બીજી વાર મેળાપ થયો ! જેવી વિધાતાની મરજી.

ઘણા દિવસ પછી, ઘેર પાછી આવ્યા બાદ જૂનો મિત્ર મળતાં નીલમણિ બહુ આનંદથી રમવા લાગ્યો. તેનો આ નિશ્ચિંત આનંદ જોઈ શશીનું હૃદય અંદરખાનેથી ચિરાઈ જવા લાગ્યું.

[ ૩ ]

શિયાળામાં મૅજિસ્ટ્રેટ સાહેબ ગામડામાં ફરવા નીકળ્યા છે. શિકાર ખેળવા માટે ગામ બહાર તંબુ નાખી પડ્યા છે. રસ્તામાં સાથે નીલમણિનો મેળાપ થયો. બીજાં બાળકો તેને જોઈ ચાણક્યના શ્લોકનું કંઈક પરિવર્તન કરી નખી, દંતી, શૃંગી વગેરે સાથે સાહેબને પણ જોડી દૂર ચાલ્યાં ગયાં, પરંતુ ગંભીર સ્વભાવનો નીલમણિ અચળ ઊભો રહી કુતૂહલ સાથે સાહેબને નિહાળવા લાગ્યો.

સાહેબ નવાઈ પામી તેની પાસે આવ્યા. પૂછ્યું, 'તું ભણે છે ?'

બાળકે મૂંગે મોંએ માથું હલાવી હા પાડી.

સાહેબે પૂછ્યું, 'કયું પુસ્તક ભણે છે ?'

નીલમણિ પુસ્તક શબ્દનો અર્થ ન સમજ્યો, તે મૅજિસ્ટ્રેટના મુખ સામું જોઈ રહ્યો.

મૅજિસ્ટ્રેટ સાહેબ સાથેની આ ઓળખાણની વાત નીલમણિએ અતિશય ઉત્સાહપૂર્વક બહેનને કહી.

બપોરે પૂર બહારમાં તૈયાર થઈ જયગોપાલ મૅજિસ્ટ્રેટ સાહેબને સલામ કરવા ગયો છે; વાદી, પ્રતિવાદી, ચપરાશી, કૉન્સ્ટેબલ: ચોમેર મેદની જામી છે. સાહેબ ગરમીને લીધે તંબુની બહાર ખુલ્લી છાયામાં કૅમ્પ ટેબલ નાખી બેઠા છે અને જયગોપાલને ખુરસી પર બેસાડી તે સ્થાનિક હકીકત પૂછે છે. જયગોપાલ પોતાના ગામના સામાન્ય મનુષ્યો સમક્ષ આ ગૌરવશાળી આસન અધિકાર કરી મનમાં મનમાં ફુલાય છે અને મનમાં વિચારે છે કે આ વખતે ચક્રવર્તી અગર નંદીમાંના કોઈ આવી ચઢે તો ઘણું સારું.

એ વખતે નીલમણિને સાથે લઈ એક ઘૂમટાવાળી સ્ત્રી મૅજિસ્ટ્રેટ સામે આવી ઊભી રહી. તેણે કહ્યું, 'સાહેબ, તમારા હાથમાં મારા આ અનાથ ભાઈને સોંપી જાઉં છું. તમે એને બચાવો !'

સાહેબ પોતાના એ જાણીતા મોટા માથાવાળા ગંભીર સ્વભાવના બાળકને જોઈ અને સ્ત્રીને કોઈ કુળવાન ઘરની સ્ત્રી માની તરત જ ઊભા થયા અને કહ્યું, 'આપ તંબુમાં ચાલો.'

સ્ત્રીએ કહ્યું, 'મારે જે કંઈ કહેવાનું છે તે અહીં જ કહીશ.'

જયગોપાલ ફીકા મોઢે તરફડવા લાગ્યો. કુતૂહલી ગામના લોકો મારે નવાઈપૂર્વક ચોમેરથી ઘેરાઈ વળ્યા. સાહેબે સોટી ઉગામતાં જ બધા ભાગી ગયા.

શશી ભાઈનો હાથ પકડી એ માબાપ વિનાના બાળકનો બધો ઇતિહાસ અથથી ઇતિ સુધી કહેવા લાગી. જયગોપાલ વચ્ચે વચ્ચે અડચણ નાખવાની તૈયારી કરવા તત્પર થતો પણ મૅજિસ્ટ્રેટ ગુસ્સે થઈ ગર્જના કરી રોકતો, 'ચુપ રહો !' છેવટે તેણે સોટીના અગ્રભાગ વડે તેને ખુરશી છોડી સામે આવી ઊભા રહેવાનું જણાવ્યું.

જયગોપાલ મનમાં શશીને સેંકડો ગાળો ભાંડતો સામે આવી ઊભો. નીલમણિ બહેનને વળગી રહી બધું સાંભળવા લાગ્યો.

શશીની વાત પૂરી થઈ એટલે મૅજિસ્ટ્રેટે જયગોપાલને કેટલાક પ્રશ્નો પૂછ્યા અને તેનો જવાબ સાંભળી ઘણી વાર સુધી મૂગા રહ્યા બાદ તેણે શશીને સંબોધી કહ્યું, 'બેટા, આ મુકદ્દમો જોકે મારી પાસે ચાલી શકે નહિ તોપણ તમે નિશ્ચિંત રહેજો. આ સંબંધમાં જે કંઈ કરવાનું છે તે હું કરીશ; તમે તમારા ભાઈને લઈ ખુશીથી ઘેર જાઓ !'

---

પરોપકાર કરવો–બીજાની સેવા કરવી અને તેમ કરવામાં જરાયે મોટાઈ ન માની લેવી, એ જ ખરી મોટાઈ અને ખરી કેળવણી છે.

શશીએ કહ્યું 'સાહેબ, જ્યાં સુધી તેનું પોતાનું ઘર તેને પાછું ન મળે ત્યાં સુધી તેને ઘેર લઈ જવાનું સાહસ હું ઉઠાવી શકતી નથી. અત્યારે તેને તમે તમારી પાસે નહિ રાખો તો એને કોઈ બચાવી શકશે નહિ.'

સાહેબે કહ્યું, 'તમે ક્યાં જશો ?'

શશી કહેવા લાગી, 'હું મારા પતિને ઘેર જઈશ. મારી મને ચિંતા નથી.'

સાહેબે હસતા વદને ગળામાં માદળિયાવાળા, કાળા, ગંભીર, શાંત, મૃદુ સ્વભાવવાળા એ બંગાળી છોકરાને સાથે રાખવાનું કબૂલ કર્યું.

શશી જવા લાગી એટલે નીલમણિએ તેનો છેડો પકડયો. સાહેબે કહ્યું, 'ભાઈ, તું જરાયે બીશ નહિ. અહીં આવ !'

ઘૂમટામાં આંસુ લૂછતી લૂછતી શશી કહેવા લાગી, 'મારા વહાલા ભાઈ, જા. પછી હું તને મળીશ !'

એટલું કહી તેને આલિંગન કરી, તેના માથા પર હાથ મૂકી કોઈ પણ રીતે છેડો છોડાવી તે જતી રહી. સાહેબે નીલમણિને ડાબા હાથે પકડી રાખ્યો. તે 'બહેન, બહેન' કહેતો ઊંચે અવાજે રડવા લાગ્યો. શશી એકવાર ફરીથી તેના તરફ જોઈ જમણો હાથ લંબાવી તેને મૂંગું આશ્વાસન આપી ફાટતા હૃદયે ચાલી ગઈ.

વળી એ બહુ કાળના ચિરપરિચિત પુરાતન ઘરમાં પતિપત્નીનો મેળાપ થયો. જેવી દૈવની ઇચ્છા !

પરંતુ આ મેળાપ બહુ ન ટક્યો. કારણ કે આ બનાવ પછી થોડી જ મુદતમાં એક દિવસ સવારમાં ગામના લોકોને સમાચાર મળ્યા કે રાત્રે શશી કૉલેરાથી મરણ પામી છે અને રાતોરાત તેના અગ્નિદાહની ક્રિયા થઈ ચૂકી છે.

છૂટા પડતી વેળા શશી ભાઈને વચન આપી ગઈ હતી કે ફરી મેળાપ થશે. એ વચન કયે સ્થળે પળાયું છે તે અમે જાણતા નથી.

*

---

ધર્માચાર્યોની પાછળ પાછળ ફરવાથી કે ધાર્મિક કથાપ્રવચનો સાંભળવાથી જ કંઈ સત્યનું સ્વરૂપ સમજાતું નથી. જે વ્યક્તિ પોતાનાં કર્તવ્ય યોગ્ય રીતે નીતિપૂર્વક બજાવે છે તેને સત્ય વિચારો આપોઆપ જ સૂઝે છે, તેનું અંતર સત્યના અનુભવથી આપોઆપ જ ભરાઈ જાય છે.

---

## કાર્ય–કારણ

એ મહાવનમાં થઈ હું ચાલ્યો જતો હતો. ત્યાં મારી નજર એક મહાસભા પર પડી. વનમાં સભા કોની હોય ? વૃક્ષનાં મૂળિયાંઓની મહાસભા ભરાઈ હતી. અને એ સભામાં અટ્ટહાસ્ય અને કટાક્ષ–હાસ્યની મહેફિલ જામી હતી :

હસતાં મૂળિયાંઓને મેં પૂછ્યું; "ઓ ભલાં મૂળિયાં ! આજ કાં તમે વ્યંગ–હાસ્ય, કટાક્ષ–હાસ્ય અને અટ્ટ–હાસ્ય કરો છો ? તમારે વળી હાસ્ય હોય ખરું ?"

મારા આ પ્રશ્નથી સભામાં સ્તબ્ધતા છવાઈ ગઈ. એક અતિ વૃદ્ધ મૂળિયું બોલી ઊઠ્યું, "ભાઈ ! આજે અમે માનવજાતની અનાવડત–અજ્ઞાનતા પર હસીએ છીએ. તમે રોજ હસો તો અમે કોક વાર તો હસીએ ને ! જો અમે જમીનમાં દટાણાં, ધૂળમાં રગદોળાણાં, અંધકારમાં પુરાણાં અને વૃક્ષને ખુલ્લી હવા અને પ્રકાશમાં મોકલ્યું. આજે એ વૃક્ષ પર ફળો આવે છે, ત્યારે ડાહી કહેવાતી માનવજાત, એ વૃક્ષ અને ફળોને વખાણે છે અને ધન્યવાદ આપે છે, પણ એના ઉત્પાદકને તો સાવ જ ભૂલી જાય છે. અરે ! અમને તો સદા અનામી જ રાખે છે ને યાદ પણ કોઈ કરતું નથી.

એટલે, અમને બધાંને આજે હસવું આવ્યું કે જુઓ તો ખરા, આ ડાહ્યા માણસોની ગાંડી બુદ્ધિ !–જે કાર્યને જુએ છે પણ કારણને સંભારતા પણ નથી ને સમજતી પણ નથી !"

એમની આ વાત સાંભળી મને ગામડિયાં માબાપના શહેરી છોકરા યાદ આવ્યા !

# મહારાજની વાતો

શ્રી રવિશંકર મહારાજ

## સુખદુઃખ તો મનના ઘાટ

ઘણાં વર્ષ પહેલાંની વાત છે. હું મારા એક મિત્ર સાથે એમના એક મિત્રને ત્યાં અમદાવાદ શહેરમાં ઊતર્યો હતો. એ શ્રીમંત હતા. એમને ગાંધીજીનાં દર્શન કરવાની બહુ ઇચ્છા. શિયાળાની ઋતુ હતી. કડકડતી ઠંડીમાં સવારે વહેલા અમે ત્રણેય જણ સાબરમતી આશ્રમમાં જવા નીકળ્યા. શેઠે ગરમ કોટ પહેર્યો હતો, છતાં ઠંડીથી એમનું શરીર ધ્રૂજતું હતું. મારી પાસે મને શોભે એવી એક કામળી હતી. મને ટાઢ નહોતી વાતી, એટલે કામળી મેં શેઠને આપવા માંડી. પણ એમણે ન લીધી. પરંતુ હું જોતો હતો કે એમનું શરીર ધ્રૂજતું હતું. મેં ફરીથી કામળી લેવા આગ્રહ કર્યો, પણ એમણે ના પાડી.

આમ બે-ત્રણ વાર મેં આગ્રહ કર્યો, પણ શેઠે કામળી લીધી નહીં. મારા મિત્ર જરા વ્યવહાર-કુશળ હતા. એમણે પાછળ રહીને ધીમેથી મારો હાથ દબાવી સાનમાં કહ્યું: 'હવે છાનો રહે ને!' ત્યારે મને ખબર પડી કે આ ભરવાડની કામળી જેવી મારી કામળી એ શ્રીમંતના શરીર ઉપર કેવી લાગે!

હું વિચારમાં પડ્યો કે, જે કામળી મને સુખ આપતી હતી, તે શેઠને શરમાવનારી હતી; પણ એ જ કામળી જો કોઈ ગરીબને આપી હોત તો? એને તો સુંદર શાલ જ લાગત. મને થયું, સુખ-દુઃખ જેવી દુનિયામાં કોઈ ચીજ નથી. સુખદુઃખ અપેક્ષાએ છે. એ તો મનના ઘાટ છે.

## ઘરનો આધાર બહેનો પર

ઘર કેમ ચલાવવું એ બહેનો ઉપર આધાર રાખે છે. આજે બધે તંગી–તંગીની બૂમો પડે છે, તેમાં બહેનોનો પણ થોડો વાંક છે. બહેનો તાણી-તૂસીને ઘર ચલાવતાં શીખે તો થોડી તંગી ઓછી થાય આજે આપણે ત્યાં અનાજ ને તેલ ખૂટ્યાં છે. એનું એક કારણ એ પણ છે કે પહેલાં કરતાં આજે એની વપરાશ વધી છે. પહેલાં તેલ ૩॥ રૂપિયે મણ મળતું, ત્યારે પણ કરકસરથી વાપરતા. અને આજે જ્યારે તેલ ૩॥ રૂપિયે કિલો મળે છે, ત્યારે થાળીમાં તેલના રેલા ચાલતા હોય છે.

અને થાળીમાં બગાડો પણ કેટલો થાય છે! પહેલાં એક દાણો પણ છંડાતો તો મા કહેતી કે જો છાંડીશ તો ભગવાન પાંપણે પાંપણે તારી પાસે મીઠું વિણાવશે. જો આ બગાડો રોકાય તોયે કરોડો મણ અનાજ આપણે બચાવી શકીએ. દરેક જણ દિવસમાં ત્રણ વખત થઈને રૂપિયાભાર અનાજ બચાવે, તોયે ૪૫ કરોડના આ દેશમાં વરસે ૯ કરોડ મણ દાણા બચે.

આ બધું બહેનોના હાથમાં છે. તેઓ કરકસરથી ઘર ચલાવે તો દેશને ફાયદો થાય. આજે તો કોઈ ચીજ વિના જરીક ચલાવી લેવાનું આપણે શીખ્યા જ નથી. મને યાદ છે કે એક વાર તંગીના વખતે અમારા ઘરમાં આમલી ખૂટી ગઈ, તો મારી મા કોઈને ત્યાં માગવા નહોતી ગઈ. આંબો આવ્યો ત્યાર પછી દાળમાં કેરી નાખવા માંડી. પણ ત્યાં સુધી તો અમે ખટાશ વિનાની જ દાળ ખાધી. આમ કોક ચીજ વિના ચલાવી લેવાની પણ ટેવ પાડવી જોઈએ. માણસે ન ઉડાઉ, ન તો કંજૂસ થવું, પણ કરકસરિયા તો થવું જ જોઈએ. અને આમાં ટેવ પાડવાની જરૂર છે. નાનપણથી આપણને જમણા હાથે ખાવાની ટેવ પડી ગઈ છે, તેમ મા-બાપે નાનપણથી છોકરાંઓને કરકસરથી જીવવાની ટેવ પાડવી જોઈએ.

## જ્ઞાનનો મહિમા

આપણે જ્ઞાનનો મહિમા તો ઘણો ગાઈએ છીએ, પણ જ્ઞાનનો ખરો અર્થ આપણે સમજી લેવો જોઈએ. પુસ્તકિયા માહિતી એકઠી કરવી કે ડિગ્રી મેળવવી એ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન તો આ બધાથી સાવ આગવી ચીજ છે. ખરું જ્ઞાન તો તે કહેવાય, જેમાં પોતાપણું બિલકુલ વીસરી જવાય, હુંપણું

---

સુદામા અને નરસિંહ મહેતાની ગરીબાઈ એ સત્યનો પ્રકાશ પ્રાપ્ત કરવા માટે ભગવાને તેમને આપેલી અમૂલ્ય ભેટ હતી.

ઓગળી જાય. બધાં કર્મો સહજ, સ્વાભાવિક અને આસક્તિરહિત થાય ત્યારે જ્ઞાન થયું કહેવાય. નાનાં મોટાં બધાંય કર્મો એકસરખા ભાવથી થયાં કરે.

જ્ઞાનનું બીજું લક્ષણ છે શુભાશુભનું યથાર્થ ભાન. પોતાનું કલ્યાણ અને અકલ્યાણ શેમાં છે તેનો વિવેક કરી શકનાર જ ખરો જ્ઞાની છે. જ્ઞાનમાં વિવેક ભળે છે, ત્યારે તે દીપી ઊઠે છે. વિવેકહીન જ્ઞાન જોઈએ એટલું ખપમાં આવતું નથી.

જ્ઞાનને આચરણમાં મૂકવા માટે સંકલ્પની જરૂર પડે છે. જ્ઞાન અને વિવેકની સાથે સત્ય સંકલ્પ જોડાયેલો ન હોય, તો માણસ પાછો ઢીલો પડી જાય છે. સંકલ્પબળના અભાવે જ્ઞાન ફલદાયી નથી નીવડતું.

આમ, જ્ઞાનનો અર્થ મૂળમાં છે સમજણ. એ સમજણની સાથોસાથ માણસમાં વિવેકબુદ્ધિનો વિકાસ થતો જાય છે. અને વળી માણસમાં જાગૃતિ હોય તો સંકલ્પ પણ ભળે છે. જ્ઞાન, વિવેક અને સંકલ્પ એ ત્રણેયનો સમન્વય થાય તો માણસમાં અજોડ શક્તિ આવે છે.

*

---

ધન અને ઇંદ્રિયોના સુખભોગો ભોગવતાં ભોગવતાં પામર બની ગયેલો મનુષ્ય દાન કરે છે તે પણ પરોપકારના હેતુથી નહિ, પણ પોતાને વધારે ધન અને સુખો મળે એવા હેતુથી કરે છે.

---

## મૃદુ છતાં કઠોર

આશ્રમમાં એક અંધ બાઈ બપોરે આવી પહોંચી હતી. તેને ભીખ માગતી જોઈને ઘણાએ તેને બહાર કાઢવા પ્રયાસ કર્યો, પણ તે ન ગઈ. આખરે ગાંધીજીએ તેને કહ્યું; "અહીં ભીખ આપવામાં નથી આવતી; બધા મહેનત કરે છે. પરસેવો ઉતારે છે ને ખાવા પૂરતું ખાય છે. તને ભિક્ષા કયાંથી અપાય ? તું અહીં રહી શકે છે, કાંતતાં વણતાં શીખી શકે છે ને તારો રોટલો મેળવી શકે છે."

જેમતેમ કરતાં થોડો વખત તે રહી, કાંતતાં શીખી, પણ પાછી આળસી ગઈ ને આશ્રમમાં રખડવા માંડ્યું. ગાંધીજીએ તેને અંધ-આશ્રમમાં મૂકવા કહ્યું. તેણે ના પાડી. ગાંધીજીએ કહ્યું; "મહેનત કરવી હોય તો રહો નહિ તો અંધ-આશ્રમમાં જાઓ, હું ચિઠ્ઠી આપું." પેલી બાઈએ ના પાડી. ગાંધીજી ઊઠ્યા, પેલી બાઈનો હાથ ઝાલી દરવાજે મૂકી આવ્યા. એક ભાઈને આગળ મૂકી આવવા કહ્યું. પેલી બાઈ રડતી ચાલી ગઈ.

## સરિતાનાં નીર

શુક્લતીર્થનાં તટ પર સૂર્યે પોતાનાં કોમળ કિરણો ચારે તરફ પાથરવાની શરૂઆત કરી હતી. કિનારો સાવ નિર્જન હતો. એટલામાં હું ત્યાં જઈ ચઢ્યો. નર્મદાનાં નીર ત્વરિત ગતિએ ચાલ્યાં જતાં હતાં. મને થયું કે કંઈક ઉતાવળનું કામ હશે એટલે ઝડપથી ચાલ્યાં જાય છે, પણ જતાં જતાં એ પોતાના હૈયાની એક ગુપ્ત વાત કહેતાં ગયાં. એ આકાશના તારા જેવું નિર્મળ સ્મિત કરી બોલ્યાં :

માનવી ! તું પ્રમાદી છે, અમે ઉદ્યમી છીએ. તું અનેક દૈવમાં આસક્ત છે, અમે એકમાત્ર સાગરમાં જ આસક્ત છીએ. તારું ધ્યેય અનિશ્ચિત છે, અમારું ધ્યેય નિશ્ચિત છે. તું વ્યક્તિમાં રાચે છે, અમે સમષ્ટિમાં રાચીએ છીએ. તું બીજાના નાના દોષને મોટા કરે છે, અમે બીજાના મોટા દોષને પણ ધોઈ ને સ્વચ્છ કરીએ છીએ. તારા સમાગમમાં આવનાર ઉજ્જવળ પણ મલિન બને છે, અમારા સમાગમમાં આવનાર મલિન પણ ઉજ્જવળ બને છે. જા, જા, સ્વાર્થી માનવ ! જા, તારા ને અમારા જીવન કે વિચારોમાં જરાય મેળ ખાય તેમ નથી. એટલે જ તારા સંસર્ગથી દૂર જવા અમે ઝડપભેર સાગરભણી જઈ રહ્યાં છીએ !

જગન્માતા

# સતી અથવા પાર્વતી

શ્રી 'વિનાયક'

(૨)

કૈલાસમાંથી શિવની આજ્ઞા વિના નીકળીને સતી પોતાના માણસો સાથે ગંગાકિનારે ખાસ ઊભા કરાયેલા દક્ષપ્રજાપતિના યજ્ઞમંડપમાં પહોંચ્યાં. દક્ષ-પ્રજાપતિએ પોતાની પુત્રીને આટલા લાંબા સમયે જોઈ તોપણ એ અભિમાની પિતાએ તેને બોલાવી સરખી નહિ. દક્ષ પ્રજાપતિ સતી સાથે કંઈ ન બોલ્યો, એટલે તેનું જોઈને બીજું કોઈ પણ સતી સાથે બોલ્યું કર્યું નહિ. માત્ર સતીની માતા અને તેની બહેનોએ નાછૂટકે તેને ઉપરઉપરથી બોલાવી. જાણે સતીના રૂપમાં અહીં કોઈ પરાયું પ્રાણી આવી ભરાયું હોય એવું લૂખું લૂખું વર્તન સૌ કોઈ સતી પ્રત્યે દાખવતું હતું; આથી સતીને ખૂબ જ માઠું લાગ્યું. તેને પોતાના પતિ ભગવાન શંકરે કહેલી બધી વાતો યાદ આવવા લાગી. તેને થયું : 'આના કરતાં તો ભગવાન શંકરનું કહ્યું માનીને ન આવી હોત તો સારું હતું.'

આ યજ્ઞમાં સતીના દેખતાં જ ભગવાન શંકરને તેમના હક્કનો ભાગ ન આપીને તેમનું ઘોર અપમાન કરવામાં આવ્યું. પોતાના અપમાન કરતાં પણ પોતાના સમર્થ પતિનું આ રીતે કરાયેલું ઘોર અપમાન સતીને ખૂબ જ વધારે પ્રમાણમાં સાલ્યું. તેમને પોતાના પિતા પ્રત્યે ખૂબ જ રોષ ચડ્યો; ક્રોધમાં તેમની આંખો એવી લાલચોળ થઈ ગઈ, જાણે તે હમણાં જ સર્વ જગતને ભસ્મીભૂત કરી નાખશે કે શું? પોતાના સ્વામીની પત્નીનો આવો રોષ સતીની સાથે આવેલા શિવજીના પાર્ષદો પણ કળી ગયા અને તેઓ પોતે દક્ષ પ્રજાપતિને આનો બરાબર દંડ દેવા માટે તત્પર બની ગયા. પરંતુ સતીએ તેમને તેમ કરતાં વાર્યા અને ત્યાં હાજર થયેલા સૌના દેખતાં સતીએ પોતાના ગર્વિષ્ઠ પિતાને સંભળાવ્યું :

'પિતાજી, ભગવાન શંકર સૌના પ્રિય આત્મા છે; તેમનાથી વધે એવું આ દુનિયામાં બીજું કોઈ નથી. તેમને તો કોઈ વહાલું કે દવલું નથી. તેઓ તો સર્વરૂપ છે. એટલે તેમને કોઈના પ્રત્યે વેર કે વિરોધ છે જ નહિ. આવા અજાત-શત્રુ પ્રત્યે તમારા સિવાય બીજું કોણ વિરોધ દાખવે? તમારા જેવા જ્ઞાનહીન લોકો જ બીજાના સદ્‌ગુણોને દેખી શકતા નથી; દૂધમાંથી પોરા કાઢવાનો તમારા લોકોનો સ્વભાવ પડી ગયો હોય છે. જે બીજાના રાઈ જેવા ગુણ પણ પહાડ જેવા ગણે છે તે જ મહાપુરુષ છે. મારા સમર્થ સ્વામી ભગવાન શંકર આવા જ એક મહાપુરુષમાં પણ તમે દોષ જોવા માંડ્યા છે. જે દુષ્ટ માણસ આ મુડદાલ દેહને જ આત્મા માને છે તે હમેશાં ઈર્ષ્યા-વશ બનીને મહાત્માજનોની નિંદા કરે છે. પરંતુ મહાત્માઓની ચરણરજ આવા નિંદાખોર પાપીઓના તેજનો નાશ કરવા સમર્થ હોય છે. જેમનું 'શિવ' એટલું બે અક્ષરનું નામ વાતચીતના પ્રસંગમાં પણ જીભ પર આવી જાય તો એવું નામ લેનારનાં બધાં પાપ તત્કાળ નાશ પામી જાય છે, જેમના શાસનને કોઈ ઉલ્લંઘી શકતું નથી અને જેમની કીર્તિ પરમ-પવિત્ર છે, તેવા મંગલકારી 'શિવ'નો તમે દ્વેષ રાખો છો તે એક મોટું આશ્ચર્ય છે. આથી સાબિત થાય છે કે તમે પોતે જ અમંગલસ્વરૂપ છો. અરે, મહાપુરુષોનાં મનરૂપી ભ્રમર બ્રહ્માનંદનું રસપાન કરવા માટે જેમનાં ચરણકમળોનું નિરંતર સેવન કરે છે અને પોતાના ભક્તોની જેઓ બધી શુભેચ્છાઓ પૂરી કરે છે તે વિશ્વબંધુ ભગવાન ભૂતનાથ સાથે તમે વેર બાંધ્યું છે, એ તમારા માટે ખરેખર દુર્ભાગ્યની વાત છે. તમે કહ્યા કરો છો કે મારા સ્વામીનું તો નામ જ માત્ર 'શિવ' છે, બાકી તેમનો વેશ મહા અ–શિવ, અભદ્ર, અમંગળ છે; કેમ કે તેઓ નરમુંડોની માળા, ચિતાની ભસ્મ અને ખોપરીઓ ધારણ કરીને, જટા છૂટી મૂકીને ભૂત-પિશાચો સાથે સ્મશાનમાં વાસ કરે છે; પરંતુ માણસના વેશ સામું જોયા કરતાં તેના હૃદય સામું જોવું જોઈએ. સ્મશાનમાં વસનારા એ જ શિવે વખત આવ્યે દેવોને બચાવવા માટે હળાહળ ઝેર પીધું અને

---

જે ઇંદ્રિયોનો ગુલામ અને દુન્યવી સુખોનો વ્યસની છે, તે એ સુખસગવડોના સુંવાળા આવરણમાં રહીને કદાપિ સત્યના યથાર્થ સ્વરૂપને પામી શકતો નથી.

નીલકંઠ બન્યા. બ્રહ્મા અને વિષ્ણુ જેવા મહાન દેવો મારા સમર્થ સ્વામીનું પૂરેપૂરું સન્માન સાચવે છે અને તેઓ તેમની પૂરેપૂરી કિંમત આંકે છે. પરંતુ એ ખરું છે કે મહાન વ્યક્તિઓ જ મહાન વ્યક્તિઓની કિંમત કરી શકે છે. અરે મને તો તમારા પર એટલું બધું માઠું લાગ્યું છે કે મારા સ્વામી ભગવાન શંકરની નિંદા કરનાર તમારામાંથી ઉત્પન્ન થયેલો મારો આ દેહ હવે હું વધુ વાર નહિ ધારણ કરું ! જો ભૂલથી કોઈ દૂષિત અન્ન ખાવામાં આવ્યું હોય તો ઊલટી કરીને તેને કાઢી નાખીએ તો જ દેહશુદ્ધિ થઈ શકે; તેવી જ રીતે મારી આત્મશુદ્ધિ માટે મારે તમારાથી ઉત્પન્ન થયેલો મારો આ દેહ ભસ્મીભૂત કરી નાખવો પડશે. મારા સ્વામી કોઈ વાર મજાકમાં પણ મને 'દક્ષકુમારી', 'દાક્ષાયણી' એવા નામથી પોકારે છે, ત્યારે મારો જીવ બળીને ખાખ થઈ જાય છે; કેમ કે એ નામનો તમારા નામ સાથે સંબંધ છે. એટલે હવે આપના દેહમાંથી ઉત્પન્ન થયેલા મડદાતુલ્ય મારા આ દેહનો હું ત્યાગ કરું છું, કેમ કે મારે માટે એ કલંકરૂપ છે.'

યજ્ઞમંડપમાં સૌના દેખતાં આ પ્રમાણે કહીને સતી ચૂપ થઈ ગયાં અને ઉત્તર દિશામાં મોં કરીને બેસી ગયાં. તેમનો દેહ પીળા રેશમી વસ્ત્ર વડે ઢંકાયેલો હતો. આંખો બંધ કરીને તે ધ્યાનમાં સ્થિર થઇ ગયાં. ભગવાન શંકરે સતીના જે દેહને વારંવાર ખૂબ જ માનપૂર્વક પોતાના ખોળામાં સ્થાન આપ્યું હતું તે જ દેહને સતી પોતાના નિંદાખોર પિતા પ્રત્યે ક્રોધે ભરાઈને તજી દેવા માગતાં હતાં; એટલે તેમણે પોતાના સમસ્ત અવયવોમાં અગ્નિ અને વાયુનું આવાહન કર્યું. એ પછી તે પોતાના સ્વામી જગદ્‌ગુરુ ભગવાન શંકરનાં ચરણોનું ધ્યાન ધરવા લાગ્યાં. એ સિવાય બીજી વસ્તુનું તેમને ભાન ન રહ્યું. એ જ સમયે સ્વભાવથી જ નિષ્પાપ એવો તેમનો દેહ યોગાગ્નિથી બળીને ભસ્મ થઇ ગયો.

આ પ્રમાણે એ પતિવ્રતા સતીની ઇહલોકની લીલા પૂરી થઇ. જીવનભર તેમણે પોતાના પતિનું જ તન, મન અને પ્રાણથી ધ્યાન ધર્યું હતું અને પતિનું ધ્યાન ધરતાં ધરતાં જ તેમણે પોતાના જીવનનો ત્યાગ કર્યો.

આ રીતે પોતાના અંત સમયે પણ સતીએ ભગવાન શંકર પાસે આવું વરદાન માગ્યું હતું :

'જન્મોજન્મ ભગવાન શંકરના ચરણોમાં મારો અનુરાગ હો !'

**સતી મરત હરિ સન બરુ માગા,**
**જનમ જનમ શિવ પદ અનુરાગા.**

(તુલસી–રામાયણ)

આથી ફરીથી ગિરિરાજ હિમાલયને ત્યાં સતી પાર્વતીરૂપે જન્મ્યાં અને તેમણે ભગવાન શંકરને ફરી પતિ રૂપે મેળવ્યા. સતીનો આવો દિવ્ય પતિપ્રેમ ભારતની સ્ત્રીઓ માટે આદર્શ બની ગયો છે. આજે ઘેર ઘેર સતીપૂજાનું જે માહાત્મ્ય મનાય છે તે દક્ષ પ્રજાપતિનાં આ પવિત્ર કન્યા સતીની પતિ પ્રત્યેની આદર્શ શ્રદ્ધા અને અપૂર્વ ભક્તિને લીધે જ છે. ગંગાકિનારે જે સ્થાને સતીએ પોતાનો દેહ છોડયો હતો, તે આજે પણ 'સૈનિક તીર્થ'ના પવિત્ર તીર્થધામ તરીકે ઓળખાય છે.

## સતી પાર્વતી

એમ કહેવાય છે કે દેવી પાર્વતી જ પૂર્વજન્મમાં ભગવાન શંકરનાં પ્રથમ પત્ની સતીદેવી હતાં. જ્યારે ભગવાન શંકરનાં પ્રથમ પત્ની સતીદેવી જીવતાં હતાં અને ભગવાન શંકરના સંસારને સ્વર્ગ બનાવતાં હતાં, ત્યારે હિમાલય પ્રદેશમાં એક સમર્થ રાજા રાજ્ય કરતા હતા. એ રાજા હિમાલય પર્વત જેવા અડગ હતા, એટલા માટે લોકોમાં તેઓ હિમાલયરાજના નામે જ જાણીતા થયા. વળી તેમનું રાજ્ય પર્વતપ્રદેશમાં હોવાથી તેઓ 'પર્વતરાજ'ના બીજા નામે પણ ઓળખાતા હતા. હિમાલયરાજને મેનાદેવી નામનાં સુશીલ રાણી હતાં. એક વાર રાણી મેનાદેવી ફરતાં ફરતાં કૈલાસપ્રદેશમાં જઈ ચડ્યાં; ત્યાં તેમણે ભગવાન શંકરનાં ધર્મપત્ની સતીદેવીને એક આદર્શ ગૃહિણીના સ્વરૂપમાં જોયાં. એથી મેનાદેવીના મનમાં સ્વાભાવિક ઇચ્છા જાગી : 'મારી કૂખથી આ સતી

---

**ધન અને ઇંદ્રિયોના ભોગો અને સુખ સગવડો ભોગવતાં ભોગવતાં માણસ પામર, સ્વાર્થી અને સત્યના અનુભવથી વંચિત બની જાય છે.**

જેવી સુલક્ષણા કન્યા જન્મે તો કેવું ! સાચા હૃદયથી પ્રભુને મારી આવી જ પ્રાર્થના છે.'

મેનાદેવીના સાચા હૃદયની ઇચ્છા પ્રભુએ પાર પાડી અને સતીદેવી જેવી જ એક સુલક્ષણી કન્યા એમની કૂખે અવતરી, એટલે ભગવાન શંકરનાં જ બીજાં ધર્મપત્ની બનવાનું માન પણ રાણી મેનાદેવીની આ કન્યા-કુંવરીને જ મળ્યું.

આ કન્યા તે જ પાર્વતી. પર્વતરાજની કન્યા હોવાથી તે 'પાર્વતી' નામે ઓળખાય છે. વળી 'ગિરિજા,' 'શૈલજા' એવા નામે પણ તેઓ ઓળખાય છે. આ ઉપરાંત તેમનો વાન એવો ગોરો હતો કે તેઓ 'ગૌરી' નામે પણ ઓળખાય છે. આ સિવાય 'ઉમા' નામે પણ તેઓ જાણીતાં છે.

નાનકડાં પાર્વતી ધીરે ધીરે ચંદ્રકળાની જેમ મોટાં થવા લાગ્યાં. એ જેમ જેમ મોટાં થતાં હતાં તેમ તેમ તેમનો દેહ વધુ ને વધુ સુડોળ અને સોહામણો બનતો જતો હતો; વળી સ્વભાવે પણ તેઓ અત્યંત પ્રેમાળ હોવાથી સૌને તેમનું દર્શન પ્રિય લાગતું હતું. માતાપિતા-રાજારાણી તો તેમની આ 'રૂપે રૂડી અને ગુણે પૂરી' એવી પાર્વતીને જોતાં ધરાતાં જ નહોતાં; કુંવર કરતાં પણ આ કુંવરી પર તેમને અધિક હેત કુદરતી રીતે જ ઊપજતું હતું. પાર્વતી વિશે ઘણી ઊડતી વાતો દેવર્ષિ નારદના કાને પણ આવી હતી; તેમને પણ પાર્વતીને નીરખવાનું ઘણું મન હતું. એટલે નારદજી ફરતા ફરતા એક વાર હિમાલયપ્રદેશમાં આવી ચડ્યા. પાર્વતીના પિતા પર્વતરાજે તેમનો ઉત્તમ આદરસત્કાર કર્યો અને ઊંચા આસન પર તેમને બેસાડ્યા. દેવર્ષિ નારદ પોતાના મહેલે પધાર્યા, એટલે પર્વતરાજે પોતાની લાડલી કુંવરી પાર્વતીને પોતાની પાસે બોલાવી અને તેમને નારદમુનિના ચરણોમાં પ્રણામ કરાવ્યા. એ પછી હાથ જોડીને પર્વતરાજે નારદજીને પૂછ્યું : 'મુનિવર, આપ તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન-ત્રણે કાળના જાણનારા છો. કૃપા કરીને મારી આ લાડકી કુંવરીનું ભાવિ કેવું છે એ જરા બતાવશો ?'

નારદજી તો ત્રિકાળજ્ઞાની હતા જ. મોં પર સ્મિત સાથે કંઈક મર્મભરી વાણીમાં તેઓ બોલ્યા : 'પર્વતરાજ, તમારી આ પાર્વતી સર્વ ગુણોની ખાણ છે. પ્રકૃતિથી એ સુંદર, સુશીલ અને સમજણી છે. આગળ જતાં એ ઉમા, અંબિકા અને ભવાની ઇત્યાદિ જુદાં જુદાં નામોથી જાણીતી થશે. તેનામાં સર્વે સારાં લક્ષણો નજરે પડે છે. તે પોતાના પતિની હમેશાં પ્રીતિપાત્ર રહેશે. તેનું સૌભાગ્ય પણ છેક સુધી અખંડિત રહેશે. આ છોકરી તેની માતાની કૂખ ઉજાળશે. સમસ્ત જગતમાં એ પૂજાશે. રાજન્, આ પ્રમાણે તમારી કુંવરી સર્વ પ્રકારે ભાગ્યશાળી છે; પરંતુ તેના વિરુદ્ધમાં પણ એક વાત છે. એ પણ મારે તમને કહી દેવી જોઈએ. તેનો પતિ માનઅપમાનની પરવા ન રાખનારો, ગુણઅવગુણની પણ પરવા ન રાખનારો, માતાપિતાવિહોણો, ઉદાસીન, કોઈ જાતના સંશય વગરનો, જોગી, જટાધારી, કોઈ જાતની કામના વગરનો, લંગોટી વાળનારો અને અમંગળ વેશભૂષાવાળો હશે. કોણ જાણે કેમ તમારી આ પુત્રીના હાથમાં આવી જ ભાગ્યરેખા પડેલી છે.'

નારદમુનિના મુખથી આવી વાત સાંભળીને પર્વતરાજ અને મેનાદેવી બન્ને અંતરમાં બહુ દુઃખ અનુભવવા લાગ્યાં; પરંતુ કોણ જાણે કેમ, નાનકડાં પાર્વતી આ વાત સાંભળી ઘણાં આનંદિત બન્યાં, કેમ કે પ્રકૃતિએ એ બાળાને પહેલેથી જ કુદરતને ખોળે રમવું ગમતું હતું; અને આવો કોઈ વિરક્ત સંન્યાસી જેવો પતિ મળે તો પોતાને હમેશાં કુદરતના ખોળામાં ખેલવાનું અનાયાસે મળી રહે, એવી તેમની ઇચ્છા હતી.

પર્વતરાજને ઉદાસ જોઈને નારદજી બોલ્યા : 'પર્વતરાજ, મેં તમને કહ્યું એવો જ વર તમારી પાર્વતીને મળશે એમાં સંદેહ નથી; પરંતુ વરના જે ગુણદોષો મેં બતાવ્યા તે બધા મને શિવમાં માલૂમ પડે છે. જો શિવ સાથે પાર્વતીનું લગ્ન કરાવવામાં આવે તો તેમના આવા દોષોને પણ સર્વ લોકો ગુણો સમાન જ લેખશે. વળી શિવ સાહજિક રીતે જ સમર્થ છે; વળી તેઓ એક મોટા દેવતા છે. માટે તેમની સાથે આ કન્યાનું લગ્ન સર્વ રીતે કલ્યાણરૂપ નીવડશે.

---

પરોપકાર કે પરહિતની ભાવનાથી નહિ, પણ પોતાને પુણ્ય થાય અને વધારે સુખ-ભોગો તથા લાભ થાય એવા હેતુથી દાન કરનારાઓ કેવળ ગરીબ પામરો જ છે.

જોકે મહાદેવજીને પ્રસન્ન કરવા માટે ઘણું કઠણ તપ કરવું પડે. પણ એવું તપ કરવાથી તેમના 'આશુતોષ' નામ પ્રમાણે તેઓ તરત જ પ્રસન્ન થઈ જાય છે. જો તમારી કુંવરી મહાદેવજીને તપ વડે પ્રસન્ન કરે, તો તેઓ ગમે તેવી આપત્તિને ટાળી શકવા સમર્થ છે. તેઓ કૃપાના સાગર અને સેવકોના મનને પ્રસન્ન રાખવાની વૃત્તિવાળા છે.'

આટલું કહીને નારદ પોતાની વીણા વગાડતા વગાડતા ત્યાંથી બ્રહ્મલોક ભણી ચાલી નીકળ્યા.

પાર્વતીએ પોતાનું તપ ક્યારે શરૂ કરવું તેનો કોઈ સુયોગ પર્વતરાજ શોધવા લાગ્યા.

આ બાજુ જ્યારથી મહાદેવનાં પ્રથમ પત્ની સતીએ પિતાના હાથે પતિનું અપમાન થવાથી યોગાગ્નિથી પોતાના દેહને ભસ્મ કરી દીધો હતો, ત્યારથી મહાદેવે બીજું લગ્ન કર્યું નહોતું. ભોગવિલાસ તરફ તેમની પહેલેથી જ વૃત્તિ નહોતી. સંસાર તેમને ખાસ ગમતો નહોતો. હિમાલયનું એ સુંદર શિખર શોધી કાઢીને તેમણે તપ કરવા માંડ્યું હતું. ત્યાં તેમની સેવામાં તેમનો સદાનો સાથી એવો પાર્ષદ પ્રમથ નામનો ગણ અને નંદી નામે પોઠિયો હાજર હતા. પરમ સંન્યાસી એવા મહાદેવ આત્મસ્વરૂપના ધ્યાનમાં મગ્ન હતા.

બીજી બાજુ ઉંમરલાયક થયેલી પાર્વતીને લઈને પર્વતરાજ મહાદેવની પૂજા કરવા ત્યાં આવી પહોંચ્યા. આત્મસમાધિમાં લીન બનેલ મહાદેવનું પર્વતરાજે ભક્તિભાવે પૂજન કર્યું. પછી પાર્વતીને આજ્ઞા કરતાં કહ્યું : 'પાર્વતી, તારી સખીઓ સાથે તું અહીં આવીને વસજે અને ભગવાન શંકરની પૂજા કરજે.'

પાર્વતીને પણ હૃદયથી આ વસ્તુ ગમતી જ હતી; અને એ જ મનગમતી વસ્તુનો પિતાએ આદેશ કર્યો, એટલે પાર્વતીના આનંદનું પૂછવું જ શું? યથાસમયે પાર્વતી પોતાની સખીઓ સાથે ત્યાં આવી પહોંચ્યાં અને હોંશપૂર્વક શિવની સેવાપૂજામાં લાગી ગયાં.

જોકે શિવને કોઈની સેવા લેવી બિલકુલ રુચતી નહોતી, છતાં પાર્વતી જેવા પવિત્ર હૃદયની કુમારિકાની સેવા લેવામાં તેમણે ખાસ કશો વાંધો લીધો નહિ અને તેમની સેવા સ્વીકારી. શિવ વિચારતા હતા : 'સાચા હૃદયથી આ બિચારી મારી સેવા કરવા અહીં સુધી આવી છે; તેમાં તેનાં માતાપિતાની પણ સંમતિ છે, એટલે તેને ના કહી તેનું દિલ દૂભવવું એ બરાબર નથી. વળી આવી સરળ, શુદ્ધ અને નિખાલસ હૃદયની કન્યાનો ડર પણ શો?'

પાર્વતી પણ શિવની પૂજામાં બરાબર લાગી ગયાં. દરરોજ તે પૂજા માટે ફૂલ ચૂંટી લાવતાં, યજ્ઞની વેદીને લીંપીગૂંપીને સ્વચ્છ રાખતાં અને શિવના નિત્યકર્મ માટે જળ અને દર્ભ વગેરે લાવીને તૈયાર રાખતાં હતાં. આ રીતે તેઓ નિરંતર શિવની સેવા ઉઠાવતાં હતાં, છતાં તેમને જરાકે થાક જેવું લાગતું નહોતું; શિવ પ્રત્યે એવી તેમની ભક્તિ હતી.

આ જ અરસામાં તારકાસુર નામના એક મોટા રાક્ષસનો ત્રાસ બહુ વધી ગયો હતો. તેનું બાહુબળ, પ્રતાપ અને તેજ ખૂબ જ પ્રમાણમાં હતું. તેણે સર્વ લોક અને લોકપાળોને જીતી લીધા હતા. ખુદ દેવલોકો પણ તેનાથી 'ત્રાહિ ત્રાહિ' પોકારી ઊઠ્યા હતા. આ ત્રાસમાંથી છૂટવા દેવો દોડ્યા બ્રહ્માજી પાસે અને તેમની સમક્ષ ધા નાખી. દેવોને શાંત પાડતાં બ્રહ્મા બોલ્યા : 'ભગવાન શંકરથી જન્મેલા પુત્રના પરાક્રમથી જ આ દૈત્યનો નાશ થઈ શકે. એ સિવાય બીજા કોઈ દેવમાં આ અસુરને જીતવાની શક્તિ નથી. દક્ષકન્યા સતી પર્વતરાજને ત્યાં પાર્વતીના રૂપમાં જન્મી છે. એ પાર્વતી જ ભગવાન શંકર માટે સુપાત્ર કન્યા છે; પરંતુ ભગવાન શંકરે તો વિરક્ત બની ભભૂતિ ચોળીને હિમગિરિના શિખર ઉપર સમાધિ લગાવી છે. એટલે તેમને લગ્ન માટે તૈયાર કરવા મુશ્કેલ છે. એ માટે તમારે દેવોએ જ કંઈક ઉપાય યોજવો જોઈએ.'

આ સાંભળીને ઇંદ્રાદિ દેવોએ એ માટે કામદેવને પોતાની દર્દભરી કહાણી કહીને તેને શિવના સ્થાનમાં મોકલ્યો. વસંત ઋતુ આદિને પણ કામદેવની મદદમાં મૂકવામાં આવ્યાં. કામદેવ પોતાના હાથમાં પુષ્પમય ધનુષ્ય ધારણ કરીને આંબાના ઝાડની એક સારી

---

જીવનના સ્વરૂપનો વિચાર કરું છું અને જીવનનાં પરિવર્તનો જોઉં છું, તેમ તેમ સમજાય છે કે તવંગર થવા કરતાં ગરીબ રહેવામાં વધારે પ્રકાશ મળે છે.

ડાળી જોઈ તેના પર બેઠો. તેના હાથમાં આ પુષ્પ-મય ધનુષ્ય ખૂબ જ શોભતું હતું. તેણે પોતાનાં પાંચે પાંચ બાણ બરાબર તાકીને શિવના હૃદય ઉપર લગાવ્યાં. એથી શિવની સમાધિ તૂટી અને તેઓ જાગી ઊઠયા. શિવના મનમાં જબરો ખળભળાટ મચ્યો અને તેમણે આંખો ઉઘાડીને ચોમેર જોયું. ત્યાં આંબાના ઝાડની એક ડાળ પર પાંદડાંમાં છુપાઈને બેઠેલા કામદેવ પર તેમની દૃષ્ટિ પડી. એથી તેઓ કામદેવ પર ખૂબ જ ક્રોધાયમાન થઈ ગયા અને તેમણે પોતાનું ત્રીજું નેત્ર ખોલ્યું. તેમાંથી નીકળેલી ધગધગતી આગથી કામદેવ બળીને ભસ્મ થઈ ગયો. એથી સૃષ્ટિમાં હાહાકાર મચી ગયો. પોતાના પતિની શિવ વડે થયેલી આવી દુર્દશા સાંભળીને કામદેવની સ્ત્રી રતિ મૂર્ચ્છા ખાઈને જમીન પર ઢળી પડી. કંઈક સ્વસ્થ થતાં તે રોતીકકળતી શિવના શરણમાં આવી. કરુણામૂર્તિ શિવનું હૃદય આ અબળાનો કરુણ વિલાપ સાંભળીને પીગળી ગયું. તે બોલ્યા: 'રતિ, તારો વિલાપ મારાથી સાંભળ્યો જતો નથી. તું ચિંતા કરીશ મા. તારો પતિ કામદેવ મૃત્યુ પામ્યો નથી; માત્ર તેનું અંગ (શરીર) જ બળીને ભસ્મ થઈ ગયું છે. હવે તે શરીર વિના જ સર્વ સૃષ્ટિમાં વ્યાપક સ્વરૂપે રહેશે. હવે તેનું અંગ (શરીર) નહિ રહેવાથી તે 'અનંગ'ના નામે ઓળખાશે. જ્યારે પૃથ્વીનો ભાર ઉતારવા માટે યદુવંશમાં શ્રીકૃષ્ણનો અવતાર થશે, ત્યારે તારો પતિ તેમના પુત્રરૂપે ફરી અવતરશે. એ વખતે તેને પોતાનું ખોવાયેલું શરીર ફરી પાછું મળશે.'*

શિવનું આવું કથન સાંભળીને રતિ ત્યાંથી ચાલતી થઈ. એ જ વખતે પર્વતરાજ અહીં આવીને સખીઓ સહિત પાર્વતીને પોતાને ઘેર લઈ આવ્યા.

આ બાજુ શિવની દૃઢ ભક્તિ અને કઠોર તપશ્ચર્યાથી ભગવાન શ્રીરઘુનાથજી તેમના પર પ્રસન્ન થયા અને તેમણે શિવને દર્શન દીધાં. એ વખતે ભગવાન શ્રીરઘુનાથજીએ શિવને પાર્વતી સાથે લગ્ન કરવાનું કહ્યું. ભગવાન શ્રીરઘુનાથના વચનને શિવે પોતાના માથે ચડાવ્યું.

ઘેર આવીને પાર્વતીએ શિવને વર તરીકે મેળવવા માટે ઘોર તપ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેમણે પોતાના આ નિશ્ચયની પોતાનાં માતાપિતાને પણ જાણ કરી. પાર્વતીની આ વાત પર્વતરાજને તો રુચી; પરંતુ કોમળ હૃદયનાં રાણી મેનકાદેવીને આ વાત ગળે ન ઊતરી. તેમને થયું: 'મારી પાર્વતી કેવી સુકુમાર છે! પાટલેથી ખાટલે અને ખાટલેથી પાટલે તે ઊછરી છે. તેનો કોમળ દેહ ઘોર તપશ્ચર્યાનાં કષ્ટો કેવી રીતે સહન કરી શકશે? ના, હું તેને તેમ કરતાં જરૂર વારીશ.'

આ વિચારે રાણી મેનાદેવીની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તેણે પોતાની વહાલી પાર્વતીને છાતીએ લગાડી અને પાર્વતીના ચરિત્રમાં વિખ્યાત થયેલું પેલું અમર વાક્ય બોલ્યાં:

'ઉ.. મા' (બેટી, એવું કર મા.) એ વખતથી લોકમાં પાર્વતીનું 'ઉમા' નામ પડી ગયું. પરંતુ ઉમા જેવું નામ થયું તે પાર્વતીને પોતાનાં માતાપિતાને સમજાવતાં બરાબર આવડતું હતું. તેણે ગમે તેમ કરીને માતાપિતાને સમજાવી લીધાં અને તેમની સંમતિ મેળવીને હૃદયમાં હર્ષ સાથે શિવનું તપ કરવા ચાલી નીકળ્યાં. પાર્વતીનો કોમળ દેહ કઠિન તપશ્ચર્યાને યોગ્ય નહોતો, છતાં શિવનાં ચરણોમાં પોતાનું શીશ સમર્પીને તેમણે સર્વ ભોગ-વિલાસ-કોમળતાઓ છોડી દીધી. પોતે મનથી માની લીધેલા એવા સ્વામી–શિવમાં પાર્વતીએ એવું ચિત્ત પરોવી દીધું કે પોતાના દેહનું પણ તેમને ભાન રહ્યું નહિ.

(વિશેષ ચરિત્ર અને રહસ્ય આવતા અંકે સંપૂર્ણ થશે)

* ભગવાન શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નરૂપે કામદેવ ફરી અવતાર પામ્યો હતો, એવી કથા છે.

---

માણસ ગમે તેટલા મહાન પુરુષોના ઉપદેશો સાંભળે પરંતુ જ્યાં સુધી તે પોતાનાં કર્તવ્યો યોગ્ય રીતે અને નીતિપૂર્વક બજાવતો નથી, ત્યાં સુધી તેને સત્યનો યથાર્થ અનુભવ કદાપિ થતો નથી.



જનહિતચિંતક દાનવીર શેઠશ્રી જમનાદાસ માધવજી તન્ના
જેઓ 'માનવ મંદિર'ની પ્રવૃત્તિઓ તથા 'આશીર્વાદ'
માસિકના સહાયક અને શુભેચ્છક છે.



ધર્મનિષ્ઠ શેઠશ્રી
ભગવાનદાસ રામદાસ ડોસા



શ્રીમતી ધનીબહેન
ભગવાનદાસ ડોસા

જેઓ 'માનવ મંદિર'ની પ્રવૃત્તિઓ તથા
'આશીર્વાદ' માસિકના સહાયક અને શુભેચ્છક છે

# "મા"

**શ્રી ઉપેન્દ્રનાથ "અશ્ક"**

પુત્રના હિત માટે અપાર ધૈર્યથી તીવ્ર કષ્ટ સહન કરનાર અને પ્રાણ પાથરનાર માનું આપણને અહીં દર્શન થાય છે. સાથે આ માતાને મળેલા પતિ અને પુત્રથી વિધિની જે કરુણ વિચિત્રતા પ્રકટ થાય છે તે એ નારીને વધુ ભવ્ય બનાવી રહે છે.

આવા મુશ્કેલીના સમયમાં માના હૃદય પર જે કંઈ વીતી રહ્યું હતું, તેને બીજું કોણ સમજી શકે તેમ હતું? કેટલીય વાર પુત્ર જગતના વેવિશાળની વાત ચાલી, પણ પંડિતજીની ખ્યાતિના કારણે પડી ભાંગી. એક તો જગત બીજવર, તેમાં વળી છોકરાનો બાપ શરાબી અને જુગારી! એવો કયો કસાઈ બાપ હોય કે જે પોતાની છોકરીને આવા 'ખાનદાન' માણસના ઘરમાં પરણાવવાનું પસંદ કરે? આંબાના ઝાડમાં આંબા પાકે છે અને કડવા લીમડાના ઝાડમાં લીંબોળીઓ! 'યોગ્ય' પિતાનો પુત્ર પણ 'યોગ્ય' નહિ નીવડે એમ કોણ કહી શકે? દુર્વ્યસનમાં ફસાવાની તક તો ઘણીયે મળી જાય છે, પણ બચવાની બહુ જ ઓછી મળે છે. આ એક જ કારણસર ગોરના પ્રયત્નોથી જગતનું સગપણ તો થયું પરંતુ પંડિતજીની ખ્યાતિના કારણે તૂટી ગયું, અને હવે જ્યારે બીજું સગપણ થયું ત્યારે લગ્નનું જ કંઈ ઠેકાણું નહોતું.

પંડિતજીને આ વાતની ફિકર હોય એવું કંઈ નહોતું. આ બાબતમાં એમણે કદી વિચાર પણ કર્યો નહોતો. એમને તો આઠે પહોર બાટલી અને લાલ પરીનું જ કામ હતું. કોઈ મરે કે જીવે, છોકરાનાં લગ્ન થાય કે ન થાય, ઘરમાં સંપન્નતા હોય કે વિપન્નતા, એમને માટે બધું એક સમાન જ હતું. જ્યારે કોઈ વાર મન થતું ત્યારે નશામાં ઝૂમી આલાપી ઊઠતા—"શ્યામા મેરે અવગુણ ચિત્ત ન ધરો"—અને નિશ્ચિંત બની જતા. સર્વશક્તિમાન પરમાત્માએ એમના બધા ગુના માફ કરી દીધા છે એવી જાણે એમને ખાતરી થઈ જતી.

આવું બધું તો હતું, પણ જો ગાડીનાં બંને પૈડાં બગડી જાય તો ગાડી ચાલી જ કેમ શકે? બાપ પોતાની ફરજ ભૂલી બેઠો હતો, પણ મા તેને યથાશક્તિ અદા કરી રહી હતી. આવું હોવાથી જ બધું કામ જેમતેમ પણ ચાલી રહ્યું હતું. અંદરની હાલત ગમે તેટલી ખરાબ હોય, તોયે બહારની સાખ તો એવી ને એવી જ રહી હતી.

જગત પોતાનાં માબાપનો એકનો એક પુત્ર હતો. એ નૂરમહેલની એક હાઈસ્કૂલમાં સામાન્ય શિક્ષક હતો! પંડિતજીએ નોકરીના દિવસોમાં કંઈ પણ જમા કર્યું નહોતું. પ્રોવિડંટ ફંડ પાછળથી શરાબને હવાલે થઈ ગયું અને જે એકાદ-બે ઘરેણાં હતાં તે ધીરે ધીરે જગતની પત્નીની માંદગીમાં ચૌધરાણીને ત્યાં ગીરવી મુકાવા લાગ્યાં. એક તરફ ઘરેણાં ખલાસ થયાં, બીજી તરફ એની જીવનલીલા પૂરી થઈ ગઈ. હવે આ બીજા લગ્ન માટે શું કરવું, ક્યાંથી ઘરેણાં લાવવાં, આ વાતની ચિન્તા માને ખાઈ જતી હતી

આ અંધકારમાં જગતની માને ફક્ત એક તરફથી પ્રકાશનું કિરણ દેખાતું હતું. એના પિતા ધનવાન, પ્રતિષ્ઠિત અને સંપન્ન માણસ હતા. એના પિયરમાં આવી ગરીબાઈ નહોતી. જગતના પહેલી વારના લગ્ન વખતે એમણે હાથનું એક ઘરેણું અને કીમતી કપડાં આપ્યાં હતાં. લગભગ પાંચસો છસોની ચીજો હશે. આ વખતે પણ પોતાના પિતા કંઈક ને કંઈક જરૂર આપશે એવી એને આશા હતી. પાંચસો-છસો ન મળે તો કંઈ નહિ, ત્રણસો-ચારસો મળે તોય ઘણું. પણ આ ત્રણસો-ચારસોમાં શું થાય? ઘરેણાં-કપડાં, લેવડદેવડ, મીઠાઈ, ફરસાણ... લગ્નમાં શું ન જોઈએ? ઢીંગલા-ઢીંગલીના લગ્નમાં પણ સો વ્યવસ્થાઓ કરવી પડે છે, ત્યારે આ તો સ્ત્રી-પુરુષનાં લગ્ન હતાં. મા વિચાર કરતી કે જો આ વખતે પણ લગ્ન નહિ થઈ શકે તો શું થશે? બધી આશાઓ પર પાણી ફરી વળશે. ત્યારે એને પંડિતજીના વર્તન પર દુઃખ થતું. પરંતુ એ તો જૂના વિચારની હિન્દુ સ્ત્રી હતી, ફરિયાદનો એક શબ્દ

---

શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન નહિ, પરંતુ ચારિત્ર્યની ખીલવણી, સદ્‌ગુણી જીવન.

પણ કાઢવામાં પાપ સમજતી હતી, મુશ્કેલીઓ સહન કરતી હતી, દુઃખ વેઠતી હતી, પણ હોઠ સુદ્ધાં ફફડાવતી નહોતી.

રાતનો ત્રીજો પહોર હતો. આખી દુનિયા ગાઢ નિદ્રામાં સૂતેલી હતી. પણ જગતની માને ઊંઘ ક્યાં આવે છે? એની ઊંઘ તો વિપત્તિમાં સૌભાગ્યની જેમ લુપ્ત થઈ ગયેલી હતી. પિંજરના પટ બંધ હતા, પણ ઊંઘનાં પક્ષી ઊડી ગયાં હતાં.

લગ્નને હવે ફક્ત વીસ જ દિવસ બાકી રહ્યા હતા અને ઘરેણાંની હજી લગી કંઈ પણ સગવડ થઈ શકી નહોતી. રૂપિયા હોત તો તો ચૌધરાણી પાસેથીય ઘરેણાં છોડાવી આવત. પણ રૂપિયા હોય ત્યારે ને! રૂપિયા આવે ક્યાંથી? કોઈ યુક્તિ સૂઝતી નહોતી. આ વિચારમાં રાત વીતી ગઈ. અંધારું કંઈક હળવું થયું. મહોલ્લાના કૂવામાં કોઈએ ગાગર ડુબાવી. સવારના પહોરમાં પાણી ભરનારાની અવરજવર શરૂ થઈ ગઈ હતી. સામેના ઘરમાંથી ઘંટી ફરવાની સાથોસાથ કોઈના ગાવાનો કરુણ સ્વર વાયુમંડળમાં ગુંજી ઊઠ્યો. બનતા લગી વિધવા કાશી વહેલી સવારે ઊઠીને પોતાને કામે લાગી ગઈ હતી. દૂર ક્યાંક મુસલમાનોના લત્તામાં કૂકડો કૂકડેકૂક બોલ્યો. મા ઊઠી અને પોતાની રોજની ટેવ માફક અંદર રૂમમાં ગઈ. ટ્રંક ખોલીને એણે તેમાંથી નાનકડી પેટી કાઢી અને એકેએક ચીજ બહાર કાઢી જોવા લાગી. શું હતું? ચાંદીનાં કડાં અને સાંકળાં હતાં; સોનાની બે વીંટીઓ હતી; જૂની ફૅશનની એક માળા અને એક ગદિયાણાનો એક સૌકન મહોરો* હતો. બીજા લગ્ન હોવાથી એક વીંટી ગળાવી સૌકનમહોરો બનાવરાવી લીધો હતો. ભારે ઘરેણાં તો બધાંય ચૌધરાણીને ત્યાં ગીરવી મૂક્યાં હતાં. એક દીર્ઘ નિસાસો મૂકી એણે આ બધાંને પેટીમાં મૂકી દીધાં. પેટીને ટ્રંકમાં મૂકી અને તાળું મારી દીધું. પછી ત્યાં જ માથું ગોઠણો પર મૂકી વિચાર કરવા લાગી. છેલ્લા કેટલાય દિવસોથી એ રોજ આમ કરતી હતી. સવારે ઊઠીને તે ઘરેણાં કાઢીને ગણતી, પછી ત્યાં જ બેસીને વિચાર કરતી. પણ એકે ઉપાય ન સૂઝતો. આજે એકાએક એને એક ઉપાય સૂઝ્યો અને તેના શરીરમાં સ્ફૂર્તિની એક લહેર દોડી ગઈ. એ તરત જ ઊભી થઈ ગઈ. ઘર સાફસૂફ કરી પૂજા કરવા બેઠી. અંતઃકરણપૂર્વક એણે ભગવાનને પ્રાર્થના કરી કે આ વખતે એને અસફળતાનું મોં ન જોવું પડે. પછી એ ચૌધરાણીના ઘર તરફ ચાલી નીકળી.

ચૌધરાણીનું ઘર નજીકમાં જ હતું. જગતની મા ઝડપથી જઈ રહી હતી. એણે ઝટપટ ડેલી પાર કરી, અને નીચેના આંગણામાં જઈને ઊભી રહી ગઈ. 'ઉપર જવું કે ન જવું?' એની જમણી આંખ ફરકવા લાગી. મનમાં શંકા ઉત્પન્ન થઈ. એના કાનોમાં જાણે કોઈએ કહ્યું, 'આજે કામ નહિ થાય. એને પાછા ચાલ્યા જવાનું મન થયું. પણ પાછી જાય ક્યાં? એ લાચાર બની આગળ વધી. ધીરે ધીરે દાદર ચઢી ઉપર ગઈ ત્યારે ખબર પડી કે ચૌધરાણી હજી સૂતી છે. એ ડેલી પાસે જ એક તરફ બેસી ગઈ.

લગભગ એક કલાક પછી જ્યારે ચૌધરાણીની ઊંઘ ઊડી ત્યારે એક હળવું સ્મિત કરીને એણે જગતની માને એના આવવાનું કારણ પૂછ્યું.

જગતની મા મૌન થઈ ગઈ. અહીં કહેવા માટે ઘેરથી જે કંઈ વિચાર કરીને આવી હતી, તે બધુંય ભૂલી ગઈ. માંડમાંડ આટલું જ કહી શકી: "જગતના લગ્નને હવે વીસ દિવસ જ આડા રહ્યા છે."

ચૌધરાણીએ ફરીથી સ્મિત વેરી કહ્યું; "સારું કર્યું. મારાથી તો ત્યાં આવી જ ન શકાયું!' પછી દીર્ઘ શ્વાસ લઈ કહ્યું; "આ કેડનો દુખાવો સાસરો એવો ચોંટ્યો છે કે ક્યાંય નથી જવાતું. નહિતર હું પોતે જ હરખ કરવા આવવાની હતી."

"સાચું છે, તમારી જ મહેરબાની છે." જગતની માએ ધીમે અવાજે કહ્યું.

ચૌધરાણીએ સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું,

* સૌકન મહોરો: આ એક જાતનું સોનાનું પાનું હોય છે. તેના પર પહેલી પત્નીનું નામ કોતરેલું હોય છે. બીજા લગ્ન વખતે આ પાનું નવી પત્નીની ડોકમાં પહેરાવવામાં આવે છે.

આશા મંગળની રાખો, મંગળ જ થશે એમ સમજીને કામમાં આગળ વધો. અને ખરાબ આવી પડે તો તેને માટે પણ તૈયારી રાખો.

" ભગવાન કરે ને ફરી વાર ઘર મંડાય તો ઠીક. બિચારો બહુ જ ઉદાસ રહે છે. હું તો જ્યારે જોઉં ત્યારે મારો તો જીવ બળી જાય છે. આ વખતે ક્યાં નક્કી કર્યું છે?"

જગતની માએ ઉત્સાહમાં આવી જઈ કહ્યું; " નકોદરમાં સગપણ કર્યું છે, પણ લગ્નનું કંઈ ઠેકાણું નથી. એમની ટેવની તો તમને ખબર છે– અને પૈસા વગર કંઈ થઈ શકે છે?"

હવે ચૌધરાણીએ કંઈક શંકાશીલ બની એની તરફ જોયું.

જગતની મા કહેતી ગઈ, " હું તમને ત્રણસો રૂપિયા આપી દઈશ. તમે મને મહેરબાની કરીને મારાં બધાં ઘરેણાં આપી દો. આ વખતે હું તમને વચન આપું છું કે આણા પછી હું બધાં ઘરેણાં તમને ફરી પાછાં આપી દઈશ."

ચૌધરાણીએ એની વાત પર ધ્યાન આપ્યા વગર જ કહ્યું; " હું વિચાર કરીને જવાબ આપીશ. સાંજે રખીરામના આવ્યા પછી એમની સલાહ લઈને તમને જવાબ આપીશ. તમારી પાસે હજી છેલ્લા ત્રણ મહિનાનું વ્યાજ પણ બાકી છે."

" એ પણ ત્રણસોની સાથોસાથ જ આપી દઈશ." જગતની માએ કહ્યું. પણ ચૌધરાણીએ તે ન સાંભળ્યું. એટલી વારમાં તો એ ઊઠીને અંદર જતી રહી હતી. જગતની મા ચૂપચાપ દાદરો ઊતરી ગઈ અને આવીને ધબ કરતીક જમીન પર બેસી ગઈ. મુશ્કેલીઓનો અંધકાર પહેલાં કરતાં જાણે અનેકગણો વધારે થઈ ગયો હોય તેવું એને લાગ્યું. એણે સાડલામાં મોં છુપાવી દીધું અને રડવા લાગી. બરાબર તે જ વખતે પંડિતજીએ બેઠકમાંથી રાગ છેડ્યો–

" શ્યામા મેરે અવગુણ ચિત્ત ન ધરો."

સાંજે ચૌધરાણીનો જવાબ આવી ગયો. જેવો ધાર્યો હતો તેવો જ. માએ શાંતિથી સાંભળ્યો અને પછી પોતાને કામે લાગી ગઈ. એની આંખો એક વખત ભીની થઈ ગઈ, પણ એણે તેને લૂંછી નાખી. આંસુ વહેવડાવવાથી જ જો લગ્ન થઈ જતાં હોત, તો આજ સુધીમાં એણે એટલાં બધાં આંસુ વહેવડાવ્યાં હતાં કે તેમાંથી આખા મહોલ્લાનાં છોકરાંનાં લગ્નો થઈ ગયાં હોત.

જગતની મા એક અસામાન્ય પ્રકૃતિની સ્ત્રી હતી. એ જો ન હોત, તો ઘર ક્યારનુંય વેર-વિખેર થઈ ગયું હોત અને પંડિતજીએ કાં તો યમુનાને કિનારે ધૂણી ધખાવી હોત, કે જેલના રોટલા આરોગતા હોત. કેટલીય વાર મુશ્કેલીના સમયે જગતની મા એમની વચ્ચે આવી હતી. કેટલીય વાર એણે એમને માટે રૂપિયાની સગવડ કરી હતી. સાહસ ને હિંમતની એ મૂર્તિ હતી. એણે જગતને કાગળ લખાવ્યો કે રજા લઈને આવી જાય. અને પોતે પોતાને પિયર જવા રવાના થઈ ગઈ.

હોશિયારપુરમાં એનું પિયર હતું. એના પિતા પાસે ધનની કમી નહોતી. એ ધારત તો એક નહિ પણ વીસ લગ્નની સગવડ કરી શકત. પણ એમણે યજમાનવૃત્તિથી રૂપિયા મેળવ્યા હતા, પાઈપાઈ ભેગી કરીને, ભૂખ્યા રહીને ધન ભેગું કર્યું હતું. એ કંજૂસ હતા અને પૈસાનો વિયોગ એમને બહુ જ ખૂંચતો હતો. અને સૌથી મોટી વાત તો એ હતી કે એમની પત્ની બીજી વારની હતી. ઓરમાન માની હાજરીમાં જગતની માને કંઈ વધારે મળવાની શક્યતા નહોતી. તોય બધી બાજુથી નિરાશ થઈ એ ત્યાં જ જઈ રહી હતી. કિનારે ગમે તેટલો ચીકણો હોય, તેના પર ટેકો લેવાની કોઈ વસ્તુ હોય કે ન હોય તોપણ બીજો કોઈ આશ્રય ન મળતાં ડૂબતો માણસ તેને જ પકડવા માટે હાથ–પગ પછાડે છે. ત્યાં ગઈ ત્યારે એની નવી માએ મુશ્કેલી ઊભી કરી. બહુ જ અનુનય–વિનય કરીને જગતની મા ચારસો રૂપિયા મેળવી શકી. ત્યાંથી નીકળી ત્યારે ભવિષ્યની ચિન્તાઓએ એને ઘેરી લીધી. જેવી રીતે ભૂખ્યો માણસ રોટલાનો એક ટુકડો મળતાં ભૂખથી વધુ વ્યાકુળ બની જાય છે, તેવી જ રીતે જગતની મા આ ચારસો રૂપિયા મેળવી પહેલાં કરતાં પણ વધારે ચિન્તાતુર બની ગઈ હતી. હવે એનું મગજ ગમે તે રીતે આટલાથી જ કામ પતાવવાની યુક્તિ વિચારી

---

પ્રમાણિકતા અને ગરીબાઈવાળા જીવનનાં ફળો વધારે સુંદર અને વધારે મીઠાં છે.
પ્રતિકૂળ સંજોગો કાયમી નથી. સંપૂર્ણ નિરાશ કદી ન બનો.

રહ્યું હતું. ચૌધરાણીના વર્તને એના હૃદયમાં આગ ચાંપી દીધી હતી. એને ત્યાં એ પોતાનું એક પણ ઘરેણું રાખવા માગતી નહોતી.

ઘેર પહોંચતાની સાથે જ એણે એકસો રૂપિયા મીઠાઇ વગેરે માટે એક કોરે મૂકી દીધા અને બાકીના ત્રણસો લઇને અમરકુંવર પાસે જઈ પહોંચી કે કે જેથી એની પાસેથી થોડાક વધારે રૂપિયા લઈ ચૌધરાણી પાસેથી ઘરેણાં લઇ લે અને તે બધાં અમરકુંવરને ત્યાં મૂકી દે. આ વાતમાં અમરકુંવરને કંઈ વાંધો નહોતો. પરન્તુ જગતની માની એવી ઇચ્છા હતી, કે રૂપિયા તો એની પાસેથી લઈ લે, પણ ઘરેણાં આણા પછી આપે અને આ વાત માટે અમરકુંવરનું તૈયાર થવું મુશ્કેલ હતું. વ્યવહારની બાબતમાં એ પણ કંઈ ઓછી કડક નહોતી. પણ જગતની મા ઘેરથી નક્કી કરીને નીકળી હતી કે ગમે તે રીતે પોતે એને મનાવી લેશે. અમરકુંવરના હૃદયમાંથી પણ હજી દયાનો મહંતર લોપ થયો નહોતો, એટલે જગતની માના ખૂબ વિનયથી એ માની ગઇ. આણા પછી એને ઘરેણાં મળી જવાં જોઇએ તે શરતે એણે રૂપિયા આપી દીધા. અમરકુંવર પાસેથી રૂપિયા લઇ જગતની માએ ચૌધરાણી પાસેથી બધાં ઘરેણાં છોડાવી લીધાં અને ખુશીમાં આવી જઇ લગ્નની બીજી તૈયારીઓ કરવા લાગી. સાંજે જ્યારે જગત નૂરમહેલથી આવ્યો, ત્યારે એણે માનો ચહેરો ખુશીમાં ખીલેલો જોયો.

નક્કી કરેલી તારીખે મહોલ્લાની સ્ત્રીઓનાં સરસ ગીતોમાં, વાજાં-બાજાં સાથે જાન રવાના થઈ. જગતની માએ બીજી બધી સગવડ કેવી રીતે કરી તે ન પૂછશો. પોતાના પુત્રનું ઘર મંડાવવા માટે એ ઘેરઘેર ગઈ. પોતાના સ્વાભિમાનને પણ એણે થોડાક દિવસો માટે કોરે મૂકી દીધું અને કોઇની પાસેથી વીસ, તો કોઇની પાસેથી ત્રીસ લઇને એણે કામ ચાલુ રાખ્યું. એ ધારતી હતી કે દાયજામાં એકાદું ઘરેણું જરૂર મળશે અને સો-દોઢસો એટલા વધારે નહિ નહિ તો એકાવન રૂપિયા તો પહેરામણીમાં જરૂર આવશે. આનાથી નાની-સરખી રકમો આપી દેવાશે જે ઘરેણાં પેટે અમરકુંવર પાસેથી એ રૂપિયા લાવી છે, તે બધાં ઘરેણાં એને ત્યાં પાછાં મૂકી આવશે. આવી રીતે સુગમતાથી બધું કામ થઇ જશે.

ત્રીજે દિવસે જાન આવી ગઈ. ખુશખુશાલ બની જગતની મા વહુને લેવા ગઈ. પંડિતજી વિશે પૂછવામાં આવ્યું ત્યારે ખબર પડી કે એ દારૂના પીઠામાં ઊંધે માથે પડ્યા છે.

લગ્નનાં ગીતો ગાતી ગાતી મહોલ્લાની સ્ત્રીઓ જગતની વહુને ઘેર લઈ આવી. બધા રીતરિવાજોનું સારી રીતે પાલન કરવામાં આવ્યું. દાયજાનો સામાન નીચે બેઠકમાં મૂકી દેવામાં આવ્યો. વહુનું સુંદર મુખડું જોઈ બધાંનાં હૃદય નાચી ઊઠયાં. એક કહેતું: 'જગત પૂર્વજન્મમાં મોતીઓનું દાન કરીને આવ્યો છે.' બીજું કહેતું, 'ચાંદનો ટુકડો લઈ આવ્યો છે.' નાની નાની છોકરીઓ વહુનું મોં જોવા તૂટી પડતી હતી. ઘરમાં મોટી અવરજવર હતી, ત્યારે જગતની મા એક ખૂણામાં એક માણસને ધીરે ધીરે કંઈક પૂછી રહી હતી.

"તો શું તમને કંઈ જ ખબર નથી?"

"જરાય નહિ, કંઈ પણ નહિ. મને કોઈએ ખબર પડવા જ નથી દીધી."

"તમે તો મોટા હતા?"

"ત્યાં મને કોણ પૂછતું હતું? ત્યાં તો માસ્તર-સાહેબ મોટા હતા. હું તો જાણે એમના હાથનું રમકડું હતો."

"તો શું તમને પહેરામણીનીયે કશી ખબર નથી? પહેરામણી આપી છે કે નથી આપી?"

"હું કહું છું, મને કશી જ ખબર નથી. ચાનનરામનો ત્યાં કોઈ ભાવ જ નહોતું પૂછતું. માસ્તર-સાહેબ જ ત્યાં કર્તાહર્તા હતા. મને તો કોઈ વાતની ગંધે નથી આવી."

મા નિરાશાથી માથું હલાવી ફરી પાછી કામે વળગી ગઈ. જે આશાએ આજ સુધી બધું કરતી આવી હતી, તે આશા જ ઝૂંટવાઈ ગઈ. ઉલ્લાસની જગ્યા ફરી પાછી વિષાદે લઈ લીધી. અંતરમાં દુઃખ છુપાવી એ બધું કામ કરવા લાગી. પંડિતજીના શરાબીપણાને લીધે એણે ચાનનરામના હાથમાં જ લગ્નનું બધું કામ સોંપ્યું હતું. એ જગતના સગા

ઈશ્વરનો અનુભવ ઈશ્વરી નિયમોને અનુસરીને ચાલ્યા સિવાય થઈ શકતો નથી.

કાકા તો નહોતા, પણ જગતની માને એમના પર સંપૂર્ણ વિશ્વાસ હતો. પણ ત્યાં એમનો કોઈએ ભાવેય ન પૂછ્યો. ત્યાં તો જગતની સાથે સ્કૂલમાં ભણનાર એમનો એક મિત્ર જ બધી વાતમાં કર્તા-હર્તા હતો. આપસઆપસમાં ગુપચુપ વાતો થતી અને ચાનનરામની સલાહ લીધા વગર બધુંય નક્કી થઈ જતું. માસ્તરસાહેબ કન્યાવાળા સાથે એવા હળીમળી ગયા હતા કે, જાણે એમના ઘરના જ એક ન હોય! આ તરફ જાનૈયા તરફથી પણ એ જ કર્તાહર્તા હતા. દાયજાને દેખાડવાનો રિવાજ એમણે બંધ કરી દીધો. હા, અહીંનાં બધાં ઘરેણાં એમણે મોકલી આપ્યાં. પંડિતજી લગ્નના કામકાજમાં ભલે ને કંઈ ભાગ ન લઈ શકતા હોય, પણ લગ્નના આનંદમાં એ કોઈનાથી ઓછા ઊતરવા તૈયાર નહોતા. એટલે તે દિવસોમાં એમને પોતાના તન–ધનનું યે ભાન નહોતું! સવારે પીતા, બપોરે પીતા, સાંજેય પીતા. ત્યાંથી શું મળ્યું, પહેરામણીમાં કેટલા રૂપિયા મૂકવામાં આવ્યા વગેરે વાતોની કોઈ ને ખબરેય ન પડી અને કાકા ચાનનરામ મોટા થવાની ઇચ્છા હૃદયમાં દબાવી રાખી પાછા આવી ગયા.

જગતની મા બહારથી બધું કામ પહેલાંની માફક કરી રહી હતી પણ એનું મગજ અને મન તો ક્યાંક બીજે જ હતાં. હા, હાથ–પગ ચાલતા નજરે પડતા હતા. મહામહેનતે એણે જે આશાનો કિલ્લો બનાવ્યો હતો, તે એને ઢળી પડતો દેખાતો હતો. પાયા હલી ગયા હતા, દીવાલોમાં ગાબડાં પડી ગયાં હતાં, જાણે હમણાં પડશે કે થોડી વારમાં પડશે. ચેતનાહીન જેવી, સંજ્ઞાહીન સરખી એ બધું કામ કરી રહી હતી. બે વાર એના હાથમાંથી મીઠાઈ-ની થાળી પડી ગઈ. છાશ પીવા ગઈ તો છાશ સાડલા પર ઢોળાઈ ગઈ. પોતે જાગે છે કે ઊંઘે છે તેનું એને જરીયે ભાન નહોતું.

સાંજે જ્યારે જગત ઉપર આવ્યો ત્યારે એકાંતમાં માએ એને બધું પૂછવાનો પ્રયત્ન કર્યો. પણ જગતે બરાબર જવાબ જ ન આપ્યા. માએ પૂછ્યું,

"ક્યાં ક્યાં ઘરેણાં આપ્યાં?"

એણે કહ્યું, 'એની પાસે છે. જઈને જોઈ લો!" માએ પૂછ્યું, "પહેરામણીમાં શું શું આપ્યું?" જગતે કહ્યું; "માસ્તરસાહેબને કે ચાનન-રામ કાકાને ખબર છે."–અને આટલું કહીને તે અંદર રૂમમાં જતો રહ્યો.

મા ત્યાંની ત્યાં જ ઊભી રહી ગઈ અને પછી બંને હાથે માથું પકડી ત્યાં જ બેસી ગઈ.

બીજે દિવસે સવારે વહુને પોતાને પિયર જવાનું હતું. આણાની ચીજો જોકે એને આપી દેવામાં આવી હતી તોય રિવાજ અનુસાર વહુને એક વખત પિયર જવાની જરૂર હતી. રાતે માએ એકબે વખત નીચે બેઠકમાં આવી દાયજાનો સામાન જોવાનો પ્રયત્ન કર્યો, પણ દરેક વખતે માસ્તરસાહેબને યમદૂતની માફક બારણામાં બેઠેલા જોયા. અપમાન અને તિરસ્કારથી એ બળી ઊઠી. આખી રાત એણે અગાસી પર આંટા મારીમારીને પસાર કરી અને દિવસ ઊગ્યો ત્યારે એનામાં જરાય હલવાની શક્તિ નહોતી. આખી રાત એ પંડિતજીની રાહ જોતી હતી, પણ પંડિતજી આવ્યા જ નહોતા. ચાનનરામ કાકાને પણ એણે બે વાર બોલાવ્યા હતા, પણ તેય આવ્યા નહોતા. લગ્નમાંથી આવ્યા પછી ગયા તે ગયા, પછી મોં જ ન બતાવ્યું. તે વખતે જગતની મા પોતાની જાતને સાવ નિરાધાર અને લાચાર અનુભવી રહી હતી.

ઝડપથી બધી તૈયારીઓ થઈ ગઈ. બધુંય પહેલેથી જ નક્કી હતું. જગતની માને કંઈ પણ ગમ પડતી નહોતી. એનું અંગેઅંગ શિથિલ થઈ રહ્યું હતું, તોય એ મશીનની માફક બધું કામ કરી રહી હતી. બીજી સ્ત્રીઓની માફક એ પણ વહુને ઘોડા-ગાડી લગી મૂકવા ગઈ. એણે જોયું, તો દાયજાનો સામાન જે ટ્રંકમાં મૂકવામાં આવ્યો હતો તે ઘોડા-ગાડીમાં મૂકેલ હતી. એણે એકે ઘરેણું કે લૂગડું જોયું નહોતું.

જ્યારે ઘોડાગાડી જવા લાગી, ત્યારે જગતની માએ બધું સાહસ એકઠું કરી કહ્યું, "કાલે બધું લઈને પાછો આવતો રહેજે. આ પ્રસંગે સાસરે વધુ ન રહેવાય!"

શુદ્ધ અને પવિત્ર વસ્તુઓની પ્રાપ્તિ માટેની લાલસાને જ મહત્ત્વાકાંક્ષા કહે છે.

બેપરવાઈથી જગતે જવાબ આપ્યો, "હું અહીં નહિ આવી શકું. મારી રજા પૂરી થઈ ગઈ છે. મારે ત્યાંથી સીધા નોકરી પર હાજર થવાનું છે એટલે ત્યાંથી જ સીધો નૂરમહેલ ચાલ્યો જઈશ."

ઘોડાગાડી ચાલવા લાગી. માસ્તરસાહેબે ધીરેથી કહ્યું; "ભગવાનની કૃપાથી આ ઉપાધિ તો ટળી. ભાઈ! રોગીનો ખોરાક અને શરાબીની કમાણી એકસરખી હોય છે. હું તો તારા ફાયદાની વાત જ કહીશ. એકબે છોકરાં થઈ જશે પછી શું કરીશ? શરાબીના ઘરમાં આ ઘરેણાં શી વિસાતમાં?"

મા ઊભી ને ઊભી જ રહી ગઈ, જાણે એની બધી શક્તિઓ શિથિલ થઈ ગઈ ન હોય! એની આંખો સામે જાણે અંધકાર છવાઈ ગયો. એ કેટલીય વાર સુધી ત્યાં જ ઊભી રહી. જ્યારે ઘોડાગાડી આંખોથી ઓઝલ થઈ ગઈ ત્યારે ચૂપચાપ પાછી આવી. એક આહ પણ એણે ન ભરી. એક પણ નિસાસો એણે ન મૂક્યો, પ્રાણથી પણ અધિક પ્રિય એવા પુત્રની કૃતઘ્નતાએ એની વેદનાનું જાણે ગળું દબાવી દીધું ન હોય! બેઠકમાં એક હલકો કોચનો સેટ પડ્યો હતો. લગભગ વીસ રૂપિયાનો હશે. બસ, આટલા બધા પરિશ્રમ પછી એને તે જોવા મળ્યો. વિપત્તિઓના અપાર સાગરમાં એને એકલીને ગોથાં ખાવા માટે મૂકવામાં આવી હોય, એવું એને લાગ્યું. જગત પાછો નહિ આવે. એ અમરકુંવરને ક્યાં ઘરેણાં આપશે? લેણદારોનું લેણું કઈ રીતે ચૂકવશે? મહોલ્લાવાળાની નાની નાની રકમો કેવી રીતે આપશે? જ્યારે એ બધાં એની પાસે તકાદો કરશે ત્યારે એ શો જવાબ આપશે? જે કંઈ આજ લગી નથી થયું તે હવે થશે. એને કેટલું બધું અપમાનિત થવું પડશે! એણે અમરકુંવરને કહ્યું હતું; 'હાથની પાંચે આંગળીઓ સરખી નથી હોતી, સંસારમાંથી પ્રમાણિકતાનો હજી નાશ નથી થયો.' હવે એ કઈ રીતે એને મોં બતાવશે? આવી બેશરમી કરતાં તો મોત સારું. માની આંખો સામે અંધકાર છવાઈ ગયો. એકાએક એને એક વાત યાદ આવી. પંડિતજીના કબાટમાં અફીણની એક ડાબલી પડી રહેતી હતી. જ્યારે દારૂ માટે પૈસા ન હોય, ત્યારે એ અફીણથી જ ચલાવી લેતા હતા. એણે આગળ વધી ડાબલી ઉપાડી લીધી. ડાબલી ખોલીને જોતાં જ એ ખીલી ઊઠી, જાણે એને વિષને બદલે જીવનામૃત ન મળી ગયું હોય! એકી વખતે એણે ડાબલીમાંથી અફીણ કાઢીને મોંમાં મૂકી દીધું અને કોચ પર બેસી ગઈ. જીવનનાં બધાં દુઃખ, બધી મુશ્કેલીઓ, બધી હારો એક એક કરીને એની આંખો સામે ખડી થવા લાગી. એક વિચિત્ર પ્રકારની તંદ્રા એની આંખો પર છવાઈ જવા લાગી. બરાબર તે જ વખતે બહારથી ગાવાનો અવાજ આવ્યો—પેલો ચિરપરિચિત, જાણીતો અને ઓળખીતો; સુરીલો અવાજ—

"શ્યામા મેરે અવગુણ ચિત ન ધરો."

અને બીજી પળે બગલમાં પાઘડી દબાવી ઝૂમતા ઝૂમતા પંડિતજી બેઠકમાં દાખલ થયા.

*

## કોલસો

કોલસાની કાલિમા જોઈ મને હસવું આવ્યું ત્યારે મારી શુભ્રતા જોઈ કોલસાને હસવું આવ્યું!

મેં કહ્યું, તું કેમ હસ્યો?

એ કહે: ભાઈ! તું કેમ હસ્યો?

મેં કહ્યું: સંસારમાં સર્વથી અધિક તારી કાળાશ જોઈને!

તે કહે: હું તારી બાહ્ય શુભ્રતા જોઈને! કારણ કે મેં તો મારી જાતને બાળીને–જગતને પ્રકાશ આપીને મારી જાતને કાળી કરી; પણ તમે માણસોએ તો જગતને કાળું કરી માત્ર તમારી જાતને જ બાહ્ય રીતે ધોળી રાખી. અને ભાઈ! અમે કાળા છીએ તોપણ તેજથી ઝળહળતા હીરા આપનાર પણ અમે જ છીએ!

જાતને બાળી પ્રકાશ આપનાર પર તમને હસવું આવતું હોય તો અમને પણ તમારી બાહ્ય શુભ્રતા પર હસવું ન આવે?

શ્રી ચન્દ્રપ્રભસાગર (ચિત્રભાનુ)

# ગુરુદેવ નાનક

શ્રી 'કલ્યાણચંદ્ર'

એક વખત ગુરુજીના એક શ્રીમંત શિષ્યે પોતાને ત્યાં બ્રહ્મભોજન માટે પાંચસો બ્રાહ્મણોને નિમંત્ર્યા હતા. ગુરુજી પણ તે પ્રસંગે હાજર હતા. પંક્તિ બેસી ગઇ અને બાજ પીરસાઈ રહી, પણ જમવાની શરૂઆત થાય તે પહેલાં પેલા ભક્તના ઘરમાં તેના પુત્રની વહુએ એક બાળકને જન્મ આપ્યો. હિન્દુશાસ્ત્ર પ્રમાણે જ્યારે કોઈ ઘરમાં જન્મ–મરણ થાય છે ત્યારે તે ઘર સૂતકી ઠરી અપવિત્ર ગણાય છે.

અહીં પેલા યજમાનનું ઘર સૂતકી ગણાયું અને સઘળા બ્રાહ્મણો ભર્યે ભાણે એકદમ ઊઠીને ચાલતા થયા. પાંચસો માણસોની પંગત બેઠી હતી એટલે ઘરમાં તો તે સમાઈ શકી ન જ હોય એ તો ખુલ્લું જ છે અને રસોઈ વગેરે પણ અલગ સ્થળમાં અને તે પણ બ્રાહ્મણોના હાથથી બની હતી. યજમાનના ઘરના માણસોને તેનો સ્પર્શ પણ થવા પામ્યો ન હતો, એટલે જો વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યો હોત તો આ પ્રસંગે તેઓ પેલા યજમાનને નારાજ ન કરતાં ભોજન લઈ શકત, પણ એવી બાબતોમાં વારંવાર વિવેકબુદ્ધિને આંધળી કરી નાખવામાં આવે છે તેમ આ વખતે પણ બન્યું.

બિચારો યજમાન ઘણી મૂંઝવણમાં આવી પડ્યો અને પોતાને ત્યાંથી બ્રાહ્મણો પીરસેલાં ભાણાં પરથી ભૂખ્યા ઊઠીને ગયા તેથી અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગ્યો. આથી ગુરુજીએ અને બાલાએ તેને ત્યાં ભોજન લીધું અને તેને જણાવ્યું કે, તમારે આમ અફસોસ કરવાની જરૂર નથી. અન્નનાં અધિકારી તો પ્રાણીમાત્ર છે. જેને તમે આદર સાથે જમવા વિનંતી કરીને બોલાવો છો તેઓ જ્યારે આમ અન્નદેવનો તિરસ્કાર કરીને ચાલ્યા જાય છે, તેમાં તમારે પશ્ચાત્તાપ કરવાનું કારણ નથી. ગામના ગરીબ માણસોને બોલાવીને તેમને જમાડી દો એટલે તમને તે બિચારાં પોતાની આંતરડી ઠરવાથી અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપશે અને પહેલાં કરતાં દસગણું પુણ્ય થશે. ખરી રીત તો એવી છે કે, ધરાયેલાને આગ્રહ કરીકરીને પરાણે ખવડાવી અજીર્ણ કરાવવું અને રોગી બનાવવા તેના કરતાં જેને અન્નની ખરેખરી જરૂર છે તેને ખાવાનું આ[પ]વું એ વધારે મહત્ત્વનું પુણ્યકાર્ય છે.

આ લે[ા]કો 'સૂતક' 'સૂતક' કરીને આચાર પાળવાનો દા[વ]ેા કરે છે, પણ સૂતકનો વાસ્તવિક અર્થ જ તેઓ સ[મ]જી શકયા નથી અને ખરી રીતે તેઓ એક ક્ષણ પ[ણ] સૂતક પાળી શકતા નથી; કારણ કે–આ દુનિયાન[ી] કોઈ પણ વસ્તુ સૂતક–પાતકરહિત છે જ નહિ. છી[ણ] અને લાકડાં સુદ્ધાંમાં કીડા ઉત્પન્ન થાય છે અને [મ]રે છે. અન્નના દાણા પણ જીવયુક્ત જ છે અને પાણ[ી]ના એકેએક બુંદમાં અસંખ્ય જંતુઓ રહેલાં હોય [છે]. સૂતક-પાતકનું નિવારણ આપણે કેમ કરી શકીશું ? ભોજનની દરેક ચીજમાં સૂતક તો રહેલું જ છે; અને એ સર્વ પ્રકારના સૂતકને જ્ઞાન વડે જ ધોઈ શકાય છે. વાસ્તવિક રીતે તો માણસે એમ સમજવુ[ં] જોઈએ કે, મનનું સૂતક લોભ છે, જીભનું સૂત[ક] મિથ્યા ભાષણ છે, આ[ં]ખનું સૂતક પરસ્ત્રી અને [પ]રધન તરફ કુદૃષ્ટિ કરવી એ છે અને કાન પરનિંદા[ન]ા શ્રવણથી સૂતકી થઈ અપવિત્ર બને છે. આ સૂત[ક] એવાં છે કે તે જેને લાગેલાં હોય છે, તે માણસ બ[હ]ારથી ગમે તેટલો હંસ જેવો પવિત્ર રહેતો હોય [તે]પણ તેને નરકગામી જ બનાવે છે.

એક પ્ર[સ]ંગે એક વેશધારી સાધુ યોગવિદ્યાની મોટી મોટી વાતો કરતો ગુરુજી પાસે આવ્યો. ગુરુજી તો તે[ને] જોતાં જ કળી ગયા કે સિંહના વેશમાં આ[વ]ેલું આ કોઈ પામર શિયાળવું જ છે, પણ લો[કો] તેના બાહ્યાડંબરથી અંજાઈ ગયા હતા અને તે[ને] મોટો સિદ્ધ માની બેઠા હતા. આથી ગુરુજીએ તે સ[ા]ધુને ઉદ્દેશીને કહ્યું કે કેવળ કંથા ધારણ કરવામાં, દંડ પકડવામાં, ભસ્મ ચોળવામાં, શિરમુંડન કરાવવામાં, શ[ં]ખ ફૂંકવામાં, સ્મશાનભૂમિમાં આસન લગાવવામાં, દેશદેશાંતરમાં પરિભ્રમણ કરવામાં કે તીર્થોમાં સ્ના[ન] કરવામાં યોગસિદ્ધિ રહેલી નથી; પણ સદ્‌ગુરુની કૃપ[ા] મેળવનાર અને 'સંસારમાં સરસો રહે ને મન મ[ા]રી પાસ' એમ જળકમળવત્ રહેનારને તો ઘેર બેઠાં જ યોગ પ્રાપ્ત થાય છે.

એક [દ]િવસ એક બ્રાહ્મણે આવીને ગુરુજીને પૂછ્યું કે, 'હું બ્રાહ્મણને યોગ્ય સર્વ કર્મકાંડ

---

સાચા આનંદનો અનુભવ પૂર્વે કરેલા પ્રમાણિક પ્રયત્નને લીધે જ થાય છે.

કરું છું; છતાં મને શાંતિ પ્રાપ્ત થતી નથી તેનું શું કારણ હશે? ગુરુજીએ જવાબ વાળ્યો —

ભાવ વિનાનાં પુસ્તકપાઠ, સંધ્યાવંદન અને બગધ્યાનથી કરવામાં આવતી મૂર્તિપૂજા એ સઘળાં અફળ છે; કારણ કે અસત્ય ભાષણ એ જ જેમના મુખનું ભૂષણ છે, તેવાઓનાં અંતઃકરણની વાત ત્રૈલોકયનાથથી અજાણી કેમ હોઈ શકે?

ગળામાં માળા ધારણ કરવી, કપાળમાં તિલક કરવું અને નિયમ પ્રમાણે અંગવસ્ત્ર ઓઢવાં એ જ ખરું બ્રહ્મકર્મ નથી. તેમ માનનારાઓ ભૂલમાં જ ભમે છે. નાનક કહે છે કે, 'નિશ્ચિત બુદ્ધિથી પ્રભુચિંતનનો માર્ગ સદ્‌ગુરુ વિના કદી પણ મળતો નથી.

એ જ પ્રમાણે એક વખત કેટલાક મુસલમાનોએ પૂછ્યું, 'કુરાન વાંચવું, નમાજ પઢવી, રોજા કરવા, મક્કા શરીફની હજ કરવા જવું ઇત્યાદિ સારાં સારાં કામોથી મુસલમાનોની નજાત (મુક્તિ) થાય કે નહિ?' ગુરુજીએ જવાબ આપ્યો કે દયાની મસ્જિદમાં સંતોષનું બિછાનું પાથરીને સચ્ચાઈ અને કૃતજ્ઞતારૂપી કુરાન પઢો અને શરમની સુન્નત સાજીને વાણીની મીઠાશના રોજા પાળો, તો જ સાચા મુસલમાન બની શકશો. પોતાનાં શુભાચરણને કાબા સમજો અને સરલ સ્વભાવને પોતાના પવિત્ર પીરનો કલ્મા માનો. ગરીબોને દાન દેવું એ જ નમાજ અને પરમેશ્વરની કૃતિ પર પ્રસન્ન રહેવું એને માળા ફેરવવા બરાબર જાણો, તો ગુરુ નાનક કહે છે કે, પરમેશ્વર તમારી લાજ રાખશે અર્થાત્ તમારું કલ્યાણ થશે.

એક પ્રસંગે કેટલાક હિંદુ–મુસલમાન અધિકારીઓ ગુરુજી પાસે આવીને તેમની પ્રશંસા કરવા લાગ્યા; પણ ગુરુજી તેમના અત્યાચારોથી વાકેફ હોવાથી તેમણે નીચે પ્રમાણે કહ્યું–

'માણસ ખાણે કરે નમાજ,
છૂરી લગાવે તિન ગલ તાગ;
તિન ઘર બ્રાહ્મણ પૂરેં નાદ,
ઓનાંભી આવે ઓહી સાદ.
કૂડી રાસ કૂડા વ્યાપાર,
કૂડ બોલ કરેં અહાર,
શરમ ધર્મકા ડેરા દૂર,
નાનક કૂડ રહિયા ભરપૂર.'

'મુસલમાન લોકો નમાજ તો પઢે છે; પરંતુ પંજામાં આવે તો માણસને સમૂળો ખાઈ જાય છે –તેનો ઉચ્છેદ કરી નાખે છે. બ્રાહ્મણ ક્ષત્રિય રાજ્યાધિકારીઓ યજ્ઞોપવીત તો પહેરે છે, અને પોતાના ઘરમાં બ્રાહ્મણો પાસે પૂજાપાઠ પણ કરાવે છે પરંતુ કલમરૂપી છરી ફેરવીને તેઓ સઘળા ગરીબ લોકોનાં લોહી ચૂસતા રહે છે. એમાંથી પેલા પૂજાપાઠ કરનારને પણ ભાગ મળે છે. આમ પેટપાલન માટે એમના આચાર અને વ્યાપાર સઘળાં અધર્મના પાયા પર રચાયેલાં છે. ગુરુ નાનક કહે છે કે–'અધિકારીઓ! ધર્મપૂર્વક સુખ સંપાદન કરવાનો માર્ગ તો બહુ દૂર રહ્યો, પણ હમણાં તો જ્યાં જુઓ ત્યાં ચારે તરફ અસત્યાચરણ જ પ્રવર્તી રહેલું છે.'

ગુરુ નાનકનાં જીવનનાં સિત્તેર વર્ષ ભારતના ઉદ્ધારના મહાન પ્રયત્નમાં વ્યતીત થયાં. એઓ શું શું કરી શકયા અને આપણે એમના જીવનમાંથી શો બોધ ગ્રહણ કરવો તે સંબંધે પ્રસંગોપાત્ત એમના ચરિત્રમાં જ ઈશારો કરવામાં આવ્યો છે. તે છતાં એમના સમગ્ર જીવનમાંથી સાર ખેંચી એકત્ર કરવામાં આવે તો વધારે સરળતા થાય.

ગુરુ નાનક એક આદર્શ સમાજસુધારક અને ધર્મસુધારક તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે; એટલું જ નહિ, પણ ગુરુ ગોવિંદસિંહ દ્વારા જે રાજકીય હિલચાલ જાહેરમાં આવી હતી તેનાં મૂળ પણ ગુરુ નાનકના વખતમાં જ નંખાયાં હતાં. આ સઘળાં મહત્કાર્યો કરવાની યોગ્યતા મેળવવા ગુરુજીએ કોઈ પાઠશાળા કે કૉલેજમાં અભ્યાસ કર્યો ન હતો; પરંતુ તેઓ જન્મથી જ અત્યંત તીક્ષ્ણ બુદ્ધિવાળા તથા પ્રબળ વિવેકી હતા. જોકે એમણે કોઈ ખાસ નવીન સિદ્ધાંતો સ્થાપન કર્યા નથી, તોપણ એમનો ઉપદેશ અને કલ્પનાશક્તિ એવાં અદ્‌ભુત હતાં કે તે ઉપરથી આપણને તેમની એક મહાન આચાર્ય તરીકેની વિલક્ષણ બુદ્ધિમત્તાનો પરિચય મળી શકે છે પોતાના મતનું મંડન કરવા અને વિપક્ષીઓનું ખંડન કરવા એમણે લાંબાપહોળા લેખો લખ્યા નથી, મનુ અને

તપ, પરિશ્રમ, પ્રયત્ન, પુરુષાર્થ, સાધના અથવા ક્રિયા એ આનંદના જ પૂર્વરૂપો છે.

વ્યાસના ગ્રંથોમાંથી કે કુરાનમાંથી પ્રમાણો આપ્યાં નથી; તોપણ જ્યારે તેઓ કોઈ પણ વિષય સંબંધી વાદવિવાદ કરતા, ત્યારે તેમની ક્રિયાત્મક બુદ્ધિ તથા પ્રબળ વિવેકશક્તિ વિપક્ષીઓના તર્ક ઉપર અવશ્ય વિજય મેળવતી. સુલતાનપુરનો નવાબ, મક્કાના કાજીઓ અને હરદ્વારના પંડિતો ગુરુ નાનકની પૌરુષી વીરતા અને તેમની નિર્ભય તથા ક્રિયાત્મક યુક્તિઓ આગળ શિર ઝુકાવતા હતા.

ગુરુ નાનક જોકે સ્વભાવથી જ વિચારક તથા બુદ્ધિમાન હતા તોપણ જીવન પર્યંત દેશાટન કરવાથી તથા હિંદુ–મુસલમાન બન્ને જાતિના વિદ્વાનો અને સાધુસંતો સાથે વાદવિવાદ કરતા રહેવાથી તેમની શક્તિઓ ઘણી ખીલી નીકળી હતી.

ગુરુ નાનકનાં મુખ્ય મુખ્ય કાર્યો નીચે પ્રમાણે ગણાવી શકાય:

ગુરુ નાનક અર્વાચીન સમયના સૌથી પ્રથમ હિંદુસમાજસંશોધક હતા. તેમણે લોકોમાં ઘૂસી ગયેલા ઉપરઉપરના આચારોમાં જ બધું આવી જતું હોવાના વિચારોમાંથી તેમને મુક્ત કરીને આંતરિક સદ્ગુણોની આવશ્યકતા સમજાવવાનો પ્રયત્ન આદર્યો હતો.

સેંકડો વરસની ભ્રાંતિ પછી પંજાબમાં ગુરુ નાનકે હિંદુઓને સ્મૃતિ આપી હતી. પરમાત્મા કેવળ એક જ છે. તે જન્મ અને મરણનાં બંધનરહિત છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ત્રણે કરતાં શ્રેષ્ઠ છે અને કેવળ તે એક જ ઉપાસના કરવા યોગ્ય છે. તેની મહત્તાનું નિરંતર ધ્યાન ધરીને પ્રત્યેક સ્થાનમાં અને પ્રત્યેક કાળમાં તેના અસ્તિત્વનો સ્વીકાર તથા અનુભવ કરીને તેના નિરાકાર રૂપની જ ઉપાસના કરવી ઉત્તમ છે.

એમણે દૃઢતાપૂર્વક એ વાતનો ઉદ્ઘોષ કર્યો કે, જે બ્રાહ્મણોએ અને મુલ્લાંઓએ ધર્મને પોતાની આજીવિકાનું સાધન બનાવી દીધેલ છે તેઓ સત્ય-માર્ગના પ્રદર્શક થઈ શકતા નથી. જેમ એક આંધળો બીજા અંધને રસ્તો બતાવે છે તેવી જ એ લોકોની સ્થિતિ છે. મુક્તિનો માર્ગ અથવા પરમાત્માની ભક્તિમાં લીન થવાનો રસ્તો તો તે જ સદ્ગુરુ બતાવી શકે જેઓ પોતે તે માર્ગ ઉપર ચાલી ચૂક્યા હોય.

શતાબ્દીઓની પરાધીનતા પછી ગુરુ નાનક જ એવા નીકળ્યા કે જેમણે નિષ્ઠુર શાસન તથા અન્યાય વિરુદ્ધ પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. અમીનાબાદ(એમનાબાદ)માં એમણે એક વખત જણાવ્યું હતું કે, 'સમય તલવારની ધાર જેવો છે, શાસક (રાજા) અત્યાચારી છે, ધર્મ ઉપર અંધકાર છવાઈ રહ્યો છે, અસત્યની અમાવાસ્યા સર્વ ઉપર રાજ્ય ચલાવી રહી છે અને સત્યનો સૂર્ય કોઈને દર્શન દઈ શકતો નથી.' એક વખત સિકંદર લોદીએ ગુરુ સાહેબને ચમત્કાર નહિ બતાવવાના બહાનાથી કેદ કર્યા હતા; પણ ઊંડી રીતે જોતાં જણાય છે કે, ગુરુ સાહેબને તે એક રાજ્યવિદ્રોહી માનતો હતો; અને જર્મન કૈસરે એક વખત કહ્યું છે તેમ All religious movements are in reality political movements અર્થાત્ સમગ્ર ધાર્મિક હિલચાલ વાસ્તવિક રીતે રાજનૈતિક હિલચાલ જ છે' એવા મતનો તે હોવો જોઈએ અને તેથી જ ગુરુસાહેબને અને બીજા સાધુસંતોને અમુક બહાના હેઠળ તે કેદમાં નાખી દેતો હતો.

ગુરુ નાનકે સ્વાર્થપરાયણતા, લોભ તથા વ્યવહારમાં જ રચ્યાપચ્યા રહેવાનો નિષેધ કર્યો છે, ત્યારે બીજી તરફ સંસારના જીવનસંગ્રામમાં ભાગ લેવાની શક્તિથી રહિત માણસો આધ્યાત્મિક ઉન્નતિ કરવાને બહાને સંસારથી અલગ થઈ બેસે છે, તેમનાં આચરણ ઉપર પણ સખત હથોડા લગાવ્યા છે.

ગુરુ નાનકે પોતે લગ્ન કર્યું હતું. તેમને છોકરાં-છૈયાં થયાં હતાં તેમણે સંન્યાસ લીધો હતો અને પાછા કર્તારપુર વસાવીને કુટુંબ સાથે ત્યાં વસ્યા હતા.

એમના ઉપદેશે પંજાબના સમસ્ત હિંદુઓના વિચારોને કંપાયમાન કરી મૂક્યા અને સમસ્ત જાતિના સદાચાર અને આધ્યાત્મિક જ્ઞાનને ઉન્નતિ આપી. શતાબ્દીઓના વિરોધ અને વિવાદ પછી ગુરુ નાનક પહેલા વીર ઉત્પન્ન થયા, જેમને સૌ કોઈ પોતાના કહીને અભિમાન લઈ શકતા. ગુરુ નાનકના આગમને ભારતમાં એક સામાન્ય રાષ્ટ્રીયતાનો બોધ

જે નિયમોથી આખું વિશ્વ ચાલે છે, તે જ નિયમોમાં આપણું જીવન પણ પરોવાયેલું છે.

ઉત્પન્ન થવામાં બહુ જ મદદ કરી છે. એમણે પોતાની જાતને કોઈ અમુક સંપ્રદાયમાં બાંધી દીધી ન હતી. જોકે ગુરુજીએ સમસ્ત દળો અથવા મતો ઉપર આક્રમણ કર્યાં હતાં અને તેમના ફુરચેફુરચા ઉડાવી દીધા હતા; તોપણ તેઓ એક સર્વજનપ્રિય બની શક્યા હતા એ તેમની વિશેષતા છે.

તેમણે જેનો વિધ્વંસ કર્યો છે તે વાસ્તવિક રીતે સત્યધર્મ ન હતો પણ ધર્મ ના ઉપર નિરર્થક મળના બાઝી ગયેલા થરો હતા.

ગુરુ નાનક કેવળ બાહ્યાચાર કરતાં આંતરશુદ્ધિને પ્રાધાન્ય આપનાર હતા. પોતાના એ વિચારો તેમણે લોકો નિંદા કરશે કે સ્તુતિ કરશે તેની જરા પણ પરવા કર્યા સિવાય આદર્શ સુધારકની પેઠે પ્રબળ રીતે જ્યાં ને ત્યાં લોકો સમક્ષ રજૂ કર્યા છે.

ઈ. સ. ૧૫૩૯ માં ગુરુ નાનકે ચિરસમાધિ લીધી પણ તે પહેલાં તેમના સંસર્ગમાં આવનાર સહસ્રો હિંદુઓના જીવનમાં તેએ મહાન પરિવર્તન કરી શક્યા હતા. ગુરુ નાનકે પોતાના ઉત્કૃષ્ટ જીવન અને પ્રભાવશાળી ઉપદેશોથી તેમાં એક નવીન વાતાવરણ ઉત્પન્ન કર્યું હતું આ એવો કોઈ પણ માણસ ન હતો જે આ વાતાવરણનો એકવાર શ્વાસ લેતાં જ પોતાના આત્માને અધિક નીરોગી અને અધિક બળવાન ન બનાવી શકય હોય. ગુરુ નાનક પંજાબના હિંદુઓને જે અવસ્થામાં મેળવ્યા હતા તે કરતાં અધિક ઉત્તમ સ્થિતિમાં મૂકી ગયા હતા. લોકોના વિચારમાં સ્વતંત્રતાનો પ્રવાહ વહેવા લાગ્યો હતો અને તેથી તેઓ પહેલાં કરતાં રાષ્ટ્રીય ઉન્નતિના માર્ગમાં પ્રવેશવા માટે વધારે લાયક બની શક્યા હતા. આગળ ઉપર જે માર્ગનું ગુરુજીના ઉત્તરાધિકારીઓને અવલંબન કરવાનું હતું તેનાં બીજ ગુરુ નાનકે એવા ઉત્તમ ક્ષેત્રમાં વાવી ચૂક્યા હતા જે આગળ ઉપર જળસિંચન કરવાથી ઉત્તમ ફસલ આપનાર નીવડી શક્યા.

તેમણે એક નવીન સંપ્રદાય સ્થાપન કરવાનો કદી પણ વિચાર કર્યો ન હતો તે છતાં તેમની એવી ઉત્કંઠા હતી કે, તેમનાં મૃત્યુ પછી પણ તેમનું કામ જેમનું તેમ ચાલુ રહે આ એ ઉદ્દેશને સામે રાખીને તેમણે પોતાના લહના નામના શિષ્યને પોતાનો ઉત્તરાધિકારી ઠરાવ્યો. પોતાના બે વિદ્વાન પુત્રો હયાત છતાં તેમણે તેમના કરતાં પણ વધારે લાયકાતવાળા ત્રાહિત શિષ્યને પસંદ કરવામાં અપૂર્વ ચારિત્ર્યબળનું દર્શન કરાવ્યું છે.

ગુરુ નાનકની વ્યક્તિગત આકર્ષણશક્તિ એટલી બધી હતી કે, તેમના સંસર્ગમાં આવનારા હજારો માણસો તેમના ભક્ત અને શિષ્યો બની ગયા હતા અને એમાં અણુમાત્ર પણ સંદેહ નથી કે, તેઓ ધારત તો ઘણી જ સહેલાઈથી પોતાનો એક પૃથક્ સંપ્રદાય સ્થાપી શકત, જેમાં તેઓ પોતાની જ સમાજસંહિતા અને પોતાનાં જ રચેલાં ધર્મશાસ્ત્રો પ્રચલિત કરી શકત અને જાતિબંધન તથા હિંદુ પુરોહિતોના દબાણથી સ્વતંત્ર એવો પોતાનો સમાજ સ્થાપી શકત; પરંતુ ગુરુ નાનકનો ઉદ્દેશ તેવો ન જ હતો. તેમણે પોતાને કદી પણ મહાપુરુષ તરીકે કે મોટા ધર્માચાર્ય તરીકે ઓળખાવ્યા નથી. તેઓ પોતાને ઈશ્વરના એક ખરીદ કરેલા ગુલામ સેવક તરીકે જ જણાવતા હતા.

આજકાલના જે તે વાતમાં સૂંઠને ગાંગડે ગાંધી થઈને ભગવાન બની બેસનારાઓ આ ઉપરથી નમ્રતાનો પાઠ શીખશે ખરા?

કાળની ગતિ વિચિત્ર છે. સમય કરે તે કોઈ કરી શકતું નથી. ગુરુ નાનકે સ્વપ્નમાં પણ ધારેલું નહિ હોય કે મારા શિષ્ય લોકો આગળ જતાં એક સંપ્રદાય બાંધી બેસશે અને અમુક બાહ્યાચારોને પ્રાધાન્ય આપશે. વળી તેમણે હિંદુ-મુસલમાનમાં એકતા કરવા સતત પ્રયત્નો કર્યા હતા, છતાં એમના મરણ પછી એક પછી એક એવા જ પ્રસંગો બનતા ગયા કે તેમના ઉત્તરાધિકારીઓને બાજી બદલવી પડી. તેઓ મુસલમાનોના કટ્ટા દુશ્મન થઈ પડ્યા અને તેમની સામે પ્રબળતાથી વિરોધ કરવા એક નવીન શીખ સંપ્રદાયની તેમને સ્થાપના કરવી પડી (શીખ-સંપ્રદાય એ 'શિષ્યસંપ્રદાય'નો અપભ્રંશ છે). અને ઉપવીત વગેરે બાહ્ય સંસ્કારોની સામા પ્રબળ વિરોધ દર્શાવનાર આદિ ગુરુના શિષ્યોમાં પણ ગુરુ ગોવિંદ-સિંહના વખતમાં કેટલાક એવા સંસ્કારો દાખલ

---

ઈશ્વરનો અનુભવ ઈશ્વરી નિયમોને અનુસરીને ચાલ્યા સિવાય થઈ શકતો નથી.

થઈ ગયા કે જે હજી સુધી વજ્રલેપ જેવા થઈ રહ્યા છે. દાખલા તરીકે કોઈ પણ શીખ માથું મૂંડાવી શકે નહિ. જો તેમ કરવામાં આવે તો તેને માટે ઘણો જ હલકો અભિપ્રાય બાંધવામાં આવે છે. ગુરુ ગોવિંદસિંહના વખતમાં તે વાત જરૂરની હશે પણ હમણાંયે તેમાં જરા પણ ફેરફાર ન કરવો એ એમના આદિ ગુરુની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાના ઉપદેશથી વિરુદ્ધ જાય છે. અને ઉપવીતસંસ્કારનું સ્થાન પણ 'પાહુલ'–અમૃતસંસ્કારે પ્રબળપણે લીધું છે. દરેક ધર્મના સંબંધમાં આવું જ બને છે. તેના પૂર્વ પ્રવર્તકોના ઉદ્દેશ કંઈ હોય છે અને પાછળથી ગાડું કંઈક જુદે જ રસ્તે ચઢી જાય છે.

ટૂંકમાં ગુરુ નાનકના જીવનમાં નીચેનાં સૂત્રો તરી આવે છે: ૧ સત્યનો પ્રકાશ કરવામાં જાહેર હિંમત રાખવી. ૨. અંધશ્રદ્ધા અને રૂઢિના પ્રવાહમાં તણાઇ નહિ જતાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો. ૩. જ્ઞાની છતાં નિરભિમાની રહેવું. ૪ વિશ્વ-વ્યાપી પ્રેમ રાખવો. ૫ પૈસાને ભંડારમાં ભરી નહિ રાખતાં તેનો સદુપયોગ કરવો. ૬. અતિથિસત્કાર અને સર્વ કોઈને માટે રસોડાનાં દ્વાર ખુલ્લાં રાખવાં. ૭. કહેવા પ્રમાણે કરી બતાવવું અને ૮. બાહ્યાચાર કરતાં આંતરિક પવિત્રતાને પ્રાધાન્ય આપવું.

આ સદ્ગુણો દેખાવામાં સાદા અને સરળ હોવા છતાં તે એટલા બધા મહત્ત્વના છે કે, તેનું પાલન કરવામાં આવે તો અવશ્ય દરેક માણસ પોતાની ઉન્નતિ કરી શકે; એટલું જ નહિ, પણ તે રીતે આખા દેશની ઉન્નતિમાં વેગ આપી શકે. આવા મહાત્માનાં જીવનચરિત્રો આપણને સ્વાર્થ-પરતાના ગંધાતા ખાબોચિયામાંથી પારમાર્થિક જીવનના પવિત્ર મહાસાગર તરફ વાળો અને ભારત-ભૂમિમાં નાનક અને ગોવિંદસિંહ જેવા અનેક મહા-પુરુષો પાકો.

*

## રત્નમાલા

**अति कुपिता अपि सुजना**
**योगेन मृदु भवन्ति न तु नीचाः।**
**हेम्नः कठिनस्यापि**
**द्रवणोपायोस्ति न तृणानाम् ॥**

સજ્જનો અતિશય કોપાયમાન થયા હોય તોપણ પોતામાં રહેલી શાન્તિ અથવા સમતાના યોગથી (થોડા વખતમાં) મૃદુ–કોમળ બની જાય છે, પરંતુ દુર્જનો કોમળ બનતા નથી. સોનું કઠણ હોવા છતાં તેને ઓગાળવાનો ઉપાય છે, પરંતુ ઘાસને ઓગાળવાનો ઉપાય નથી.

**रथस्यैकं चक्रं भुजगयमिताः सप्त तुरगाः**
**निरालम्बो मार्गश्चरणरहितः सारथिरपि ।**
**रविर्यात्येवान्तं प्रतिदिनमपारस्य नभसः**
**क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे ॥**

સૂર્યનો જે રથ છે તેને એક જ પૈડું છે, તે રથને સાત ઘોડા જોડેલા છે, પણ તે ઘોડાઓ સાપોથી નિયંત્રિત છે ( સર્પોની લગામોથી બંધાયેલા છે), સૂર્યને કાપવાનો આકાશનો માર્ગ કોઈ પણ આધાર ( અથવા આલંબન ) રહિત છે. રથ હાંકનારો સારથિ ( અરુણ ) પણ પગ વિનાનો લંગડો છે. આમ છતાં સૂર્ય દરરોજ અપાર આકાશની એક પારથી પેલે પાર પહોંચે જ છે. મહાપુરુષોની ક્રિયાઓની સિદ્ધિ તેમના પોતાનાં સત્ત્વ( પ્રભાવ, શક્તિ )ને લીધે જ થતી હોય છે; તેમના પાસેનાં સાધનો ઉપર તે આધાર રાખતી નથી.

# જીવનમાં નિયમપાલન

શ્રી કુબેરદાસ હરગોવિંદદાસ ઈનામદાર

આપણા વડીલોએ ચારિત્ર્યમય જીવન અને ગૃહસ્થાશ્રમ કેવી રીતે પાળવો તેના ચાર પ્રકાર બનાવ્યા છે: (૧) પચીસ વર્ષ સુધી છોકરાઓએ બ્રહ્મચર્ય પાળી ભણીગણી પ્રવીણ થવું. (૨) પચીસથી પચાસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ કરવો. (૩) એકાવન વર્ષથી પંચોતેર વર્ષ સુધી વાનપ્રસ્થ આશ્રમ પાળવો એટલે તેના નીતિ-નિયમો પાળવા. (૪) અને છેલ્લો સંન્યસ્ત આશ્રમ પાળવો એટલે સંપૂર્ણ રીતે ત્યાગ, સેવા, નીતિનિયમો પાળી ભગવાનમય બની જવું.

ગૃહસ્થાશ્રમ પાળવાના નીતિનિયમો પણ ખાસ ઉપયોગી છે. પોતાની પરણેતર સ્ત્રી ઋતુમતી થયા પછી છોકરી કે છોકરો મેળવવાની આકાંક્ષાવાળા પતિએ એકી બેકીના નિયમ પ્રમાણે જાતીય સંબંધ કરવો. એટલે કે સ્ત્રી ઋતુમતી થયા પછી પાંચમે, સાતમે, નવમે, અગિયારમે અને પંદરમે દિવસે એ રીતે મહિનામાં પાંચ જ દિવસ જાતીય સંબંધ કરવો અને છોકરાની ઇચ્છાવાળા દંપતીએ પત્ની ઋતુમતી થયા પછી બેકીવાળા દિવસે એટલે સ્ત્રી ઋતુમતી થયા પછી છ, આઠ, દશ, બાર અને સોળ એ રીતે મહિનામાં પાંચ જ દિવસ જાતીય સંબંધ કરવો. આ રીતે વર્તવાથી મન ઉપર સંયમ રાખી શકાય છે, શરીરમાં આરોગ્ય જળવાય છે અને સંસારમાં સ્વર્ગ ખડું કરી શકાય છે. ગર્ભાધાન થયા પછી ત્રીજા માસથી જાતીયસંબંધ બંધ કરવો જોઈએ અને બાળક અવતર્યા પછી બાર માસ સુધી જાતીયસંબંધ બંધ કરવો જોઈએ. આમાં જેટલો વધારે સંયમ પળાય તેટલો ફાયદો છે, અને શારીરિક સંપત્તિમાં ઘણા લાભો થાય છે. બ્રહ્મચર્યનું રક્ષણ કરવાથી સાહસ અને હિંમતવાળાં કામો કરી શકાય છે; અને તેથી ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એમ ચતુર્થ પુરુષાર્થ સાધી શકાય છે.

બ્રહ્મચર્યના નિયમની વિજયપતાકા સમું શ્રીમદ્ ભાગવતમાં એક સુંદર દૃષ્ટાંત છે. ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓને સ્વમુખે એક પરચો બતાવી આ વાતની સાબિતી કરાવી આપે છે. એક વાર જમુનાજીને સામે કાંઠે ઋષિ દુર્વાસાનો આશ્રમ છે. ઋષિને માટે ભોજનનો થાળ લઈ જવા ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણની સલાહ માગે છે; કારણ કે જમુનાજીમાં બે કાંઠે પૂર આવ્યું છે. ભગવાને ગોપીઓને કહ્યું, તમો જમુનાજીના કિનારે થાળ લઈને ઊભાં રહેજો અને કહેજો કે "જો કૃષ્ણ બાલબ્રહ્મચારી હોય તો જમુનામૈયા માર્ગ આપો" એટલે તમે જઈ શકશો. સાચેસાચ ગોપીઓએ આ કીમિયો અજમાવ્યો અને તુરત જ જમુનાએ ગોપીઓને જવાનો નદી વચ્ચે માર્ગ કરી આપ્યો. બન્ને બાજુ જમુનાનાં જળ સ્થંભી ગયાં. બધી ગોપીઓ સામે પાર થાળ લઈ ઋષિ દુર્વાસાના આશ્રમે પહોંચી ગઈ અને પોતપોતાના થાળ ધરાવ્યા અને જમુનાજી તો ગોપીઓના ગયા પછી હતાં તેમ વહેવા લાગ્યાં. દુર્વાસા મુનિ પણ ગોપીઓએ ધરાવેલા બધા થાળ આરોગી ગયા. ગોપીઓએ દુર્વાસાજીને કહ્યું કે, જમુનાજીમાં પૂર છે. એટલે હવે અમે કેવી રીતે પાછાં જઈશું? ઋષિએ પૂછ્યું: આવ્યાં કેવી રીતે? ગોપીઓએ કૃષ્ણ ભગવાન સંબંધી વાત કરી એટલે ઋષિ બોલ્યા: જમુનાજીને કહેજો કે 'દુર્વાસા મુનિ ઉપવાસી હોય તો હે જમુનામૈયા, માર્ગ આપો.' તે પ્રમાણે ગોપીઓએ કહ્યું અને તુરત માર્ગ થઈ ગયો.

ગોપીઓ હેમખેમ પોતપોતાનાં ઘેર ગઈ. શ્રદ્ધા અને નિષ્ઠાવાળો આ દાખલો બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમના નીતિનિયમોનો સચોટ પુરાવો આપે છે. શાસ્ત્રીય નીતિનિયમ શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક અડગ રીતે પાળનાર ગૃહસ્થાશ્રમી પણ બ્રહ્મચારી જેવો છે.

વીસમી સદીમાં પણ, આપણી નજર સમક્ષ, મહાત્મા ગાંધી જેવાએ પણ આ બ્રહ્મચર્યના નિયમો કડક રીતે પાળ્યા છે અને અકલ્પ્ય સિદ્ધિઓ મેળવી છે, એ આપણે આપણી નજરે જોયું ને અનુભવ્યું છે. પંડિત સાતવલેકર, સરદાર પટેલ અને લાલા કાકા જેવા તેમ જ સ્વામી શ્રી હંસદેવજી કે જેઓ ૧૨૫ વર્ષ જીવ્યા; આવા પુરુષો આપણી જાણમાં છે.

મને ૫–૩–૧૯૭૦ ના રોજ ચોર્યાસીમું વર્ષ પૂરું થઈ પંચ્યાસીમું વર્ષ બસશે. ઈશ્વરકૃપાથી ઉપરના નિયમો પાળવાથી આજ સુધી મેં મારી જિંદગીમાં કોઈ વખત પથારીવશ મંદવાડ ભોગવ્યો નથી. ચારિત્ર્યમય જીવન જીવવાનો પ્રયત્ન કર્યો છે, ને કરું છું અને તે પ્રમાણે સો વર્ષ જીવવાની ભાવના છે. પછી તો ઈશ્વરેચ્છા બલવાન છે.

*

# સંત-કવિઓની અમર વાણી

## હરિ તારી કળા અપરંપાર

હરિ તારી કળા અપરંપાર,
વહાલા એમાં પહોંચે નહિ વિચાર;
એવી તારી કળા અપરંપાર જી. (ધ્રુ૦)
હરિવર તું કયે હથોડે આવા ઘાટ ઘડનારજી,
બાળકને પ્રભુ માતાપિતાની આવે છે ક્યાંથી અણુસાર;
એવી તારી કળા અપરંપાર જી. (૧)
અણુમાં આખો વડ સંકેલ્યો એનાં મૂળ ઊંડાં મોરારજી;
કીડીમાં અંતર કેમ ઘડિયું, સૃષ્ટિના સર્જનહાર;
—એવી તારી૦ (૨)
જનમ આગળ દૂધ જુગતે કીધું તૈયારજી,
મોરનાં ઈંડાંમાં રંગ મોહન કેમ ભર્યા કિરતાર
—એવી તારી૦ (૩)
અણુઅણુમાં ઈશ્વર તારો ભાસે છે ભણકાર જી,
'કાગ' કહે કઠણાઈથી તોયે આવે નહિ ઈતબાર
—એવી તારી૦ (૪)

## મારી નાડ તમારે હાથે

મારી નાડ તમારે હાથે હરિ!
સંભાળજો રે,
મુજને પોતાનો જાણીને પ્રભુપદ
પાળજો રે. (ધ્રુવ)
પથ્યાપથ્ય નથી સમજાતું,
દુઃખ સદૈવ રહે ઊભરાતું;
મને હશે શું થાતું નાથ,
નિહાળજો રે. મારી૦ (૧)
અનાદિ આપ વૈદ્ય છો સાચા,
કોઈ ઉપાય વિષે નહિ કાચા;
દિવસ રહ્યા છે ટાંચા,
વેળા વાળજો રે. મારી૦ (૨)
વિશ્વેશ્વર શું હજી વિસારો,
બાજી હાથ છતાં કાં હારો?
મહા મૂંઝારો મારો નટવર,
ટાળજો રે. મારી૦ (૩)
"કેશવ" હરિ મારું શું થાશે,
ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે?
લાજ તમારી જાશે, ભૂધર!
ભાળજો રે. મારી૦ (૪)

## હરિધ્યાન હૃદયમાં ધરતો જા

હરિધ્યાન હૃદયમાં ધરતો જા,
સત્કર્મ ભાથું ભરતો જા,
ધીરે ધીરે આ માયામાંથી,
તું પ્યાર પ્રભુને કરતો જા.—હરિધ્યાન૦
એ ચોર્યાસીનો ભાર હરે,
વળી કાયાનું કલ્યાણ કરે,
પરલોકે સુખનું સ્થાન મળે,
એ જ્ઞાન કંઈક તો લેતો જા.—હરિધ્યાન૦
કોઈ આજ ગયા, કોઈ કાલ જશે,
જો જીવન પળમાં પૂર્ણ થશે,
પાછળથી પસ્તાવો કરશે,
અભિમાન ઊરથી હરતો જા.—હરિધ્યાન૦
આ વિશ્વપતિની વાડીમાં,
ખીલે છે ફૂલડાં રસભીનાં,
કોઈ આજ ખરે, કોઈ કાલ ખરે,
સુગંધ સાચી લેતો જા.—હરિધ્યાન૦
તને સુખમાં તો સૌ સાથી જડે,
પણ દુઃખમાં કોઈ ન આવી મળે,
સુખ-દુઃખનો બેલી શ્રી રણછોડ,
તું હૃદયથી એને રટતો જા.—હરિધ્યાન૦

## 'આશીર્વાદ'ના સ્નેહીઓને—
## ગ્રાહકોને, વાચકોને તથા પ્રતિનિધિ બંધુઓને—

આપ સૌના સહકારથી 'આશીર્વાદ' માસિક આવતા અંકે ત્રીજું વર્ષ પૂરું કરશે.

વિકારી રસોનું હલકું વાચન વિપુલ પ્રમાણમાં પ્રકાશિત થઈ રહ્યું છે તેવા હાલના સમયે લોકોમાં સાત્ત્વિકતા અને સંસ્કારનું રક્ષણ કરવાના ધ્યેયવાળા 'આશીર્વાદ'ને સહકાર આપીને આપ ઈશ્વરના આશીર્વાદને પાત્ર બની રહ્યા છો.

'આશીર્વાદ'નું પાંચ રૂપિયા લવાજમ એ એક કિલો તેલ કે બે કિલો ખાંડની જ કિંમત જેટલું છે.

સ્થૂલ શરીર કે જે અમુક વર્ષોએ નાશ પામવાનું છે, તેનાં ખાન-પાન, કપડાં વગેરે માટે આપણે ગમે તેટલું ખર્ચ કરીએ છીએ, પણ મન અથવા અન્તઃકરણના પ્રકાશ માટે અર્થાત્ આન્તરિક શરીરના પોષણ માટે કે જે પ્રકાશ આગળના જન્મોમાં પણ સાથે રહેવાનો છે, તેના માટે પણ સારું સાહિત્ય વાંચવા, વિચારવા અને વસાવવાનું આપણું કતર્વ્ય છે, તે ન ભૂલવું જોઈએ.

'આશીર્વાદ' માસિક પોતાની સામગ્રી ઉત્કૃષ્ટ બનાવવા માટે પોતાથી બને તેટલા પ્રયાસ કરી રહ્યું છે, આમ છતાં ફક્ત પાંચ રૂપિયા જેટલા ઓછા લવાજમવાળા અને ત્રણ જ વર્ષમાં ઊગીને ઊભા થયેલા આ માસિકને આપ સૌ પ્રેમીઓનો સહકાર અત્યંત જરૂરી છે.

લવાજમ ઓછું હોય અને ગ્રાહકો પણ ઓછા હોય તો હાલના બધી બાજુની મોંઘવારીવાળા આ સમયમાં નવા ઊગેલા માસિક માટે ટકવું ખૂબ જ મુશ્કેલ છે. આમ છતાં આપ સૌ પ્રેમીઓનો, સહૃદય સજ્જનોનો સહકાર મળતો રહ્યો છે, એને લીધે જ 'આશીર્વાદ' પોતાના માર્ગમાં ચાલી રહ્યું છે.

આમ છતાં 'આશીર્વાદ' કેવળ નભી શકે કે ચાલી શકે એટલું જ પૂરતું નથી. આશીર્વાદ વધુમાં વધુ અને ઉત્કૃષ્ટ સામગ્રી દર માસે આપને આપી શકે તેવી પણ અભિલાષા છે. અને આ કામ લવાજમમાં વધારો કર્યા વિના જ 'આશીર્વાદ' કરવા માગે છે. અને તે આપ સૌના સહકારથી ગ્રાહકો વધવાથી જ સિદ્ધ થઈ શકે.

'આશીર્વાદ'ના આ ધર્મકાર્યમાં અર્થાત્ ઉત્કૃષ્ટ અને અધિક વાચનસામગ્રી આપવાના ધ્યેયમાં 'આશીર્વાદ'ના પ્રત્યેક વાચકો અને ગ્રાહકો પોતાના કુટુંબ અને મિત્રવર્ગમાંથી ઓછામાં ઓછો જો એકેક ગ્રાહક વધારી આપે તો આ શુભ સાહિત્યનું 'આશીવાદ' વિશેષ પ્રગતિ કરી શકે. અને એનું શ્રેય ગ્રાહક વધારવામાં સહાયક થનાર આપ સૌને મળે છે.

ઉત્કૃષ્ટ સામગ્રી આપીને સારી રીતે પ્રગતિ કરવા માટે આ માસિકને હજુ વીસ હજાર ગ્રાહકોની જરૂર છે. સત્ સાહિત્યને મદદ કરનાર સહૃદય સજ્જનો અને સેવાભાવી પ્રતિનિધિ બંધુઓ 'આશીર્વાદ'ને પોતાનું અને આવા ભગવાનના માર્ગનું માસિક ગણી સહાય આપવા તત્પર થશે એવી આશા રાખીએ છીએ.

**'આશીર્વાદ'**નો હવે પછીનો અંક એ ચાલુ વર્ષનો છેલ્લો અંક હશે. જેમનાં લવાજમ પૂરાં થાય છે તે દરેક ભાઈઓ નવા વર્ષનું લવાજમ મોકલી આપશે તથા પોતાના તરફથી ઓછામાં ઓછો એકેક નવો ગ્રાહક વધારી આપશે એવી વિનંતિ છે.

નવા વર્ષના પ્રથમ અંક **માનવ-ધર્મ-કથા-અંક** માટે લવાજમ મોકલી આપી ગ્રાહક તરીકે આપનું નામ નોંધાવી દેશોજી

# લવાજમ ભરવા માટે 'આશીર્વાદ'ના સેવાભાવી પ્રતિનિધિઓ

## સ્થાનિક પ્રતિનિધિઓ

શ્રી અમુભાઈ શુકલ
પંકજ સોસાયટી, સરખેજ રોડ

શ્રી આશારામ બેચરદાસ ઠક્કર
પુનિત આશ્રમ પાસે, મણિનગર

શ્રી ઉમિયાશંકર શુકલ
૬૪, પંકજ સોસાયટી, સરખેજ રોડ

શ્રી અંબાલાલ મોહનલાલ ઠક્કર
દેસાઈની પોળ, ખાડિયા

શ્રી અંબાલાલ નારણદાસ પાસાવાલા
હજીરાની પોળ, રાયપુર

શ્રી ઉપેન્દ્રભાઈ ડી. મહેતા
૩૧, રામબાગ, મણિનગર

શ્રી કરશનજી જીવરાજ
મોતીવાલા એન્ડ કું.
ટીંકવા ચોકી, કાલુપુર

શ્રી કમળાશંકર નાગરદાસ મહેતા
ઉસ્માનપુરા

શ્રી કનુકાન્ત જીવણલાલ પરીખ
ચાર રસ્તા, મણિનગર

શ્રી કાન્તિલાલ મગનલાલ મહેતા
કલાબાગ સોસાયટી, મણિનગર

શ્રી કાન્તિલાલ શંકરલાલ શાહ
હાથીશાની પોળ, વાડીગામ
દરિયાપુર

શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ પટેલ
લીમડાપોળ, ગોમતીપુર

શ્રી કાન્તિલાલ બેચરદાસ પટેલ
ગરનાળાની પોળ, શાહપુર

શ્રી કાન્તિલાલ પરીખ
વેરાઈવાડા, ખાડિયા

શ્રી કાલિદાસ સેંધાભાઈ પંચાલ
કલ્યાણ નગર સોસાયટી,
શાહપુર દરવાજા બહાર

શ્રી કેશુભાઈ ભોગીલાલ પટેલ
નાની સાલવીવાડ, સરસપુર

શ્રી ઘનશ્યામચંદ્ર બદ્રીનાથ પંડયા
દોલતખાના, મોઢવાડો, સારંગપુર

શ્રી ગૌતમભાઈ બંસીલાલ ચોકસી
૧૦૮૨, દેવજી સરૈયાની પોળ,
સાંકડીશેરી

શ્રી ચંદુલાલ રાવલ
કાપડીવાડ, સારંગપુર

શ્રી ચીમનલાલ મંગળદાસ પંચ
ગાંધીરોડ, મોડલટોકીઝની બાજુમાં

શ્રી ચીમનલાલ ધનેશ્વર મહેતા
સદ્‌માતાની પોળ, શાહપુર

શ્રી ચીમનલાલ પાનાચંદની કું.
ઘી બજાર, કાલુપુર

શ્રી ચીમનલાલ હાસજીભાઈ પટેલ
વચલો વાસ, મીઠાખળી

શ્રી ડૉ. ગટુભાઈ વી. ભચેચ
સાંકડીશેરી, રાયપુર

શ્રી જીવનદાસ મદનગોપાલ દામાણી
લાલકુંજ ખાંચો, મણિનગર

શ્રી જયંતીલાલ બળદેવદાસ દવે
પંકજ સોસાયટી, સરખેજ રોડ

શ્રી જયંતીલાલ મણિલાલ રાવલ
સદ્‌માતાની પોળ, સાંકડીશેરી

શ્રી જેરામભાઈ નારણદાસ ઠક્કર
વેદમંદિર પાસે, કાંકરિયા

શ્રી ડી. બી. પટેલ
મામુનાયકની પોળ, કાલુપુર

શ્રી દેવેન્દ્રપ્રસાદ પુંજીલાલ મહેતા
વનમાળી વાંકાની પોળ, શાહપુર

શ્રી નટવરલાલ છગનલાલ માણેક
રાજામહેતાની પોળ, કાલુપુર

શ્રી નરેશચંદ્ર રામચંદ્ર ત્રિવેદી
ગુજરાત હાઉસિંગ કોલોની,
ન્યૂ મેન્ટલ પાછળ

શ્રી પ્રફુલ્લભાઈ અંતિકલાલ શાહ
દેવની શેરી, માંડવીની પોળ

શ્રી પ્રાણજીવનદાસ મહેતા
કાલુપુર, પાંચપટ્ટી

શ્રી પરમાણંદદાસ ડી. સોની
પુરાણિક નિવાસ, ચાર રસ્તા,
મણિનગર

શ્રી પ્રબોધ સી. મહેતા
લાખિયાની પોળ, ખાડિયા

શ્રી પરસોત્તમદાસ સી. મોદી
મોદી બ્રધર્સ, દિલ્હી ચકલા

શ્રી પરસોત્તમદાસ મણિલાલ શાહ
રઘનાથ બંબની પોળ, સાંકડીશેરી

શ્રી પૂનમચંદ જેઠાભાઈ પટેલ
ગોકુળનગર, આશ્રમ રોડ

શ્રી પાનાચંદ સોમચંદ
કાચવાડો, રાયપુર

શ્રી પુનિત સ્ટોર્સ
રાયપુર ચકલા

શ્રી પુષ્પાબહેન ર. ભટ્ટ
૩૯, શ્રી ગંગામૈયા હા. સો.
ખોખરા મહેમદાવાદ ૮

શ્રી બળદેવદાસ મણિલાલ શાહ
છીપાપોળ, દરિયાપુર

શ્રી બળવંતરાય ભટ્ટ, ભગવતકાર,
એલીસબ્રીજ

શ્રી બાબુભાઈ એ. પરીખ
ભાલકિયા બસ સ્ટેન્ડ પાસે,
મણિનગર

શ્રી બિપિનભાઈ મગનલાલ પરીખ
આંબાવાડી, એલિસબ્રિજ

શ્રી બી. ડી. જોષી
પી. ડબ્લ્યુ ડી ક્વાર્ટર્સ
નવરંગપુરા

શ્રી બંસીલાલ માધવલાલ રાવલ
ભાઉની પોળ, રાયપુર

શ્રી ભાલચંદ્ર દશરથલાલ બારોટ
૩૦૨ હરિપુરા, અસારવા

શ્રી ભાનુભાઈ આચાર્ય
પિનાકિન કો. ઓ. હા સો. પાલડી

શ્રી મુકુન્દરાય જે. જાની
પાવરહાઉસ, સાબરમતી

શ્રી મધુસૂદન પ્રાણલાલ ત્રિવેદી
જહાંપનાહની પોળ, કાલુપુર

શ્રી રમણિકલાલ લક્ષ્મીશંકર ભટ્ટ
જૂના મ્યુનિ. ક્વાર્ટર્સ, શાહપુર

શ્રી રમણલાલ મિસ્ત્રી
૧૦, વિજયપાર્ક, નવરંગપુરા

શ્રી રસિકલાલ બુલાખીદાસ નાણાવટી
વેરાતું ડહેલું, કપાસિયા બજાર

શ્રી રસિકલાલ સોમનાથ ભટ્ટ
સિટી સિવિલ કોર્ટ, ભદ્ર

શ્રી રવિશંકર ભાઈશંકર જાની
ખારીકૂઈ, ખોખરા મહેમદાવાદ

શ્રી રાજીભાઈ પટેલ
પરચેઝ ઓફિસર, મેલિકો મિલ્સ

શ્રી લગીચંદ પૂજાલાલ શેઠ
સાળવીની પોળ, રખડ

શ્રી વાસુદેવ ઉમેદરામ રાવલ
ગુજરાત હાઉસિંગ બોર્ડ
ખોખરા મહેમદાવાદ

શ્રી વાસુદેવ જગજીવનદાસ પટેલ
૧૫૩૩, મામુનાયકનીપોળ, કાલુપુર

શ્રી વિશ્નુભાઈ પાઠક
ભાઉની પોળ, રાયપુર

શ્રી વ્રજલાલ સોમનાથ પટેલ
નાની સાળવીવાડ, સરસપુર

શ્રી સારાભાઈ હીરાલાલ શાહ
દેવજી સરૈયાની પોળ, સાંકડીશેરી

શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ
દૂધવાળી પોળ, ધીકાંટા

શ્રી સનતભાઈ એસ. ત્રિવેદી
સત્તર તાલુકા સોસાયટી

શ્રી શાન્તિલાલભાઈ
C/o ઓમ્બે મોટર સ્ટોર્સ
કપાસિયા બજાર

શ્રી શિવાનંદ એમ્પોરિયમ
રાયપુર ચકલા

શ્રી શિવાભાઈ ગોકુળભાઈ પટેલ
C/o નવરંગ પેન ડેપો, માણેકચોક

શ્રી શ્યામસુંદર પૂંજીરામ પંડ્યા
દોલતખાના, સારંગપુર

શ્રી હીરાલાલ સોમનાથ પટેલ
મોટીહમામ, ધીકાંટા

શ્રી હિંમતલાલ હીરાલાલ વ્યાસ
કૃષ્ણબાગ પાસે, મણિનગર

શ્રી સુમતિલાલ હીરાલાલ શાહ
વેરાઈચાડા ખાડયા, ચાર રસ્તા

શ્રી રમેશભાઈ ચીનનલાલ
શાહપુર, સદમાતાની પોળ

શ્રી જિતેન્દ્ર હિંમતલાલ દવે
૧૧૪૦/ આકાશેઠકૂવાની પોળ,
રાયપુર

શ્રી લાલજીભાઈ છોટાલાલ પટેલ
સેન્ટ્રલ મોટર સાઇકલ કું.
ખાનપુરરોડ

## બહારગામના પ્રતિનિધિઓ

**અતુલ (વલસાડ)**
શ્રી દામજીભાઈ એન્ડ બ્રધર્સ

**આણંદ**
શ્રી બિપિનભાઈ ભટ્ટ, વ્યાસ ફળિયા

**અંકલેશ્વર**
શ્રી બી. કે. પંચોલી ધાંચીવાડ

શ્રી મગનલાલ આર. પટેલ
મેત્રાડા ફળિયું

શ્રી જનાર્દન એસ. વ્યાસ
દેસાઈ ફળિયું

**ઉધના**
શ્રી મગનલાલ કુંવરજી નાયક
દેસાઈ ફળિયું

**ઉમરેઠ**
શ્રી સોમાભાઈ રણછોડભાઈ પટેલ

**એરણુ (પ્રાંતિજ)**
શ્રી અમૃત ભગત

**ઊંઝા**
શ્રી બિપિનભાઈ આઈ રાવલ
સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

શ્રી રેવાભાઈ જે. વકીલ, ગાંધીચોક

**કરમેલિયા**
શ્રી રમણીકલાલ ઉપાધ્યાય

**કરજણ (વડોદરા)**
શ્રી કિશોરભાઈ એસ. મહેતા

**કટક (ઓરિસા)**
શ્રી આમુલાલ વીરજી હિન્ડોચા

**કલકત્તા**
શ્રી દ્વારકાદાસ મણિલાલ શાહ
૫૫/૧૦૪, ફ્રેનિંગ સ્ટ્રીટ

શ્રી શશિકાન્ત આઈ ચાહવાલા
આઈ. સી. સી. ટી. કું.
૫૯, કોટન સ્ટ્રીટ

શ્રી મહેતા ટ્રેડિંગ એજન્સી
રાધા બજાર સ્ટ્રીટ

**કુંભાસણ**
શ્રી નાનાભાઈ એમ. દવે
દવે હાઉસ

**કલોલ**
શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી

શ્રી જયંતીલાલ શંકરલાલ શાહ

**કોડાય (કચ્છ)**
શ્રી મેઘજી પુનશી
શ્રી પ્રેમજી વીરજી

**કુંડેલા (વડોદરા)**
શ્રી હરિશ્ચંદ્ર બકોરભાઈ પંડ્યા

**કોશન્દ્રા (વડોદરા)**
શ્રી રમેશભાઈ એમ ભગત

**ખડગપુર**
શ્રી રતનશી વાઘજી પોપટ
C/o ઓમ્બે ફોટો સ્ટોર્સ

**ખંભાત**
શ્રી રણછોડલાલ છોટાલાલ પરીખ
ત્રણ દરવાજા

શ્રી ઠાકોરભાઈ પંડ્યા, અલીમ ચકલા

**ખેડબ્રહ્મા**
શ્રી ભાઈશંકર ત્રિવેદી
માતાજીનું મંદિર

**ગડા (સ્વામીના)**
શ્રી વસનજી જે. પંજવાણી
ન્યુઝપેપર એજન્ટ

**ગણદેવી**
શ્રી છગનલાલ ગંડાલાલ ભટ્ટ
દવે મહોલ્લો

શ્રી મનસુખલાલ મગનલાલ વૈદ
પંડ્યા મહોલ્લો

**ગોંડલ**
શ્રી કાન્તિલાલ છગનલાલ શેઠ
નાની બજાર

**ગોધરા**
શ્રી રતિલાલ દ્વારકાદાસ દેસાઈ
પરભાશેઠ

**ચોટીલા**
શ્રી પુષ્પરરાય કે. ત્રિવેદી

**જણુગામ**
શ્રી લક્ષ્મીપ્રસાદ ટી. પંડિત

શ્રી વિઠ્ઠલદાસ સી. બક્ષી

**જમશેદપુર**
શ્રી ધનજીભાઈ ગંગારામ પાઠક

શ્રી મેનાબહેન મણિલાલ વસાણી
નાનજી ગોવિંદજી ક્વાર્ટર્સ

શ્રી સી. જે. પટેલ
C/o ઓઝા એન્ડ કું.

શ્રી જી. આર. ચાવડા

શ્રી છગનલાલ કે. પંડ્યા
ન્યુ રામદાસ બિલ્ડીંગ
કોન્ટ્રાક્ટર્સ એરિયા

**જંબુસર**
શ્રી જયંતીલાલ છોટાલાલ ચોકસી
હસીખુશી સ્ટોર્સ

**જામખંભાળિયા**
શ્રી સુંદરજી રૂઘનાથ બારાઈ
દૂધ ચકલો

**જામનગર**
શ્રી પરાગ પી. મણિયાર
નાગેરી ફળી

**ઝઘડિયા (ભરૂચ)**
શ્રી દોલતકૃષ્ણ રણછોડજી શાહ

**ઝરિયા (ધનબાદ)**
શ્રી શાસ્ત્રી પ્રાણશંકર રાવલ
કાલિદાસ જશરાજ બિલ્ડિંગ

શ્રી એસ. એલ. માણેક એન્ડ કું.

**લાલી (મહેમદાવાદ)**
હર્ષદ આર. વ્યાસ

**સાણંદ**
શ્રી કિરીટકુમાર પુરુષોત્તમદાસ શાહ
કેરોસીનવાલા

**સિદ્ધપુર**
શાહ વા. બી.
C/o. એસ. બી. વાણિયા
ઠે. અચલાપુરા

શ્રી મૂળશંકર રવિશંકર રાવલ
વેદવાડો

શ્રી પિનાકિન દેવશંકર રાવલ
ખિલાતવાડો